णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहु माणो

# ગુરુદેવ-૨

## વૈરાગ્યદેશનાદક્ષ પ.પૂ. હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના

## ગુણાનુવાદ પ્રવચન ધારા

= પ્રવચનકાર ગુરૂ ભગવંતો =

પ. પૂ. પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ શ્રી રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજા

પ.પૂ. આ. દે. શ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજા

પ.પૂ. આ. દે. શ્રીમદ્વિજય ધર્મયશસૂરીશ્વરજી મહારાજા

પ.પૂ. મુનિરાજ શ્રી ધરણેન્દ્રવલ્લભવિજયજી મ.સા.

પ.પૂ. મુનિરાજ શ્રી શુક્લધ્યાનવિજયજી મ.સા.

પ.પૂ. મુનિરાજ શ્રી રાજસુંદરવિજયજી મ.સા.

પ.પૂ. મુનિરાજ શ્રી જ્ઞાનહંસવિજયજી મ.સા.

પ.પૂ. મુનિરાજ શ્રી ધનંજયવિજયજી મ.સા.

પ્રિયમ્

= અવતરણ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ – **94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com**

સંવત ૨૦૭૭

# "પ્રથમ"

{પંચતત્ત્વમય સદ્ગુરુ}

DATE 05 09 2021

પરમ પાવન પર્યુષણ મહાપર્વનો આજે ત્રીજો દિવસ, ચૌદસ નો દિવસ, અને ગુરુદેવની આજે જન્મ દિવસ, અમારા ગુરુદેવ છે માટે નહિ, પણ આજે ભાવના-જાગી થાય, આજે જેમના આલંબને, આજના પરમ-પાવન દિવસે,

## સદ્ગુરુ તત્વની નજીક જવાનો પ્રયાસ કરીએ !

સદ્ગુરુ નો અહેસાસ, સદ્ગુરુ ની પ્રતિતી, સદ્ગુરુનો-સાક્ષાત્કાર, સદ્ગુરુ ના ગુણો, સદ્ગુરુની અસ્મિતા, સદ્ગુરુનો આદર્શ, સદ્ગુરુનું જીવણ, આની-અનુભૂતિ કરવાનો પ્રયાસ. આજે ગુરુદેવના માધ્યમે કરવો છે.

દ્રશ્યમાન વિશ્વ, પાંચ મહાભુતમાં વિભાજીત હોય છે. આપણે કંઈ ને કંઈ મેળવીએ છીએ, એ-પાંચ મહાભુતમાંથી હોય છે. યા એ પૃથ્વી હોય છે, પાણી હોય છે, અગ્નિ હોય છે, વાયુ હોય છે, આકાશ હોય છે, આજે ગુરુદેવની વાત, આ જ પાંચ મહાભુત-ના આલંબને કરવાની ભાવના છે.

પહેલા નંબરનું મહાભુત છે પૃથ્વી, અને પૃથ્વી જેવા સદ્ગુરુ હોય છે, સદ્ગુરુ પૃથ્વી તત્વ સમાન હોય છે. પૃથ્વી માટે આગમમાં બહુ સ્પષ્ટ શબ્દો કહ્યા,

પુઢવી વ સવ્વસહે ।

આખા વિશ્વની અંદર સહનશીલતા ની કોઈ પરાકાષ્ઠા હોય તો એ પૃથ્વી હોય છે તે માટે સદ્ગુરુને પૃથ્વીની ઉપમા આપવામાં આવી, જેમ પૃથ્વી બધું જ સહન કરી લે, ગમે તેટલો ભાર હોય, પૃથ્વી સહન કરી લે, ગમે તેટલું કોઈ ખોદે, ખણે, બાળે, મોટા-મોટા

ટોપલો એના ઉપર ખડકો છે, ગમે તેવી ચેષ્ટા કરે,
પૃથ્વી જેમ બધું જ સહન કરી લે, એમ સાધુ-
બધું જ સહન કરી લે. તમારો પ્રશ્ન હોય છે કે
સાહેબ સહન તો અમારે કરવું પડે છે, તમારે તો
શું સહન કરવાનું, બરાબર તમારે આમ બેસવાનું,
વંદનો લેવાના, વાસક્ષેપ નાખવાના, સ્વામી શાતા છે-
જી, સાંભળવાનું, હું તમને કહું છું જેમનું પદ-
જેટલું ઉંચું હોય એટલા અપમાન થાય, અવગણના
થાય, જો વધારે ઉંચા લાગે. તમારે સહન કરવું-
હજુ કદાચ સહેલું છે, તમારું કોઈ STATUS નથી,

સદ્ગુરુનું જે STATUS, એમનું જે
ગુરુપદ, એમના જે ગુણો, એમના જે મહાવ્રતો,
એમનો જે શિષ્ય પરિવાર, એમનો જે ભક્ત-
પરિવાર, એમનો મોટો અનુયાયી વર્ગ, એમની
પોતાની અસ્મિતા, એમનું જ્ઞાન વગેરે, એમનો-
શાસ્ત્રબોધ વગેરે, અને આ બધાના કારણે એ-
સહનશીલતા ના હોય, તો

સદ્ગુરુ માટે સહન કરવું વધારે અઘરું બની જાય છે!

ગુરુદેવની તમને વાત કરું, વરસો ના વરસો પહેલાની
વાત, મુંબઈના એક સંઘની અંદર ગુરુદેવ-
બિરાજમાન હતા, સંઘ ઉપર અનેકાનેક ઉપકાર,
સંઘને આગળ લાવવામાં, સંઘની આબાદીમાં, સંઘને
આગળ લાવવામાં, સંઘ બધી જ રીતે સમૃદ્ધ થયો,
બાહ્ય થી પણ, અને આભ્યંતરથી પણ, બધામાં
ગુરુદેવનું જબરદસ્ત યોગદાન. કોઈક શાસનના
કારણસર, ગુરુદેવે એ સંઘના ટ્રસ્ટી ને પ્રેરણા
કરી, કે આ જગ્યાએ બે હજાર રૂપિયા આપવાના.

જે પણ કારણ હશે, સ્વભાવ એવો હશે, પ્રકૃતિ એવી
હશે, કૃતઘ્નતા નહિ હોય, જે મુખ્ય ત્યાં કામ-
કરનાર ટ્રસ્ટી હતા, એ વચનને જે જવાબ આપવો-
હતો એ તો આપી દીધો. પણ બે હજાર-
રૂપિયા માટે થઈને ગુરુદેવનું માન્યું નહિ. બની
શકે, સંસાર છે, કોઈપણ ઘટના બની શકે, તમારો
સગો દીકરો તમને જીભ આપે, હું કહું છું,
આશ્ચર્યચકિત નહિ થતા, આ સંસાર છે !

બહુ બધુ હવે છે, સંઘ ઉપર-
અનેકાનેક ઉપકારો કર્યા, સંઘ ઉપર મન મુકીને-
વરસ્યા, છાતી ના પાટિયાં બેસી ગય એ રીતે સંઘને
પ્રવચનો આપ્યા, સંઘમાં જ્યાં જ્યાં ખોટ હતી,
ખાડો હતો, જરૂર હતી એ બધી જ જરૂર પુરી કરાવી
એટલું નહિ, આરાધના ની અંદર ભરતી લાવી,
આરાધકો ની અંદર ભરતી લાવી, સંઘ ની-
BANK BALANCE ઉપર લાવી દીધી, બધુ જ સંઘનું
સારું કર્યા પછી, ન છુટકે શાસન કોઈ કારણસર,
કાર્ય સર, કંઈક જરૂરી કાર્ય માટે, ગુરુદેવે આંગળી
ચીંધણું કર્યું છે ને, સંઘે અવગણના કરી છે ને
ગુરુદેવને ઘણો આઘાત લાગ્યો છે.

મારે તમને સહનશીલતા ની વાત કરવી છે !

પૈસા આપવા જોઈએ, આમ આપવા, તેમ આપવા,
એ મુદ્દો જ નથી. મારે તમને સહનશીલતા ની-
વાત કરવી છે. શાસ્ત્રો ના પોથે પોથા ભણી જવા-
સહેલા છે, તપસ્યાઓ મોટી મોટી કરવી સહેલી છે,
ધર્મના નામે મોટા- મોટા કાર્યો કરવા, પ્રવચનો
જબરદસ્ત આપવા, સહેલા છે. હું તમને કહું છું,

DATE

આટલું ઊંચું પદ પામ્યા પછી, નાની બાળક ક્યારેક-
આપણું અપમાન કરી જાય, આપણું સ્વીકારે નહિ,
હાથ ઊંચા કરી દે વિના કારણે, અને એ સમયે
સમાધિ ટકાવી રાખવી, સમભાવ ટકાવી રાખવો, બહુ
અઘરો છે, ગુરુદેવે વિચાર્યું, સહન મારે કરવું છે,
સમભાવ મારે રાખવો છે, સહનશીલતા મારે ટકાવી
રાખવાની છે, મારી પરિણતિ મારે ચુકવાની નથી,
આ સંઘ, આ ટ્રસ્ટી, આ લોકો ઉપર આટલા ઉપકારો
હોવા છતા, મારા ઉપકાર હોવા છતા, સમુદાયના -
ઉપકાર હોવા છતા, ગુરુ મહારાજના ઉપકાર હોવા -
છતા, આવી રીતે વર્તન કરે તો આ લોકોને -
પાઠ તો ભણાવવો જ જોઈએ.

મારી અવગણના કરી છે, મને કદાચ
આ રીતે જવાબ આપી દે પણ, ગુરુદેવને તો ન જ
આપી શકે, ચોમાસા મળવાના બંધ થઈ જાય, કદાચ
ઠપકો મળે, કદાચ SEAT ઉપરથી ઉઠવાની જવું પડે
એટલી ગુરુદેવની પાસે સત્તા છે, એટલું ગુરુદેવ પાસે
સામર્થ્ય છે, ગુરુદેવને હું ફરિયાદ કરી દઉં, -
ફક્ત એટલી વાત કરી દઉં કે ગુરુદેવ, આ લોકોએ
આવી રીતે કર્યું છે ને, ગુરુદેવ એ લોકોને -
ખખડાવી નાખવાના, દાદા ગુરુદેવ ભુવનભાનુસૂરીશ્વરજી
એમને મારે આ ફરિયાદ કરવી જોઈએ, આટલો -
વિચાર આવ્યો છે, વિચાર તો હજુ અમલમાં મુક્યો
નથી, વિચાર ને અમલ માં મુકે એની પહેલા ગુરુદેવને
બીજો વિચાર આવ્યો, વાત બધી સાચી, સંઘની
ભુલ છે, ટ્રસ્ટીઓની ભુલ છે, એ લોકોએ અવિનય
કર્યો છે, આશાતના કરી છે, અનઔચિત્ય કર્યું છે,
કૃતઘ્નતા કરી છે, મારા ઉપકારો લીધા પછી આટલી
નાની વાત માટે અવગણના કરી છે, પણ આ બધું હું

કરવા જઉં, ઠપકો પણ ખવાયું, ઠપકો એ મળવાનો, માફી એ લોકોએ માંગવી પડવાની, આટલું નહિ - ગજાથી વધારે કામ કરવું પડવાનું, આ બધું કરવા જતા

## મારા અંદરના કષાયો છે એ પોષાય રહ્યા છે !

અંતરના કોઈક ખૂણે એવો ભાવ ઉઠી રહ્યો છે જતાવી દઉં - આ લોકોને, આ ભાવ મારો ખોટો છે. આ મારો - કષાય છે, અભિમાન છે, આ અહંકાર છે, અને આમાં

## મારા આત્માનું બગડે છે !

આવા કોઈ પાઠ મારે ભણાવવા નથી !

હું તમને કહું છું, ઉપસ્થતા છે, કર્મ છે, સંસાર છે, કંઈ મોક્ષ આપણો થયો નથી, કદાચ કોઈ ને કોઈ રીતે આપણને સહન કરવું પડશે, તો વધારે - સહન નજીકની વ્યક્તિઓથી કરવું પડતું હોય છે, એથી વધારે સહન ઘરની વ્યક્તિથી કરવું પડતું હોય છે.

## * સહન કરવામાં મજા છે ! *

## સહન કરવામાં આત્માનું હિત છે !

સામનો કરવામાં કર્મ બંધ છે, વેરના અનુબંધ છે, ભવનો અનુબંધ છે, ભવભ્રમણ છે, દુર્ગતિ છે, રાગ-દ્વેષ છે, કષાયો છે, આત્મા ભવે ભવે દુઃખી થાય, એવું ફળ આપણને સહન ન કરવાના કારણે મળવાનું છે. તો,

## સહન શા માટે ના કરવું !

એક બેનના ઘરે ઘંટડી વાગી છે, ઘરે સખી મળવા માટે આવી છે, અને આલકમલક ની વાતો કરી રહ્યા છે, તો સખીથી ભુલથી પુછાય જાય છે, કે તમારા ઘરે નવી વહુ આવી છે, એનું કેમ ચાલે છે ? સાસુ ને વહુ માટે પ્રશ્ન પુછવામાં આવ્યો છે ને સાસુ તો એવા ઉછળી-પડ્યા, વાત ના કરો એની, સખી વિચારી રહી ગઈ કે-ક્યાં આ પ્રશ્ન પુછાય ગયો. સાસુ નું હવે અટન-હબાઈ ગયું છે, તથી એની કોઈ વાત કરવા જેવી, એનો પાડી છે પાડી, હું તમને પુછુ આપણા મોઢામાં શબ્દો કેવા હોય જીભ માટે ? આપણા વિચાર કેવા હોય ? જે સાથે મોંઢે આપણને સાચવવાના છે, છેલ્લા શ્વાસ-સુધી જે સમાધિ આપવાના છે, આપણને પણ શાંતિ-અપાવવાના છે, જેમના ભરોસે ભવિષ્ય છે, એમને આપણે ગમે તેવા શબ્દો થી નવાજુએ, જે પોતાના પગ ઉપર કુહાડો મારવા જેવો છે, હું તમને કહું કે,

## ધર્મની વાત તો ઘણી દૂર છે,

મોક્ષની, આત્માની, કર્મ નિર્જરાની, સાધનાની, સહનશીલતાની વાત દૂર છે. આપણે આ ભવનું, ભવિષ્યનું પણ ના વિચારી શકીએ તો આપણા જેવા મુર્ખા જીભ કોઈ જ નથી. ક્યા શબ્દો આપણા મોંઢા ની અંદર હોય એનો આપણને-વિચાર આવવો જોઈએ, પાડી છે, પેલા સખીતો આમ સ્તબ્ધ થઈ ગયા, ક્યાં આ ભુલ થઈ ગઈ. સવારે-સાડા સાત- આઠ સુધી ઉઠવાનું નામ નથી લેતી, મોડ-મોડ ઉઠે, અને સીધી DINNING- TABLE પર બેસી જાય, ભાણે ભુખડી બારસ હોય. રસોડામાં પગ મુકવાનું તો નામ નહિ આ તો ઠીક છે, નોકર-ચાકરો છે તો કામ બધુ થઈ જાય છે, અડધો- કલાક પોણો કલાક સુધી એનો નાસ્તો ચાલે, અપચ્યા કરે ...

જપ્યા કરે... જપ્યા કરે... અને પછી સીધી જાય-
ન્હાવા, ગઈ ભેંસ પાણીમાં ! કલાક સુધી એનું-
ન્હાવાનું ચાલ્યા કરે.. ચાલ્યા કરે.. ચાલ્યા કરે...
માંડ બહાર નીકળે ને સજધજ ને ઉપડી જાય દહેરાસર,
ભાગે જાણે મોટી ભગવાનની ભક્તાણી હોય ને, કલાક
દોઢ કલાક સુધી એની ભક્તિ ચાલ્યા કરે.. ચાલ્યા કરે..
ચાલ્યા કરે.. ચાલ્યા કરે ને માંડ પાછી આવે, ને સીધી
બેસી જાય DINNING TABLE ઉપર, કંઈ રસોઈ-
કે ઘરનું કામ કરવાનું નહિ, ખાધે રાખે.. ખાધે રાખે..
ખાધે રાખે.. ખાય ને સીધી જાય એના BED ROOM-
માં, ને સૂઈ જાય.. એવી સૂવે.. એવી સૂવે... બે-
બે કલાક સુધી ઉઠવાનું નામ નહિ, પછી તો સાંજ
પડે ને ચા પીવે ને છાપા વાંચે ને ફરવા નીકળી પડે-
ભાગે VICTORIA ની સવારી નીકળી, પાછી ઘરે-
દહેરાસરે જઈને આવે, ભાગે ભગવાન એની રાહ જોતા-
હોય, આવશે ને જમશે ને T.V. જોશે ને સૂઈ જશે,
ખાધા ભેગા ખારલો ને સુતા ભેગી સવાર, મારા તો
કેવા.. કેવા.. કેવા.. પાપ ઉદયમાં આવ્યા, કે આવી
હેડંબા જેવી મને વહુ મળી છે, ને સજીને પૂછ્યું કે-
બહુ મોટી ભૂલ થઈ ગઈ, હવે આપણે છે ને આ-
બાજુ સુધારી લેવી જોઈએ ને, સજી એ ધીમે રહીને-
પૂછ્યું એની વાત જવા દો ને તમારી દીકરી સાસરે-
ગઈ છે, એનું કેમ ચાલે છે ?

એને સાસુમા તો કહે ઓ.. હો.. હો...
હવે સાસુ નથી, હવે કોણ છે ?, શું વાત કરું મારી
દીકરીની, એવી પુણ્યવંતી, એને એવું સાસરું મળ્યું છે
કે ત્યાં તો કેટલા નોકર-ચાકરો છે, એને કામ જ કરવું
પડતું નથી, એ નિરાંતે સાડા સાત વાગે ઉઠે, એના
માટે નાસ્તો તૈયાર જ હોય, બહુ પ્રેમથી શાંતિથી એ

નાસ્તો કરી લે, અડધો-પોણો કલાકમાં નાસ્તો એ
થઈ જાય, પછી એ સ્નાન કરીલે કલાકમાં તો સ્નાન
એ સરસ થઈ જાય. અને પછી એ દેરાસરે જાય.
ભગવાન વગરતો એને ચાલે જ નહિ, ભગવાન તો-
એના અંતરમાં વસ્યા છે, સરસ મજાની ભક્તિ,
દોઢ કલાક સુધી એ દેરાસરની બહાર નીકળી ન-
શકે એવી ભક્તિમાં લીન થઈ જાય. એ પાછી ઘરે
આવે કપડા બદલે, જમવાનું તૈયાર જ હોય, શાંતિથી
એ જમી લે, અને પછી જરા શરીરને આરામ કરવા-
ની જોઈએ ને, અને વધારે નહિ એ બે-અઢી કલાક-
જ આરામ કરે, અને પછી ઉઠે એટલે ચા તૈયાર-
હોય, થોડી દુનિયાની જાણકારી પણ રાખવી જોઈએ કે
નહિ, એટલે જરા છાપા પણ વાંચી લે, EVENING-
WALK કરવા પણ એ નિયમિત જાય એનાથી એનું-
સ્વાસ્થ્ય બહુ સારુ રહે, ને પાછી એમ ની એમ-
ઘરે સીધી ના આવે, દેરાસરે દર્શને જ આવે,
ભગવાનતો એના અંતરમાં વસ્યા છે, પરિવાર સાથે
શાંતિથી જમે, T.V. માં થોડા મનોરંજનના કાર્યક્રમો
જોવે, અને શાંતિથી પછી એ સુઈ જાય. ક્યાં મારી
આ દેવી જેવી દીકરી, ને ક્યાં આ હિડંબા જેવી વહુ.
હું તમને કહું છું, આપણો સતત પ્રશ્ન હોય છે,
દીકરી માટે આવું, વહુ માટે આવું નહિ, એને તમે-
બીજી રીતે જોવો છો, નણંદને આ રીતે જુઓ છો,
દીકરીને આ રીતે જોવો છો, મને આ રીતે જુઓ
છો, મારે જ અન્યાય સહન કરવાના, મને આમ જ
કરો છો, આ ખોટું કર્યું, પેલું ખોટું કર્યું, ફલાણું-
ખોટું કર્યું, ઢીકણું ખોટું કર્યું, સુધર્મા સ્વામી ભગવાન
સુત્ર કૃતાંગ આગમની અંદર જવાબ આપે છે,

उदीण्णकम्माण उदीण्णकम्मा ।

એક બાજુએ સાસુના એવા કર્મોનો ઉદય છે, હવે એમને

એવું જ દેખાય છે, બીજુ બાજુ વહુ ના એવા કર્મોના ઉદય છે, જેથી એમને બાપુ સહન કરવું પડે છે. તમારા જે ઉદયો છે એને તમે સહન કરી લો. એક બહુ સારુ થયું કે આપણે સમજણમાં સહન કરી શકીએ છીએ, બહુ સારુ થયું કે જિનશાસન મળ્યું છે ને દુઃખી આવ્યા છે, ન મળ્યું હોત તો આ સમજણ ન હોત, આ જિનવાણી ના હોત, આપણને આ બધું મળ્યું, પણ કર્મો બાંધી ને ઉપરથી કષાયો કરીને, ભારે થઈ ને અનેક ગણા દુઃખોને આમંત્રણ આપત, એના બદલે આપણે આ રીડ્સ કરી શકીએ છીએ, કર્મો ને ખપાવી શકીએ છીએ, સાઈકલ પુરી થઈ જાય. આપણે જ બાંધેલા કર્મો કોઈ ભવમાં સાસુ થઈને, કસાઈ થઈ ને, માછીમાર થઈને, કોઈ ભવમાં નિષ્ઠુર માણસ થઈ ને, કોઈ હિંસક પશુ થઈને, આપણે જ બાંધેલા કર્મો, જે આપણે ભોગવતા હોઈએ છીએ, બાકી વ્યક્તિ માત્ર નિમિત્ત હોય છે.

ગુરુદેવની અંદર આ સમજણ હતી, આપણને લાગે કે આટલા પુણ્યશાળી, આટલા મોટા આચાર્ય ભગવંત, પંચાવન શિષ્યો, હું તમને કહું છું, ભગવાન જેવા ભગવાનને પણ એ સહન કરવું પડ્યું હોય તો, જે કાંટાળો તાજ હોય છે એ ગુરુપદ, એ ગચ્છાધિપતિ પદ, એક આચાર્ય પદ, એક વડિલ પદ, એક અગ્રણી પદ, જે ખમી જાય, જે ભુલી જાય, જે સહન કરી જાણે, જે ભુલી જાણે, એ જ મોટા થઈ શકે. પૃથ્વી તત્વ ની આગળ, અનેકાનેક તત્વોની વાતો છે. ગુરુદેવના પહેલા તત્વની આપણે વાત કરી પૃથ્વી તત્વ. સાસુ-વહુની ઘટનાની તમને વાત કરી, બહુ પ્રેમથી તમને કહું છું. જે ભોગવે એની ભુલ.

તમે કહો મારો કોઈ દોષ નથી, મેં કાંઈ કર્યું નથી, મારો કોઈ ગુનો નથી તો એ મારે શા માટે સહન-કરવાનું, તમે સમજી લો કે આપણને દુઃખ આવ્યું. એ જ બતાડે છે કે આપણે કર્મ બાંધ્યું હતું. આપણે કોઈને હેરાન કર્યા છે, કોઈના મર્મ ભેદ કર્યા છે, કોઈને મેણા-ટોણા માર્યા છે, કોઈની ખુશી-લીધી છે, કોઈને પીડા કરી છે, કોઈને દબાવ્યા-છે, કોઈને હેરાન પરેશાન કર્યા છે, અને જે કર્મ બાંધ્યું. કદાચ આ ભવની અંદર નથી બાંધ્યું, કદાચ પૂર્વ ભવની અંદર બાંધ્યું, અને એ ઉદયમાં-આવ્યું.

ગુરુદેવની વિદાયની ચાર દિવસ પહેલાની ઘટના, ગુરુદેવના અત્યંત અંગત શ્રાવક, ગુરુદેવની પાસે બેઠા છે, બીજા બે-ચાર જણ હતા. એમણે-વિદાય લીધી ને, ગુરુદેવે કહ્યું કે આ દરવાજાની જયણા કરો ને શ્રાવકે દરવાજાની જયણા કરી. અઠવાડિયા-પહેલા એ શ્રાવક મારી પાસે મુંબઈથી આવ્યા ને મને એ દિવસની વાત કરી. ગુરુદેવે દરવાજાની જયણા કરાવી અને હું ગુરુદેવ પાસે બેઠો છું, ગુરુદેવ છે ને હું છું. ગુરુદેવ દરિયા હતા એમના જીવનનો અર્ક, જીવનનો-સાર, મને એકાદ વાક્યમાં આપી દે, અને ગુરુદેવે-મને આટલું જ કહ્યું,

## •• ખૂબ સહન કરો ! ••

શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

જો સહઈ તસ્સ ધમ્મો,

જે સહન કરે તે ધર્મી છે, શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

મનથી બિલકુલ કલુષિત થયા વગર, દીનતા લાવ્યા-વગર, ગુસ્સો લાવ્યા વગર, ઓછું લાવ્યા વગર, ખોટું લગાડ્યા વગર, તમે સહન કરો, તમારા આત્મા-નું એકાંતે હિત છે, શાસ્ત્રકાર ભગવંતો કહે છે.

સાહુ સહ સવ્વં ।

આ સંયમ જીવન સહન કરવા માટે છે, તપસ્યા સહન કરવા માટે છે, હું તમને કહું છું, તમારો કોઈ વાંક-ગુનો ન હોવા છતા, જ્યારે તમે સહન કરો છો, કોઈના શબ્દો સહન કરી લો, કોઈનું વર્તન સહન કરી લો, કોઈના વ્યવહાર સહન કરી લો, કોઈએ રૂપિયા દબાવ્યા, નુકશાન થઈ ગયો, હું કહું છું, ઉઘરાણી તમારે કરવી પડે, એમાં હવે કદાચ તમને રકમ મળે, તમે કષાય કરો આમાં તમને કોઈ જ રકમ ન મળે, શાસ્ત્રકાર ભગવંતો એ કહ્યું, કોઈએ રૂપિયા દબાવી દીધા, કોઈ રીતે એ દેતો નથી-આપવા દઈ શકે એમ નથી, એને કહીને છુટા-થઈ જવું તો દઈ શકે એમ હોય તો દેજે, નહિંતો આ પૈસા મારા ધર્માદા ખાતે ધારજો, કષાય ના કરતા, રાગદ્વેષ ના કરતા, પૈસા જ્યાં ને ત્યાં રહી જશે ને રાગદ્વેષ ભવોભવ સાથે આવશે.

ગુરુદેવની આટલી વાત જુઓ સહન કરો, એમ લાગે કે, જપ આગમનો સાર, જીવનની અંદર-પરિણમાવ્યું,

પુઢવીવ્વ સવ્વસહે

જેમ પૃથ્વી સહન કરે, એમ ગુરુદેવે પણ બધું જ સહન કર્યું છે. આપણી દલીલ છે કે મારી ભુલ નથી તો કેમ સહન કરવું, અને ભગવાન કહે છે સહન કરવામાં તો હોવું જ નથી, સહન કરવામાં CONDITIONAL નથી હોતું, વિકલ્પ નથી હોતો, એ જ રીતે સહન

કરવા મળે એ રીતે કરી લો, સહન કરવાની - પ્રત્યેક સેકંડે માસક્ષમણ જેટલી નિર્જરા તમારા આત્માને થઈ રહી છે.

★ સહન કરવું એ ઉત્સવ છે !

★ સહન કરવું એ પરમોત્સવ છે !

સહન કરવું એ આત્મા માટે, અત્યંત હિતકારક છે, આત્માના રોગ ઉતારનાર દવા છે, આત્માની કર્મ નિર્જરા કરાવી ને, આત્માને શુદ્ધ કરનાર છે, આપણને માસક્ષમણ ફાવે છે, સહન કરતા ફાવતું નથી.

અધ્યાત્મ કલ્પદ્રુમની અંદર મુનિસુંદરસૂરી મહારાજ સ્પષ્ટ કહે છે,

पराभिभूतौ यदि मानमुक्तिस्ततस्तपोऽखंडमत: शिवं वा ।

કોઈએ તમને હેરાન કર્યા, પજવ્યા, ટોક્યા, જીક્યા, જહનામી કરી, તમને હેરાન કર્યા, મેણા-ટોણા માર્યા, અને જો તમે એને સહન કરી લો છો, તો સમજી લો કે તમારો અખંડ તપ બની ગયો, સિદ્ધિતપ - અને માસક્ષમણ ના પારણા થશે, અઠ્ઠાઈ ના પારણા થશે, વરસીતપ ના પારણા થશે, અરે સો-સો - વર્ધમાન તપની ઓળી કરી હોય એના પણ પારણા થતા હોય છે.

★ આ પારણા વગરનો તપ છે !

★ આ અખંડ તપ છે !

★ આ પરમ તપ છે !

DATE

★ આ એક પ્રકારનો ઉત્કૃષ્ટ તપ છે!

★ તમે એડજસ્ટ કરો! ★

સદ્‌ગુરુ બીજા નંબરનું તત્વ હોય છે "જળતત્વ"!

જળતત્વની એક વિશેષતા છે.

★ ADJUST EVERYWHERE! ★

મને આમ ભાવે, મને આ ન ફાવે, મને આની સાથે ન ફાવે, મને આસો ન ચાલે, મને પેલો ન ચાલે, જળની પાસે આવી કોઈ જ વાત નથી, તમે જે-વાસણની અંદર જળને નાખો, જળ એની અંદર-ADJUST થઈ જશે. તમે વાટકામાં નાખો,
ગ્લાસમાં નાખો,
થાળીમાં નાખો,
બરણીમાં નાખો,
તપેલીમાં નાખો, તમે
ત્યાં પગ નાખો જળ એમાં ADJUST થઈ જશે. તમારા હિસાબે દુનિયાને ADJUST કરવા પ્રયાસ ના કરો, તમે દુનિયાને હિસાબે, વાતાવરણને હિસાબે, ઘરના સભ્યોના હિસાબે, પરિસ્થિતિના હિસાબે, તમે ADJUST થઈ જાવ, આ જળ તત્વનો સંદેશ છે ને સદ્‌ગુરુ પોતાના જીવનમાં એને સાકાર કરી ગયા.

ગુરુદેવ બધી જ રીતે ADJUST થયા. દેના, ગુરુદેવની પહેલાથી તાબિયત નબળી. ગુરુદેવથી ભેજ સહન ન થાય, ભેજ વાળા વાતાવરણની અંદર

ગુરુદેવને શ્વાસ ચડે, જમે અમારી નજરની સામે, મુંબઈના ચોમાસાઓની અંદર, વિહારોની અંદર જોયું છે. અડધી અડધી રાતે ગુરુદેવ જોર જોરથી શ્વાસ લેતા હોય. ગુરુદેવ ને દીક્ષા પહેલાથી આ દમ નો રોગ. આ મુંબઈની ભેજવાળી આબોહવા ને છતા ગુરુદેવ અમારા માટે થઈ ને, અમને દીક્ષા આપવા માટે, મુંબઈ આવી રહ્યા હતા. ગુરુદેવને ખબર હતી કે આ મારા સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, ગુરુદેવને ખબર હતી કે રાતો ની રાતો મને ઉજાગરા થવાના છે. ગુરુદેવને ખબર હતી હું ઘર બાળી ને તીર્થ કરી રહ્યો છું, અમારી કહેવત છે

## ઘર બાળી ને તીર્થ ન થાય!

શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

## ઘર બાળીને જ તીર્થ થાય!

તમને તમારી પડી છે, તમારા ઘરની પડી છે, તમારા પરિવારની પડી છે, તમારી સુખશાલતા ની પડી છે, તમારા આરોગ્યની પડી છે, તમારી શાતાની તમને પડી છે તો, તમે કદી તીર્થ નહિ શકો. કબીરજીએ બહુ મજાની વાત કરી છે,

કબીરા ખડા બાઝાર મેં લે કર મશાલ કો હાથ

સંત કબીર બજારની અંદર મશાલ લઈને ઉભા રહ્યા છે, મશાલ સળગી રહી છે, સંત કબીર આહ્વાન કરી રહ્યા છે,

કબીરા ખડા બાઝાર મેં લે કર મશાલ કો હાથ
જો બાળે ઘર આપણા સો ચલે હમારે સાથ

સ્વાર્થ છોડીને પરમાર્થ કરવાની જેની તૈયારી હોય, એ પ્રભુના માર્ગે ચાલી શકે.

DATE

ગુરુદેવ એ જે ઉપવાસો લેતા હતા એ ભેરવથી, જે દમ ચડતો હતો, જે PUMP લેવા પડે, ગોળીઓ લેવી પડે, છતાં ગુરુદેવના એ શબ્દો હતા, કે દીક્ષા આપવા માટે મુંબઈ તો આવ્યા, જે જે રીતે દિવસો અને રાતો જતી હતી, ગુરુદેવના શબ્દો હતા,

## ગઢ આલા સિંહ ગેલા !

જેના જેવું થવાનું છે. તાનાજી જ્યારે વિરગતિ ને વર્યા, ને રાયગઢ જીતી પણ ગયા, એ સમયે શિવાજી મહારાજ ના શબ્દો માંથી આ મરાઠી ભાષાનું વાક્ય નીકળી પડ્યું હતું, ગઢ ભલે આવી ગયો, પણ મારો સિંહ ગયો. કદાચ તમારા બધા ની દીક્ષા થઈ જશે, મુમુક્ષુઓની હારમાળા દીક્ષા માટે રાહ જોઈ રહી હતી, પણ આ સિંહ જતો રહેશે.

## ADJUST EVERY WHERE !

★ ગુરુદેવે જીવના સ્વભાવો ને સહન કર્યા છે !
★ ગુરુદેવે બહારની પ્રતિકુળતા ને સહન કરી છે !
★ ગુરુદેવ પોતાના રોગો ની અંદર ADJUST થયા છે !
★ ગુરુદેવ ૯૦ વર્ષની વયે કેટકેટલા રોગો ની ફોજની વચ્ચે ADJUST થયા છે !
★ ગુરુદેવ CANCER ની અંદર પણ ADJUST થયા છે !

આ જળ તત્વ,

## ADJUST EVERY WHERE !

જળ તત્વનો બીજો ગુણ એ બીજાની પ્યાસ છીપાવે !

DATE

ગુરુદેવ ક્યાં ગયા છે, પ્યાસ બોલાવી છે.

બીજા તત્વની ત્રીજે ગુણ એ નિર્મળ કરી દે!

ગુરુદેવ ખુદ નિર્મળ, ખુદ પવિત્ર ને ક્યાં ગયા, પવિત્રના ... ને પવિત્રતા નો ગુરુદેવે પ્રસાર કર્યો છે.

ત્રીજા નંબરનું તત્વ અગ્નિ તત્વ!

ગુરુદેવમાં આ અગ્નિ તત્વ હતું ને, ગુરુદેવની આ વિશેષતા, આશ્રિતના દોષો ને ભસ્મીભુત કરી દે, શિષ્ય હોય, શ્રાવક હોય, સંઘ હોય, વર્ષો ના વર્ષો સુધી ગુરુદેવની અમે અમારી આલોચનાઓ લખી લખી ને આપી, ગુરુદેવે અમારા પાપો ને ભસ્મીભુત કર્યા, શાસ્ત્ર દ્રષ્ટિએ શુદ્ધ પ્રાયશ્ચિત અમને આપ્યું, અને ગુરુદેવ એ પ્રાયશ્ચિત આપવા સાથે, કદાચ આનાથી અડધો કાગળ હોય, ગુરુદેવે એમાં હિતશિક્ષા લખી હોય, અમે આલોચનામાં છેલ્લે લખ્યું હોય, મારી લાયક કાર્ય સેવા, હિતશિક્ષા, પ્રાયશ્ચિત આપવાની કૃપા કરશોજી.

ગુરુદેવ જે હિતશિક્ષા લખતા એમ લાગે કે અમને જે શાસ્ત્રોથી નથી મળ્યું, જિંદગીમાં ઊંચામાં ઊંચી કહેવાતી કોઈ ચોપડી હોય, સારામાં સારા લેખક ની ચોપડી હોય, ગમે તેવી પ્રેરણા ત્યાં હોય, એનાથી જે નથી મળ્યું, ગુરુદેવની એ થોડા શબ્દોની પ્રેરણા હોય, કદાચ ૧૦-૧૨ લાઈન, કદાચ ૧૫-૨૦ લાઈન, આમ જે ઘુંટીલુ અમૃત હોય, એક બાળક ને "મા" એ ચોખ્ખો કર્યો છે ને, "મા" પ્રેમથી એને સમજાવી રહી છે, બેટા, એ ગંદુ કહેવાય,

બેટા, તું ના જતો, બેટા તુ ત્યાં ગોટો થઈ જઈશ !

વિષયો ને કષાયો થી આશ્રિતો ને બચાવવા, શિષ્યોના દોષો ને ભસ્મીભુત કરી દેવા, આશ્રિત નું જે સોનું છે, એના કચરાને અગ્નિ તત્વની જોરદાર બાળી દે, ને અતિશુધ્ધ, પરિશુધ્ધ, શુધ્ધ, વિશુધ્ધ બનાવવાનો જે ગુરુદેવનો પ્રયાસ હતો.

## ★ ગુરુદેવ અગ્નિ તત્વ હતા ! ★

થોડા વર્ષો પહેલાની ઘટના, એક મુમુક્ષુ હતો, એ મુમુક્ષુ ગુરુદેવથી ધર્મ પામ્યો, ગુરુદેવથી થોડો સંયમ ના માર્ગે આગળ વધવા માટે કટિબધ્ધ બન્યો. વળી જ્યાં રહેતા હશે, ગુરુદેવ તો ત્યાંથી વિહાર કર્યો, બીજા મહાત્મા આવ્યા, બહુ જ પ્રભાવક મહાત્મા, - પ્રવચન એમનું બહુ જ જબરદસ્ત, મુમુક્ષુ એમનાથી આકર્ષાયો, ગુરુદેવનો એવો કોઈ જ આગ્રહ નહિ, તમે મારાથી પામ્યા, મેં તૈયાર કર્યા, મારી પાસે દીક્ષા લેવી. પંચાવન શિષ્યોનો પરિવાર છે ને આ તો જેમણે દીક્ષા લીધી એમનો પરિવાર છે, જેમણે બીજા-બીજા સમુદાયો માં જઈને દીક્ષા લીધી હોય, કોઈક ને-કોઈક RELATION હોય, કોઈને ક્યાંક સાંસારિક - સંબંધ હોય, કોઈક ને એના પિતાનો આગ્રહ હોય - મારો દીકરો અહિંયા દીક્ષા લેવો જોઈએ. એ રીતે - બીજે-બીજે જે દીક્ષાઓ થઈ, એતો સેંકડો ની - સંખ્યામાં, ગુરુદેવે આ ઉપકાર કર્યો છે.

મુમુક્ષુ થોડો ગડમથલમાં છે, ગુરુદેવે ભલે રજા આપી દીધી, ને ગચ્છાધિપતિ, સિધ્ધાંત - દિવાકર, જયઘોષસૂરીશ્વરજી મહારાજની પાસે, એ મુમુક્ષુ

પહોંચ્યો છે, વંદન કર્યા છે ને ધીમા અવાજે કહ્યું છે,
સાહેબ એક પ્રશ્ન કરવો છે. સાહેબ કહે પુછો!
સાહેબ, આ રીતે હું હેમચંદ્રસૂરીજી મહારાજ થી પામ્યો
ને ફલાણા મહાત્મા છે, એ અમારે ત્યાં આવ્યા,
ને એમના પ્રવચનો બહુ જ જબરદસ્ત, ને મને-
એમ થઈ ગયું કે હવે હું ત્યાં નહિ પણ અહિંયા-
દીક્ષા લઉં, સાહેબ આપનું શું કહેવું છે?

જયઘોષસૂરીશ્વરજી મહારાજે એ
મુમુક્ષુને તટસ્થ અને મધ્યસ્થ પણે એટલું જ
માર્ગદર્શન આપ્યું.

તમારે પાટ શોભાવવી હોય તો તમે ત્યાં દીક્ષા લો!

અને

“નિયમનું તમારે શુદ્ધ પાલન કરવું હોય, તો તમે હેમ-
ચંદ્રસૂરીજી મહારાજ પાસે દીક્ષા લો!”

મારી દીક્ષાનું ત્રીજું વર્ષ, મુંબઈથી
પુનાની અમારો વિહાર હતો, ગુરુદેવ ની નિશ્રામાં અમે
બધા વિહાર કરતા જઈ રહ્યા હતા, વચ્ચે એક ગામની
બહાર દિગ્ગજ બહુ મોટા આચાર્ય ભગવંત મળ્યા. બહુ
પ્રેમાળ મિલન થયું. ગુરુદેવે વંદન કર્યા, બહુ આનંદ-
આનંદ છવાઈ ગયો, બે GROUP ભેગા થયા છે.
પછી બધાએ ગુરુદેવના વડિલ શિષ્યને એ આચાર્ય-
ભગવંતે કહ્યું, કે તમે ક્યા જમાનામાં જીવો છો?
એક સાઈકલ સુધ્ધા તમારી સાથે નથી, કોઈ સામાન
માટેની વ્યવસ્થા નથી, કોઈ માણસ તમારી સાથે નથી.

જેમને એમ નમે જારલા મોટા મોટા વિહારો કરવા-નીકળ્યા છો. આગળ લોનીવાલા આવશે, એમાં ઘાટ-આવશે, ફોગ આવવાનું છે ? વ્યવસ્થા કઈ રીતે થશે? કઈ રીતે નમે આગલા ગામમાં કહેવડાવો છો ? કઈ રીતે ત્યાં દુધ, બધું પહોંચાઈ ગયું હોય, પુરુ-થઈ ગયું હોય, કોઈ માણસ જઈને કહે કે દુધ બહાર રાખજો, સાહેબજી પાછળ આવે છે, સાહેબજી વિહાર કરતા ધીમા આવે, મોડું થાય દુધ બધુ સાફ થઈ જાય, માણસ નથી, એક સાઈકલ નથી, વ્યવસ્થા નથી, કયા જમાનામાં નમે જીવો છો ?

## આ સદ્‌ગુરુનું અગ્નિ તત્વ !

જેમની સંયમની જે ઉર્જા, એમનું સંયમનું જે બળ, હું તમને કહું છું, ગુરુદેવનું નામ છે ને, એના-શબ્દોના પર્યાયી કરીએ ને, તો એ નામની એક અર્થ થાય,

### ☆ " સુવર્ણ ચંદ્રક " ☆

તમારી ભાષામાં

### " GOLD MEDAL "

દિગ્ગજ ના દિગ્ગજ આચાર્ય ભગવંતોએ, ગુરુદેવને આ GOLD MEDALS આપ્યા છે, ને શરૂઆત સિદ્ધાંત-મહોદધિ પ્રેમસૂરીશ્વરજી મહારાજ એ કરી છે. ગુરુદેવની જે વૈરાગ્ય, એમની જે વ્યાખ્યાન શૈલી, એમાં જે અંતરથી શબ્દો નીકળે, જે વૈરાગ્યની રસધાર છુટતી હોય, જ્યાંયા પ્રવચન ગુરુદેવનું ચાલતું હોય, ઉપરના હોલમાં પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ બિરાજમાન હોય, પ્રવચન

ચાલુ થયું છે, પ્રેમસૂરીશ્વરજી મહારાજ આસન પરથી - ઉઠ્યા છે, પોતે એક શિષ્યનો હાથ પકડીને ચાલી રહ્યા છે, આગળ.. આગળ.. આગળ જઈ રહ્યા છે, જે - મહાત્મા ત્યાં હાજર હોય ને સ્વાધ્યાય કરતા હોય, એમને પ્રેમસૂરીશ્વરજી મહારાજ પોતે કહેતા, હમણાં સ્વાધ્યાય - રહેવા દો, હમણાં હેમચન્દ્રવિજયનું વૈરાગ્ય સભર - વ્યાખ્યાન સાંભળી લો, સ્વાધ્યાય તો પછી પણ થશે, આવો વૈરાગ્ય નહિ મળે તો, આવો વૈરાગ્ય છે ને, એ તમને સંયમ જીવનમાં બહુ ઉપયોગી થશે.

જે પ્રેમસૂરીશ્વરજી મહારાજ, વ્યાખ્યાનો સાધુઓ સાંભળે એના હિમાયતી ના હતા, પ્રેમસૂરીશ્વરજી મહારાજ કહેતા કે વ્યાખ્યાનો શ્રાવકો માટે હોય, સાધુઓ માટે વ્યાખ્યાન નથી, એમાં વિષય પણ શ્રાવક- નો હોય, વાત પણ શ્રાવક માટેની હોય, સાધુ એમાં સમય એનો જેટલો શાસ્ત્રો અને આગમોના સ્વાધ્યાય - કરે, આના હિમાયતી પ્રેમસૂરીશ્વરજી મહારાજ આ શબ્દો બોલે આ ગુરુદેવને આપેલું,

## " સુવર્ણ ચંદ્રક "

ગુણમ હીજીત હોય ને પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે આવે ને - પ્રેમસૂરીશ્વરજી મહારાજ કહે, તું ~~હેમ~~ હેમચન્દ્ર- વિજય જેવો સ્વાધ્યાય કરીશ ક્યારે ? ગુરુદેવનો સાથ - હોય ને, તમને કદાચ સંયમ જીવનમાં વધારે માં વધારે - કાંઈ અઘરું લાગતું હોય, હું તમને એક તત્ત્વની વાત કરવા માંગુ છું, સદ્ગુરુનું, સત કેવું તપતું હોય, એમનું સત્ય કેવું હોય, તમને લાગે કદાચ લોચની - અંદર આંખમાંથી આંસુ જતા હોય, કદાચ મહાત્માને પડી

શીખવા પડે, હિંમત આપવી પડે, હોંસલો આપવી પડે, ગુરુદેવના જીવનની અંદર આવું કદી બન્યું નથી, - ગુરુદેવ નાના હતા, હજુ તો એવો શરીરનો બાંધો નથી, હજુ તો એવી ઉંમર નથી, હજુ શરીરની અંદર રોગ છે, ગુરુદેવ નવા નવા છે ને દીક્ષાની અંદર લોચના દિવસો આવ્યા છે. હોંશે હોંશે ગુરુદેવ લોચ કરાવવા બેઠા હોય, એક બાજુ એમના માથાનો લોચ કરતા-જાય, બીજુ બાજુ ગુરુદેવ કર્મ પ્રકૃતિના કઠીનમાં કઠીન, કર્મ શાસ્ત્રોના ગહન માં ગહન પદાર્થોનું - પરાવર્તન, સ્પષ્ટ ઉચ્ચાર સાથે કરતા જાય, આ ગુરુ-દેવનું સત, આ અગ્નિ તત્વ !

અને આજે પણ ગુરુદેવના પરિવારમાં એ સત્વ અને અગ્નિ તત્વ ચાલી આવ્યું. હું તમને આ ચોમાસાની વાત કરું, આ તમારા ઉપાશ્રયની વાત કરું, છેલ્લા દસ દિવસની વાત કરું, અમારા નાના માં નાના મહાત્માની વાત કરું, અમારા સૌથી નાની ઉંમરના મહાત્મા, ચાલુ લોચે, પંદરસો ગાથાના કડકડાટ - સ્વાધ્યાય કર્યા છે. એક મહાત્મા પંદરસો ગાથાના સ્વાધ્યાય, બીજા મહાત્મા પંદરસો ગાથાના સ્વાધ્યાય, ત્રીજા મહાત્મા હજાર ગાથાના સ્વાધ્યાય, ચોથા મહાત્મા પાંચસો ગાથાના સ્વાધ્યાય, આ ગુરુદેવનું સત, આ ગુરુદેવનું અગ્નિ તત્વ, ને આ વડિલો એ-આપેલા ગુરુદેવને GOLD MEDALS.

અમારા મુક્તિવલ્લભસૂરીશ્વરજી - મહારાજ, એમના સંસારી સંબંધી જે મુમુક્ષુ થાય છે, નામ એમનું પંડિતજી અર્પણભાઈ, જી એ સાધુ-સાધ્વીજી ભગવંતોને અભ્યાસ કરાવે. બહુ ઉંચી કક્ષાના પંડિતજી, આ જ લક્ષ્મીવર્ધક સંઘની અંદર,

એમનું રહેવાનું ને દીક્ષા એમની નક્કી થઈ છે. પૂજ્ય-રત્નબોધિ મહારાજ સાહેબ, અમારા વડિલ ગુરુભાઈ-અત્યારે આંબાવાડીમાં બિરાજમાન છે, એમની પાસે એમની દીક્ષા નક્કી થઈ છે, મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજ એ એમને બેસાડ્યા છે, પોતે જ મોકલ્યા છે, તમે ત્યાં દીક્ષા લો.

મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજના શબ્દો કે તમે સાંભળો, તમે હેમચંદ્રસૂરીજી મહારાજ સાહેબના ગ્રુપમાં દીક્ષા લઈ રહ્યા છો, ત્યાં સંયમ-બહુ કડક છે. અત્યારે ભલે તમે સાધુ અને સાધ્વી-જી ભગવંત ને એક પંડિત તરીકે ભણાવી છો, પણ તમારે જો ત્યાં દીક્ષા લેવી છે, તો પછી તમારે-દીક્ષા પછી સાધ્વીજી ભગવંતને ભણાવવાનું બંધ-કરવું પડશે, આવું ત્યાં બિલકુલ ચાલશે નહિ!

## હું તમને સુવર્ણ-ચંદ્રકની વાત કરું છું!

પૂજ્ય યશોદેવસૂરીશ્વરજી મહારાજ ને પૂજ્ય પ્રેમસૂરી-શ્વરજી મહારાજ બંને ભેગા થયા છે બે મહાપુરુષોનું મિલન! તીર્થંકરની જેમ જેમ કહેવાય ને અદ્ભુત-જેમનું પ્રવચન. એવા મહાપુરુષ ભેગા થયા છે, બધાને આનંદ-આનંદ થઈ ગયો છે. એ મહાપુરુષની-તબીયત સારી રહેતી ન હતી, રાતે લઘુનિતિ માટે, કલાક-કલાકે એમને ઉઠવું પડે, પોતે પરઠવવા-જઈ ન શકે, અને પરઠવવા માટે કોઈ મહાત્મા જય. મહાપુરુષ ભેગા થયા હોય તો લાભ મને મળવો જોઈએ, રાતે મહાપુરુષની બાજુમાં નજીકમાં સંથારો કરવાનો, જેટલી વાર એમને લઘુનિતિ જવું પડે, પ્યાલો રાખી મુકે મહાત્માને ઉઠાડે, અને મહાત્મા ને પરઠવવાની-

લાભ મળે. એને આના માટે મહાત્માઓની ઉછામણી બોલાય છે. તમારી કલ્પસૂત્રની ઉછામણી હોય કે સપનાની હોય, ઘોડિયા પારણાની હોય, આ મહાપુરુષનો જે પ્યાલો પરઠવવાની ઉછામણી. અંતરશાળથી બોલાય છે, સ્વાધ્યાયોના કલાકો, રાત્રિ સ્વાધ્યાયના કલાકો, ગજબનાક સ્વાધ્યાયોની ઉછામણીઓ, ને ઉછામણીઓ ચાલુ ને ચાલુ છે, જે સમયે ગુરુદેવે મોટો કુદકો લગાવ્યો છે, બધા જ હવે આગળ બોલી-શકાય એમ નથી, એવી ક્લાઈમેક્સ એ આવી ગયા છે, ગુરુદેવે લાભ લીધો છે, ગુરુદેવ પૂજ્યશ્રીની બાજુમાં સંથાર્યા છે, એક કલાક થયો ને ગુરુદેવને ઉઠાડ્યા છે, કલાકે કલાકે સાહેબ મને ઉઠાડવા-પડે આવું ના થઈએ, ગુરુદેવ આખી રાત ત્યાં-સ્વાધ્યાય કરતા બેઠા રહ્યા, આખી રાત પૂજ્યશ્રીનો લાભ લીધો, અને સવારે યશોદેવસૂરીશ્વરજી મહારાજ-શ્રી એ આશીર્વાદ આપ્યા છે. આ પહેલો એ-આપેલો "GOLD MEDALS"

## અગ્નિ તત્વ !

ગુરુ બની જવું, આચાર્ય બની જવું, ગચ્છાધિપતિ બની જવું, નાયક બની જવું, ને જલસા કરવા, એશઆરામ કરવા, હું તમને કહું છું, પોતે ખુદ બળ્યા હોય છે, પોતાના દોષોના કચરાને બાળ્યા હોય છે, અને આશ્રિતોને પણ અગ્નિની જેમ સંશુદ્ધ અને વિશુદ્ધ-કર્યા હોય છે, આ આ મહાપુરુષોની કરુણા હોય છે.

ગુરુદેવ નાના હતા ને એ સમયની વાત, ભાયખલાની અંદર ગુરુદેવનું રહેવાનું ને, એ સમયે ગુરુદેવ, ત્યાં ભાયખલાની બજારમાં મોતીના

દાગીનાનો વેપાર ગુરુદેવ કરતા, ગુરુદેવની ઉંમર અઢાર- ઓગણીસ વર્ષની. સગાઈ ગુરુદેવની થઈ- ગઈ છે. પ્રેમસૂરીશ્વરજી મહારાજ પધાર્યા છે, ભાનુવિજયજી મહારાજ, પદ્મવિજયજી મહારાજ ને- લાલબાગ, વિક્રમ સંવત બે હજારને પાંચની સાલ! જે પ્રવચનો ચાલે, અહિંયા ભાનુવિજયજી મહારાજ- બેઠા હોય, અહિંયા પદ્મવિજયજી મહારાજ બેઠા હોય, પદ્મવિજયજી મહારાજ, ધન્ના ને શાલિભદ્ર, પૃથ્વીચંદ્ર- ને ગુણસાગર, મેતારજ મુનિ ને ગજસુકુમાલ મુનિ, એમની જે સજ્ઝાયો ગાય, ભાવ સાથે બોલે, જે ધારા વહેતી હોય, જે ભાવો વહેતા હોય, ગુરુદેવ એ સભાની અંદર બેઠા હોય, અને આંખ- માંથી આંસુ જરે જતા હોય ને ગુરુદેવ લુછે જતા હોય, એ સભાની અંદર ચંદ્રશેખર વિજયજી મહારાજ- હતા, એ સભાની અંદર ગુણરત્ન વિજયજી મહારાજ- હતા, એ સભાની અંદર રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ હતા, એ આખી પ્રેમસૂરીશ્વરજી મહારાજની કૃપા- પામેલી, વર્તમાન મહાપુરુષો ની પેનલ એ સમયે- ગૃહસ્થપણામાં, સભાની અંદર બેઠી હતી, અમારા- ચંદ્રશેખર મહારાજ, એમનું નામ એ વખતે ઇન્દ્રવદન જે સભાના કોઈક ખુણામાં એ કદી સામે ન બેસે, સભાની વચ્ચે ન બેસે, એ સાઈડ માં બેસી ગયા હોય, ધ્રુસકે ને ધ્રુસકે એ રડી રહ્યા હોય, જે વૈરાગ્ય ની ધારા ચાલે, જે સંસારનું સ્વરૂપ બતાવ- વામાં આવે, ગુરુદેવ રોતા રોતા આખું પ્રવચન સાંભળતા. પ્રવચન સાંભળ્યા પછી ગુરુદેવ, એ પાયધુની ના નમિનાથ ના દેરાસર, શાંતિનાથ ના દેરાસર, ગોડીજી ના દેરાસરે જતા, બપોર ના સમયે બે કલાક, ત્રણ કલાક, ધ્રુસકે ને ધ્રુસકે ભગવાન ની આગળ રડતા, એક બાજુ સગાઈ થઈ છે, એ

પાત્ર પ્રત્યે નો રાગ છે, મોહ છે, ખેંચાણ છે, અને સંસારના સપના જોઈ લીધા છે, પરસ્પર વાયદા-કરી લીધા છે, આપણે આખી જિંદગી સાથે રહેશું, લગ્નના દિવસો નજીક આવી રહ્યા છે, ને એ જ સમયે ગુરુદેવ વળ્યા છે, જે વૈરાગ્ય ની ધાર છુટે, ને દહેરાસરમાં એકાંત ની અંદર જઈને ગુરુદેવ-ધ્રુસકે ને ધ્રુસકે રોતા ! સાંજે ઘરે ગુરુદેવ - આવતા, ભાયખલા ની મોતીશા ની ચાલ, ને ત્યાં લોકો ભેગા મળ્યા હોય, પંચાત કરતા હોય, વાતો કરતા હોય, ગુરુદેવ ત્યાં પંચાત માં બેસતા નહિ, ઘરની અંદર - જતા રહેતા, મારા ભાવો ક્યાંક ચોરાઈ ના જાય રાતે સુતા સુધી ગુરુદેવની આંખ માંથી અશ્રુ વહેતા રહેતા, હું તમને અગ્નિ તત્વની વાત કહી રહ્યો છું !

## એ અગ્નિ જેણે મોહ ને ભસ્મીભૂત કરી દીધો !

એ અગ્નિ જેણે આ સંસારના સુક્ષ્મ બંધન જ્યાં માણસ મુંઝાય જાય, જ્યાં માણસ અને બંધાય જાય, માણસ માયકાંગલો બની જાય, માણસ કશું કરવા માટે સમર્થ ન રહે, એ બંધનો ને ગુરુદેવે આ અગ્નિ દ્વારા, બાળીને ભસ્મીભૂત કર્યા, સુતા સુધી ગુરુદેવ રડતા હોય, સપનામાં ગુરુદેવ ને સમવસરણ આવે, અને સમવસરણ ની અંદર ભગવાન આવે, ભગવાનની દેશના ઝળઝળ વહેતી હોય, ભગવાન શું કહેતા હોય તો, જે દિવસે પ્રવચનમાં - વ્યાખ્યાનમાં ગુરુ મહારાજે કહ્યું, એજ ભગવાન કહેવા-આવતા. અગ્નિ તત્વ, પરમ વૈરાગ્ય સાથે, ગુરુદેવે દીક્ષા લીધી.

## પરમ વૈરાગ્ય સાથે ગુરુદેવ દીક્ષા પામી !

પરમ વૈરાગ્યનું પાન ગુરુદેવે સકળશ્રી સંઘને કરાવ્યું, આ ગુરુદેવનું અગ્નિ તત્વ ! આખા સંઘના દોષોને ભસ્મીભુત કરવાનું કામ ગુરુદેવે આખી જિંદગી કરતા-રહ્યા, એટલું જ નહિ,

ગુરુદેવની વિદાય થઈ ગઈ, ગુરુદેવની પાલખીના ચડાવા બોલાઈ ગયા, જય જય નંદા, જય-જય ભદ્દાસાથે, ગુરુદેવની પાલખી વિદાય થઈ, હૈયરીનું મહેરામણ એ પાલખીની સાથે હતું. અને એ પાલખી એક અજૈન ભાઈએ "UP TO END" સુધી ઉપાડી, પોતાના ખભે ગુરુદેવની પાલખી લેવાનો-લાભ મળ્યો, બસ આ પાલખી મારે છોડવી નથી, ગમે તેટલી પડાપડી થાય, બીજા ભલે ગમે તેટલા-બદલાય, મારે અહીંયાથી ખસવું નથી. આખી-અંતિમયાત્રા એ પાલખી ભાઈએ પોતાના ખભે રાખી, અને પછી સાંજે એ ભાઈ ગુરુદેવના એક શિષ્યને-મળવા આવ્યા, બીજુ બધા કાંઈ ખબર નથી, કાંઈ-ગતાગમ નથી, વિધિ કાંઈ આવડતી નથી, પગે લાગીને બેસી ગયા, અને કહ્યું સાહેબ એક વાત કહું, સાહેબ, આપના ગુરુદેવની શી પવિત્રતા, એમનો શો પ્રભાવ, મારું મન ઘણું ચંચળ, ઘણું ખરાબ, ઘણું અવળચંડુ મારું મન અને સાહેબ, આપના ગુરુદેવ એમની-પાલખી મેં જે સેકંડે લીધી, મારા બધા જ અશુભ-વિચારો શમી ગયા, આખી પાલખી યાત્રામાં, કલાકો સુધી, મને એક અશુભ વિચાર નથી આવ્યો, -ને પાલખી યાત્રા પુરી થઈ ગઈ ને મને લાગ્યું, મારું મન પવિત્ર થઈ ગયું,

આ સદ્ગુરુનું અગ્નિ તત્વ !

DATE

ચોથા નંબરનું તત્વ છે "વાયુ" તત્વ !

વાયુ શું કરે ? વાયુ શાંત કરે, વાયુ શીતળતા આપે, વાયુ આનંદ આપે. ભવ-બીચારો હાંફી ગયો હોય, નથી ગયો એને આશ્વસ્થ કરે. ગુરુદેવનું આ સાનિધ્ય, ગુરુદેવની ઓરા, ગુરુદેવની પાસે જઈને બેસો, અને બધા જ ઉચાટો-શાંત થઈ જાય.

અજાણી વ્યક્તિ હોય, કોઈ અજૈન હોય, કોઈ જૈન હોય, કોઈ શ્રાવક હોય, કોઈ મુમુક્ષુ હોય, કોઈ અમારા જેવા સાધુ હોય, ગમે તેટલા પર્યાયો સુધ્ધા-થઈ ગયા હોય, ગુરુદેવથી દૂર જવું અમને ગમે નહિ, જવું પડે તો રડી.. રડીને અમે છુટા પડીએ, ગુરુદેવને મળીએ અને આનંદ આનંદ થઈ જાય, અને દિવસમાં વારંવાર, એક ઉપાશ્રયમાં અમે હોઈએ, સાથે છીએ, વારંવાર ઉભા થઈને ગુરુદેવ પાસે બેસવાનું અમને-મન થાય, આ ગુરુદેવનું વાયુ તત્વ! જે આશ્વસ્થ કરે!

વાયુની બીજી વિશેષતા, વાયુ ક્યાંય-બંધાય નહિ, વાયુના કોઈ સરનામા નહિ, વાયુ ગમે-તેટલું દાન કરે તો એ વાયુની કોઈ તક્તી ના હોય, કોઈ કવિએ બહુ મજાની વાત કરી છે.

ક્યાંય તારા નામની તક્તી નથી,

ઓ હવા તારી સખાવત ને સલામ !

એની સખાવત છે ! પ્રેમસૂરીશ્વરજી મહારાજ, બહુ વર્ષો-

પહેલાની વાત, વિચરતા.. વિચરતા એક ગામમાં આવ્યા-છે, એક ઉપાશ્રયમાં ઉતર્યા છે, ત્યાં એક કબાટ હતો. થોડા જેવું હતું. એની અંદર ઘણા બધા પાત્રા હતા, પાત્રા, પાત્રી, તરપણી, ચેતનો, બધું ઘણું બધું હતું, અને વિશેષતા એ હતી કે બધું તુટેલું હતું.

પ્રેમસૂરીશ્વરજી મહારાજ, એમણે બધા-જ પાત્રા પોતાના આસને લાવ્યા, જે ક્યાં ક્યાંથી હતા એ બધા પાત્રો ને સરસ મજાના સાંધી દીધા. એના ઉપર સરસ મજાનો નવો રંગ પોતાના હાથે કરી દીધો. અગત્યની વાત હવે આવે છે, બધા પાત્રા ને સાથે-લઈ લો એમ નહિ, જ્યાં હતા ત્યાં બધા મુકી દીધા, હવે મહત્વની વાત હવે આવે છે, સાહેબ વિચરતા-વિચરતા છ-બાર મહિને, બે-ચાર વર્ષે, ફરી એ ગામ-માં જ્યારે આવ્યા, ઉપાશ્રયમાં આવ્યા એ થોડો-જોયો, ત્યાં એક પણ પાત્રા હતા નહિ! વાત સમજાઈ? બહુ સરસ મજાની વાત એક કવિએ કરી છે,

હે! શ્રીઉત્તમ ઉપકાર છે ઉપકારોમાં,

ઉપહતનો જ્યાં પરિચય પણ ના હોય!

પાત્રા લેનાર ને નથી ખબર કે કોઈએ આ કોણે વ્યવસ્થા-કરી, વ્યવસ્થા કરનારને ખબર નથી કે, કોણ લઈ ગયું.

હે! શ્રીઉત્તમ ઉપકાર છે ઉપકારોમાં,

ઉપહતનો જ્યાં પરિચય પણ ના હોય!

સદ્ગુરુ નું આ વાયુ તત્વ!

DATE

સંઘના, શાસનના કામો થાય એટલા કરે રાખવાના, એના માટે મન ઘસી નાખવાની, મારું નામ થાય છે કે નહિ, મારું BANNER લાગે છે કે નહિ, મારી તક્તી લાગે છે કે નહિ, મારી વર્ણ થાય છે નહિ, મારી વાહ વાહ કે પ્રશંસા થાય છે કે નહિ, એની કોઈ મતની અપેક્ષા રાખવી નહિ,

ક્યાંય તારા નામની તક્તી નથી,

ઓ હવા! તારી સજાવતને સલામ!

વાયુની વિશેષતા છે, વાયુને બાંધી ના શકાય, આગમમાં સદ્‌ગુરુનું વિશેષણ મુક્યું છે,

वाउ व्व अपडिबद्धे।

જેમ વાયુ કોઈનાથી બંધાય નહિ, એમ સદ્‌ગુરુ પણ કોઈનાથી બંધાય નહિ,

જે માત્ર ને માત્ર જિનાજ્ઞાને બંધાયેલા હોય!

ગુરુદેવ ભક્તને, ક્ષેત્રને, આર્થિક કોઈ વળગણને, એવી કોઈ આશંસાને, બંધાયેલા ન હતા. આજીવિકાગી મુક્ત આકાશમાં પંખીની જેમ ગુરુદેવ વિચર્યા છે.

वाउ व्व अपडिबद्धे।

પવનને પણ બંધન ન હતા, એને

ગુરુદેવને પણ કોઈક બંધન ન હેતા!

છેલ્લા તત્વની વાત કરું આકાશ તત્વ!

તત્વાર્થ સુત્રની અંદર ઉમાસ્વાતિ મહારાજ, આકાશના

classmate

ગુણધર્મની વાત એક સૂત્ર દ્વારા કરે છે,

आकाशस्यावगाहः ।

જુદી જુદી વસ્તુનો ગુણધર્મ હોય છે. આકાશનો ગુણધર્મ શું છે, આકાશ ની વિશેષતા શું છે, તત્ત્વાર્થ સૂત્ર- કહે છે, આકાશ ની વિશેષતા એ છે, કે બધાને- SPACE આપે છે, જગ્યા આપે છે, ~~અવકાશ~~ અવકાશ આપે છે. આકાશ છે તો આપણે- રહી શકીએ છીએ, આ રહી શકે.. આ રહી શકે -- આ રહી શકે ... બધું જ આકાશની અંદર રહી શકે, સદ્‌ગુરુની આ વિશેષતા,

## બધાને પોતાની અંદર સમાવી લેવા !

આકાશ બનવું, વિરાટ બનવું, હૃદયને આકાશ જેવું વિશાળ બનાવવું, અને બધાનો એમાં સમાવેશ કરવો.

### એક આચાર્ય ભગવંત નો કહાય -

ગુરુદેવની ઈર્ષ્યા, નડતી હશે, એમના તરફથી બહાર પડતા માસિકમાં, ગુરુદેવ પર આક્ષેપો એમણે લખ્યા, નિંદાઓ એમણે કરી, અને અમે જોયું કે આ વજૂદ- વગરની નિંદા છે, ખોટા આક્ષેપો છે, ગુરુદેવની જે ભૂલો નથી એ ભૂલો એમણે ગુરુદેવના માથે- ઢોળી તો, ગુરુદેવના નામ સાથે, સંસ્થાના નામ સાથે, ગુરુદેવની નિંદા લખી છે. ગુરુદેવના અનેક શિષ્યો- અકળાઈ ગયા હતા, ગુરુદેવ આ રીતે આપના પર- આક્ષેપ કરે, આવું ન ચાલે, આપણે કોઈ માસિક- ચલાવતા નથી, આપણા સમુદાય તરફથી જે માસિક ચાલે છે, જડબાતોડ જવાબ એમની વાતો નો આની અંદર મૂકી દઈએ તો ઉકળાટ સાથે ગુરુદેવની પાસે બધા ગયા છે. ગુરુદેવે કહ્યું કે આવું કંઈ જ

કરવાની જરૂર નથી. હશે એમને કદાચ કોઈ ગેરસમજ
થઈ ગઈ હશે, કોઈ તકલીફ હશે કદાચ, -
એમણે ઉકળાટ બહાર કાઢ્યો છે તો આપણે ઉકળવું
જરાય જરૂરી નથી. પણ ગુરુદેવે કાંઈક તો કરવું પડે,
આવુ કેમ ચાલે, અને ગુરુદેવે કહ્યું કે હું એમને -
પત્ર લખું છું! હું એમને પ્રેમથી પત્ર લખું કે આવું-
આવું તમારા લેવામાં આવ્યું છે, આપને કાંઈક ગેર-
સમજ થઈ હશે, હકીકતમાં આવું નથી. ગુરુદેવે પત્ર
લખ્યો, સામેથી મિચ્છામિ દુક્કડં આવ્યું, અને ગુરુદેવે
શિષ્યોને એટલું જ કહ્યું કે, એ સાકરથી પિત્ત-
શમતું હોય,

" તો લીમડો આપવાની જરૂર શું છે ? "

आकाशस्यावगाहः।

બધાને પોતાનામાં સમાવી લેવા, મારો સમુદાય, મારું
GROUP, મારા શિષ્યો, આ મારા ને આ પારકા, આવું
ગુરુદેવના મનમાં કદી આવ્યું નથી!

ગુરુદેવના NUMBER ONE
શિષ્ય, ગ્રહસ્થ શિષ્ય, શ્રાવક શિષ્ય, તમારી ભાષામાં
પરમ ભક્ત! જે મુંબઈની બહાર, નેપયન્સી રોડ પર,
વાલકેશ્વરમાં શ્રી પાલ નગરની બહાર રહે. ગુરુદેવને-
મળનારા મોટા ભાગના મળે આ ગુરુદેવના NUMBER
ONE શ્રાવક! એમણે ગુરુદેવને પુછ્યું કે સાહેબ હું
અહિંયા આવુ. ક્યાં અમુક જ સમુદાયના મહાત્મા-
આવી શકે, ક્યાં અમુક જ પરંપરા ચાલે એવો જો
સંઘ! અને જો શ્રાવકે ગુરુદેવને પુછ્યું, નજીકમાં
બીજા સંઘો પણ છે હું ત્યાં જઈને ચોમાસ કરી શકું,
મારા ઘરે કરી શકું, સાહેબ આપ કહો એમ મારે

કરવાનું. અને ગુરુદેવે એ શ્રાવક ને કહ્યું કે તમારે-
ત્યાં, જે ગુરુ ભગવંત આવતા હોય, એમની નિશ્રામાં
જે તિથી ની આરાધના જે રીતે થતી હોય, એ તમારે
પણ એ રીતે આરાધના કરી લેવી.

आकाशस्यावगाहः।

અલગ પડવું, અલગ કાંઈ કરવું, હું સાચો, ગુરુદેવને
બધી ખબર છે, જે પ્રેમસૂરીશ્વરજી મહારાજની -
અભ્યંતર પર્ષદા કહેવાય એમાંથી એક ગુરુદેવ,
શાસ્ત્રોનું અવગાહન કરનારા, દરેક વિષયમાં ઉંડા-
ઉતરનારા, પુરી માહિતી ધારણ કરનારા, સિધ્ધાંત શું
છે, પરંપરા શું છે કે બધી જ ખબર છે. અને
છતા બધા માટે ગુરુદેવને આદર ભાવ, બધા માટે
ગુરુદેવને સદ્ભાવ! ગુરુદેવ શ્રુતનું કામ જે ટ્રસ્ટના
અન્વયે કર્યું, એ ટ્રસ્ટ ના ચાર ટ્રસ્ટી, એમાંથી-
એક ટ્રસ્ટી જેમનું નામ ભગવાન ભાઈ, દીકરી એ-
બે નિધિની અંદર દીક્ષા લીધી હતી, એમને દીક્ષાની
ભાવના થઈ, ગુરુદેવે ખુશીથી એમને આશિર્વાદ-
આપ્યા, નમ્રકીર્તિ વિજયજી નામે એ મહાત્મા બન્યા,
આજે પણ સંયમની સાધના માં સારી આરાધના કરે,
વિચરતા- વિચરતા જ્યાં ગુરુદેવ મળી શકે, ગુરુદેવને
મળવા માટે આવી જાય, ગુરુદેવ ને એમની આરાધના-
ની એટલી બધી અનુમોદના, જ્યારે આગળ વાચના-
માં કરે, અને મહાત્મા એક વાર અમને વિહારમાં-
મળ્યા છે, અમે ચાલી રહ્યા છે, મહાત્મા રોડની સામેની
સાઈડ માં છે, મોટો HIGHWAY છે ને અમને-
બુમ પાડીને પુછ્યું સાહેબ ક્યાં છે કે સાથે મહાત્મા-
હતા એમણે કહ્યું કે સાહેબ તો આગળ નીકળી
ગયા, એ ૬૫-૭૦ વર્ષ ની ઉંમર થયી, એ મહાત્મા-
દોડ્યા છે, સાહેબ આગળ છે, સાહેબ આગળ-
નીકળી ગયા, મને પછી પાછા મળશે ક્યારે કે

classmate

અને રોડ ઉપર, એમ સગી આંખે જોયું કે મહાત્મા દોડવા લાગ્યા છે,

आकाशस्यावगाहः।

બધાને પોતાના માનવા, બધાને આદરણીય માનવા, બધા માટે અંતરની અંદર વાત્સલ્ય રાખવું, આ ગુરુદેવ ની મહાનતા !

ગુરુદેવની પાસે એક ભાઈ આવ્યા, અને એ ભાઈએ ગુરુદેવને કહ્યું કે, મારે દીક્ષા લેવી છે. અને સાહેબ એક તકલીફ છે મારી દીક્ષામાં, કે મારા ઉપર પંદર હજાર રૂપિયાનું દેવું છે, ઘણા વર્ષો પહેલાની વાત, અત્યાર ના પંદર લાખ કહેવાય, સાહેબ આ દેવું છે ને, દેવું ના ચુકવું ત્યાં સુધી મારી દીક્ષાનું ઠેકાણું ના પડે. સાહેબ આના માટે મારી દીક્ષા અટકી રહી છે, સાહેબ પૂજ્ય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજ, એમના પાસે મારે દીક્ષા લેવાની છે. આ તકલીફ મને આવી છે, મારે તમને કહેવું છે કે મહાપુરુષોનું શું સદ્ગુરુ તત્ત્વ હોય છે, શું આકાશ તત્ત્વ હોય છે, મારા જેવાને થાય કે, મારી પાસે લેતા હોય તો હજુ હું વિચાર કરું, એમાં પણ બીજાનું કરવું, જેને એમ એમારા ના ગણતા હોઈએ, અમારા સમુદાયના ના ગણતા હોઈએ, અને હજુ અમારે કંઈને કંઈ ચાલ્યા કરતું હોય એના માટે કરવું,

ગુરુદેવ માટે કોઈ મારા ન હતા, કોઈ પારકા ન હતા!

બધા આપણા હતા, બધા પોતાના હતા, બધા માટે સદ્ભાવ હતો, ગુરુદેવના મોઢે એમ વાચનાની અંદર, સાધુઓની વાચના હોય, શ્રાવકો નું વ્યાખ્યાન હોય,

એની અંદર અલગ અલગ સમુદાયના, કે તમે એમ
સમજો કે આ સામ-સામે, એમની પણ અનુમોદના
અમે ગુરુદેવના મુખે સાંભળી છે.

आकाशस्यावगाहः।

આ ગુરુદેવનું આકાશ તત્વ હતું !

પંદર હજાર રૂપિયાનું એ ભાઈનું જે
દેવું, પોતાના સંસારી પરિવારમાં પોતાના સગા ભાઈ-
દ્વારા, જે દેવું મુક્ત કરાવ્યું, જે ભાઈનો દીક્ષા નો -
રસ્તો ખુલ્લો થયો, અને એ ભાઈએ જ્યાં દીક્ષા લેવાની
હતી ત્યાં લઈ લીધી, એ દીક્ષામાં પણ ગુરુદેવની -
ભારોભાર, એટલું જ નહિ, સક્રિય અનુમોદના હતી,
આ સદ્ગુરુ નું આકાશ તત્વ !

પ્રેમસૂરીશ્વરજી મહારાજજી પાત્રાઓ સાંધ્યા,
રંગરોગાનો કર્યા, કોણ વાપરશે ખબર નથી, વાપરનારને
ખબર નથી પાત્રા કોણે સાંધ્યા. ગુરુદેવે જિનશાસનના -
અનેકાનેક અંગો ને સાંધ્યા છે, એના રંગરોગાન કર્યા,
આખી જિંદગી સંઘનું મંગલ થાય, અભ્યુદય થાય, સંઘ-
ની એકતા થાય, સંઘના સંઘર્ષો શાંત થાય. સંઘની
અંદર શાંતિ થાય, ક્યાંક દ્રવ્યની શુદ્ધિ ન હોય ત્યાં,
દ્રવ્યની શુદ્ધિ કરાવી, ક્યાંક બે પક્ષ પડી ગયા હોય -
ઝઘડાઓ ચાલ્યા કરતા હોય, સંઘ એમાંથી ઉંચો ન -
આવતો હોય, ગુરુદેવે ત્યાં જઈ ને પોતે મેળ કરાવ્યા,
સંપ કરાવ્યા, ગુરુદેવ જ્યાં જ્યાં ગયા, હરીયાળી છવાતી
ગઈ, બધાને ગુરુદેવે પોતાની અંદર સમાવ્યા. કોઈને
જુદાના સમજ્યા. જ્યાં જિનશાસનનો આ દરિયો, જેણે
મહાવ્રતો ને ધારણ કર્યા, જિનાજ્ઞા ની જેમને પ્રેમ છે,
એમને જો તમે હાથ ન અડયા તો અઢી દ્વીપના બધાજ
મહાત્માઓની આશાતના છે, એને તમે હાથ ન અડયા,

તો એક ભદ્રિક મિથ્યાત્વી, માર્ગાનુસારી મંદ મિથ્યાત્વી હજુ જૈન નથી પણ અજૈન છે, પણ ભદ્રિક છે. તમે આ વેષ ને હાથ ન જોડ્યા, તમે એના કરતા પણ નીચે ગયા, આ જ ગુરુદેવ માનતા રહ્યા, હું સાચો ને બીજા ખોટા, આવું ગુરુદેવે કદી શીખવાડ્યું નથી.

## શાસનના રાગી બનજો !

## દરેક સદ્ગુરુને તમે ગુરુ માનજો !

જે પણ ભગવાનની આજ્ઞામાં સ્થિર હોય, એમાં મારા-તારા ના ભેદ કરતા નહિ.

## ગુરુદેવે પોતાની અંદર બધાને સમાવ્યા !

આ ગુરુદેવનું આકાશ તત્વ !

હજુ આગળ વધીને સંઘની અંદર જ નહિ, વિશ્વની અંદર, મારા જેવા પ્રવચન આપી શકતા હોય, વિહારો કરી કરીને, ગામડાઓની અંદર, શહેરો ની અંદર, અનેક... અનેક... અનેક સૈંકડોની સંખ્યામાં, સ્કુલના-પ્રવચનો ગુરુદેવે કરાવ્યા ! મહેરે પ્રવચનો ગુરુદેવે કરાવ્યા, સંસ્કારો નો પ્રસાર થાય, ચારિત્રનો પ્રસાર થાય, સદાચારનો પ્રસાર થાય, આના માટે ગુરુદેવે મહેનત કરી, જહેમત કરી. હજુ આગળ વધીને, માત્ર માણસ જ નહિ, પશુઓ હોય, પંખીઓ હોય, માછલા વગેરે જીવો હોય, આ બધા જ જીવોની દયા થાય હિંસા કે વધી રહી છે, જીવનના છેલ્લા દિવસોમાં પણ છાપાઓના પાના ઉપર, ગુરુદેવ ક્યાં કેટલી હિંસા થઈ રહી છે એ એમની નોટમાં, નોંધ કરતા એ છાપા-

ના પાનાઓ જોઈ જોઈને, આખી રાતે આંસુઓ-
આપતા, આ જીવોની હિંસા, કરોડો ને અબજો જીવો
ની હિંસા, દુનિયાની અંદર થઈ રહી છે. આ હિંસા
અટકવી જોઈએ. એના માટે ગુરુદેવે એક વિચાર કર્યો,
એક CONCEPT આખી દુનિયાને ગુરુદેવે આપ્યો,
જેનું નામ છે,

"હિંસા મુક્ત વિશ્વ"

છેલ્લા બે વરસથી ગુરુદેવ આ MISSION ચલાવી રહ્યા
હતા, MISSION માં બીજું કંઈ જ નહિ, ગુરુદેવની
એ CONCEPT હતી વૈચારિક યુદ્ધ. આપણે COURT-
માં જઈએ કસાઈઓ સાથે લડીએ, જાપ કરીએ, તપ
કરીએ, પૈસા ભેગા કરીએ, કરવાનું જ છે, ન કરો-
એવી વાત નથી, ગુરુદેવની CONCEPT,

વિચાર એ બહુ મોટી શક્તિ છે!

તમે રોજ એક મિનિટ પ્રાર્થના કરો, આ વિશ્વ હિંસા-
મુક્ત થઈ જાય. એ શક્તિ, જરૂર એક દિવસ વિશ્વની
અંદર,

જીવદયા નો જયજયકાર કરશે!

ગુરુદેવે આ CONCEPT આપ્યો, હજારો ને લાખોની-
સંખ્યામાં લોકો સુધી, ગુરુદેવે આ મેસેજ પહોંચાડ્યો.
આખું વિશ્વ હિંસાથી મુક્ત થાય, એના માટે સંકલ્પ
કરવો, રોજ એક મિનિટ એના માટે પ્રાર્થના કરવી,
ભગવાનને આ વિશ્વ હિંસાથી મુક્ત થઈ જાય. અમે
મહાત્માઓ પણ રોજ આ સંકલ્પ અને પ્રાર્થના કરીએ
છીએ, હજારો જૈનો કરે છે, અજૈનો પણ જોડાવા લાગ્યા।

છે. આજના દિવસે ગુરુદેવને શ્રદ્ધાંજલિ રૂપે, રોજ એક મિનિટ માટે, ઓછામાં ઓછી એક મિનિટ માટે, પ્રાર્થના કે આ વિશ્વ હિંસાથી મુક્ત થઈ જાય. એક રૂપિયાનો ખર્ચો નથી. ક્યાંય જવાનું નથી. ધન ભંડારમાં મુકવાનો નથી. પરમ શાતા-વેદનીય કર્મનું કારણ છે. વિશ્વ તો હિંસાથી મુક્ત થશે-ત્યારે થશે, તમારો પોતાનો આત્મા, પોતાનું શરીર, હિંસાથી, રોગોથી, અકસ્માતથી અશાતાથી, દુર્ગતિથી મુક્ત થઈ જાય, એવો આ CONCEPT છે.

આજે ગુરુદેવનો નેવુંમો જન્મ દિવસ-અને આ દિવસે, એક ભાવના એવી થાય, નેવું ના-મોથી માં જે તમારાથી શક્ય હોય, નેવું ગાથા કરીશ, નેવું દિવસ ઉકાળેલું પાણી, નેવું દિવસ ચોવિયાર, નેવું દિવસ આયંબિલ, નેવું દિવસ બેસણા, નેવું દિવસ-એકાસણા, નેવું દિવસ અષ્ટપ્રકારી પુજા, નેવું દિવસ-અભક્ષ્ય ત્યાગ, નેવું દિવસ હોટલ ત્યાગ, જે તમને ફાવે, નેવું સામાયિક, નેવું પૌષધ, બધા મનમાં ધારી શકશો, છેવટે કાંઈ ન ફાવે, નેવું દિવસ ભગવાનને યાદ કરીને કાંઈપણ ખાઈશ કે પીશ. એવો નિયમ પણ તમે રાખી શકો છો.

કોઈપણ શુભ સંકલ્પ તમે આજે ગુરુદેવને શ્રદ્ધાંજલિ રૂપે, અંજલિ રૂપે, જન્મદિવસની ભેટ રૂપે, સંકલ્પ કરી શકો છો!

# જાહેર ગુણાનુવાદ સભા

DATE 04 07 2021

## ઘાટકોપરના તમામ સંઘોના ઉપક્રમે

સ્થળ :- સાંઘાણી ઉપાશ્રય - ઘાટકોપર

શુભ નિશ્રા :

પ્રશાંતમૂર્તિ ગચ્છાધિપતિ પૂજ્ય. આચાર્ય દેવશ્રી
રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

પૂજ્ય આચાર્ય દેવશ્રી મુક્તિવલ્લભસૂરીશ્વરજી મહારાજ

પૂજ્ય આચાર્ય દેવશ્રી ધૈર્યયશસૂરીશ્વરજી મહારાજ

શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી સમુદાયના

વૈરાગ્ય દેશના દક્ષ પૂજ્ય, આચાર્ય ભગવંત શ્રી - હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ, અમદાવાદ મુકામે, જેઠ-વદ-૪ સોમવારે રાત્રે ૨.૪૨ કલાકે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા છે, પૂજ્યશ્રીની વિદાયથી સંઘ શાસનને મોટી ખોટ પડી છે, તેઓશ્રીની ગુણાનુવાદ સભામાં પધારવા સકળ સંઘને આમંત્રણ છે !

શ્રી પાર્શ્વનાથ શ્વે. મૂ. જૈન સંઘ - સાંઘાણી એસ્ટેટ!

## પૂજ્ય મુનિરાજ ધીરગેન્દ્ર વલ્લભ વિજયજી મહારાજ સાહેબ

કોઈ વ્યક્તિના કપડા એકદમ વ્યવસ્થિત હોય, એની ઘડિયાળ ભભકેદાર હોય, એના કપડા પરથી ખબર પડે કે વ્યક્તિ ખુબ જ વૈભવશાળી છે. એના ઘરના રાચ-રચીલા પરથી ખબર પડે કે આનું વ્યક્તિત્વ વૈભવશાળી છે, અને એના જીવનમાં બાહ્ય આપણને વૈભવ લાગે, કોઈક વ્યક્તિમાં બાહ્ય વૈભવ હોય પણ આંતરિક વૈભવ ન હોય, બહારથી બધું જ હોય પણ અંદરના જે ગુણો હોવા જોઈએ એ ગુણો એનામાં ના હોય!

કોઈકનામાં આંતરિક વૈભવ હોય, પણ બહારનો વૈભવ ન હોય, બાહ્ય કશું ન હોય પણ અંદરના ગુણો એટલા બધા જબરદસ્ત કક્ષાના હોય, એના કારણે વ્યક્તિત્વ એનું ખબર પડે. કોઈનામાં એવું હોય કે બાહ્ય વૈભવ પણ ન હોયને આંતરિક વૈભવ પણ ન હોય, બાહ્ય પણ કાંઈ ન હોય અને અંદરના ગુણો પણ કાંઈ ના હોય.

મહાપુરુષોના જીવનમાં એવું હોય છે, જેમનો બાહ્ય વૈભવ પણ હોય છે, અને આંતરિક ગુણોનો વૈભવ પણ હોય છે. પૂજ્યપાદ પદ્મવિજયજી મહારાજ સાહેબના શિષ્ય, પૂજ્યપાદ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, એમના જીવનમાં બાહ્ય વૈભવ પણ એટલો જ હતો, એની સાથે સાથે આંતરિક વૈભવ એટલો જબરદસ્ત કોટીનો હતો, જે આંતરિક વૈભવને જાણવા માટે આપણે બધા અહિંયા ભેગા થયા છીએ.

બાહ્ય વૈભવ એમાં શિષ્ય પરિવાર, આચાર્યની આઠ સંપદા કીધી છે એમાં એક શિષ્ય પરિવાર બતાવ્યો,

DATE

આચાર્યની શોભા શિષ્ય પરિવારના કારણે વધે, જેનો વિશાળ શિષ્ય પરિવાર હોય એની શોભા વધે. એમનો બાહ્ય વૈભવ, લગભગ પંચાવન શિષ્યોનો પરિવાર હતો, સાથે એમનો આંતરિક વૈભવ કેવો હતો ? આજે એ દુનિયામાં નર્યું છે, અહીં આવેલ આચાર્ય ભગવંતો, મુનિ ભગવંતો બધાને આપણે સાંભળવા છે.

શ્રી પ્રવચન પન્યાસજી ભગવંત ચન્દ્રશેખર-વિજયજી મહારાજના શિષ્ય રત્ન, સાંધાણી એ એમનું જન્મ સ્થળ, જ્યાં તેઓ રહેતા હતા ને જ્યાંથી એમની દીક્ષા થઈ, એવા

શ્રી નિહંસ વિજયજી મહારાજ સાહેબ એમના મુખેથી પૂજ્યશ્રીના ગુણાનુવાદ સાંભળીએ.

—×—×—×—×—×—×—

પરમ પૂજ્ય જ્ઞાનહંસ વિજયજી મહારાજ સાહેબ !

અનંત કલ્યાણ ને કરનારા પરમાત્મા નું શાસન આપણને પ્રાપ્ત થયું છે. પરમાત્મા એ ત્રીસ વર્ષની ઉંમરે - દીક્ષા લીધી, સાડા બાર વર્ષની ઘોર સાધના કરી, વૈશાખ- સુદ- દસમ ના દિવસે ઋજુવાલિકા નદી ના - કિનારે પરમાત્મા ને કેવળજ્ઞાન ની પ્રાપ્તિ થઈ, અને જે દિવસે પરમાત્માને કેવળજ્ઞાન થયું, એ દિવસથી - પરમાત્મા એ ધર્મ દેશના નો પ્રારંભ કર્યો. વૈશાખ-સુદ- અગિયારસ ના દિવસે પ્રભુએ ધર્મ તીર્થ ની સ્થાપના કરી. આ જે ઘટના બની એ ૨૫૦૦ વર્ષ પહેલા બની ગઈ. પરમાત્મા તો પોતે મોક્ષ ની અંદર ચાલ્યા ગયા, પણ પરમાત્મા નું શાસન આપણા સુધી અહિયા સુધી અવિરત પહોંચી રહ્યું છે, એના મૂળ ની અંદર કોઈ હોય, તો, તે-તે કાળની અંદર થઈ ગયેલા મહાપુરુષો ! ભૂતકાળની અંદર ઘણા બધા મહાપુરુષો થઈ ગયા, જેમણે તનની બાજી લગાડી ને પ્રભુના શાસન ને આગળ વધારવાનો બધો જ પ્રયત્ન કર્યો.

આજે જે મહાપુરુષના ગુણાનુવાદ કરવા છે, વૈરાગ્ય દેશનાદક્ષ

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ

કે જેમણે સાંઘાણી મુકામે બે - ચાતુર્માસ કર્યા. એમ જ્યારે નાના હતા ત્યારે તેમણે જોયા હતા, સંઘની અંદર સામુદાયિક સિદ્ધિ તપ પણ કરાવેલા, અને સૌથી મોટી સંખ્યા ની અંદર આ સંઘમાં સિદ્ધિ તપની શરૂઆત થયેલી. એની અંદર ઘણા બધા ભાવુકો જોડાયા, જે હેમચંદ્ર સૂરી મહારાજ એમની પાસે ઘણી બધી વખત જવાનું થયું. એમની ત્યાં વાચના લેવા

DATE

માટે પણ જવાનું થયું, પહેલો કર્મગ્રંથ અને હેમચંદ્ર-
સૂરીશ્વરજી મહારાજે ભણાવ્યો. ઘણી બધી વખત એમની
પાસે જતા, એમના જીવનની અંદર જે સરસ મજાના-
ગુણો હતા, એ ગુણ માંથી થોડાક આંશિક ગુણો આજે
મારે તમારી સમજ મુકવા છે. પાંચ મિનિટ નો સમય-
છે, આ મહાપુરુષ માટે બોલવા બેસીએ તો કદાચ -
બે કલાક પણ ઓછા પડે એવું અદભુત કોટીનું જીવન
આચાર્ય ભગવન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ જીવીને ગયા.

ત્રણ ગુણોની આજે વાત કરવી છે,
પહેલા નંબરમાં એમના જીવનની અંદર,

KNOWLEDGE IS LIGHT!

એમણે એમના જીવનની અંદર દાદા ગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી
મહારાજ ની, ભાવના ને સાકાર કરવાનો પ્રયત્ન કર્યો.
દાદા ગુરુદેવ પ્રેમસૂરી મહારાજ ની ભાવના હતી,

મારો સાધુ સંયમી બને!

સાથે- સાથે વિદ્વાન પણ બને, અને જ્ઞાની પણ બને.
દાદા ગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મહારાજ, એમની સાથે રહેલા
બધા સાધુઓ ને કર્મ ગ્રંથના અભ્યાસમાં મૂકી દીધા.
કમ્મપયડી વગેરે ગ્રંથોના અભ્યાસ ની અંદર, સત્તર-
સત્તર -- અઢાર અઢાર વર્ષ સુધી કેટલાય મુનિ ભગવંતો,
ધુણી ધખાવી ને બેસી ગયા. એમાંજ હેમચંદ્ર સૂરીજીએ
દાદા ગુરુદેવની ભાવનાને સાકાર કરી, દાદા ગુરુદેવની એક
જ ઈચ્છા હતી મારા સાધુઓ વધારે માં વધારે સ્વાધ્યાય
કરે. અને એ સ્વાધ્યાય દ્વારા પોતાના જીવનને આચાર

DATE

સંપન્ન બનાવવાનો પ્રયત્ન કરે ! દાદા ગુરુદેવે એક વખત PROPOSAL મુકી, ધર્મ જિન, એટલે કે ધર્મ આનંદ-વિજય મહારાજ અને મુનિ પણાની અંદર હેમચંદ્ર વિજય મહારાજ, બાટલો હજાર ગ્રંથ દાઢ દિવસની અંદર તમે વાંચી દો, મારી એવી ભાવના છે ! અને આ બંને મહાત્મા ઓ મચી પડ્યા, દાદા ગુરુદેવની ઇચ્છા છે, એને અમારે સાકાર કરવી છે ! દાઢ દિવસની અંદર આખો ગ્રંથ સાંગોપાંગ વાંચી લીધો, એટલું નહિ પણ એ ગ્રંથની અંદર આવતા બધા પદાર્થોની પણ નોંધ-કરી દીધી.

દાદા ગુરુદેવ પાસે ગયા દાઢ દિવસ પછી, અને દાદા ગુરુદેવ ખુશ થઈ ગયા. પૂજ્યશ્રી એ પોતાના જીવનની અંદર ઘણો બધો શાસ્ત્રાભ્યાસ કર્યો, ૪૫-આગમોનો પણ ઠોસ અભ્યાસ કર્યો. પ્રકરણોની પણ ઠોસ અભ્યાસ કર્યો. પણ એમના જીવનની અંદર જે ભણતર હતું, એમના જીવનની અંદર જે જ્ઞાન હતું એ ભાર વિનાનું હતું.

આજે કેટલા પણ છોકરાઓ C.A. થયા છે, કેટલા પણ છોકરાઓ M.COM થયા છે, કેટલા પણ M.B.A. થયા છે તેઓ કેટલા TENSION માં જીવી રહ્યા છે. C.A. બનતી વખતે કેવી હાલત હતી, IPCC ની EXAM આપવાની હોય, એ વખતે તેમની હાલત કેવી થતી હતી. ભણતરનું TENSION હતું, કઈ રીતે પરીક્ષાઓ અપાશે. બે GROUP કઈ રીતે CLEAR કરવા, એટલું બધું ભણતર નું TENSION કે વાત ન પુછો. આ સંસારમાં તમારી પાસે પણ ભણતર છે, આ સાધુ જીવનમાં અમારી પાસે પણ ભણતર છે, પણ તમારું જે ભણતર છે એ ભાર વાળુ છે, અને અમારું ભણતર છે એ-ભાર વિનાનું છે.

હેમચંદ્રસૂરીશ્વરજી એ પોતે જે જ્ઞાન મેળવ્યું, એ - ભાર વિનાનું, અને આગળ વધતા.. વધતા.. હું તમને કહું, આજે હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ને દરેક મુમુક્ષુ યાદ કરે છે. દરેક સાધુઓ અને સાધ્વીજી ભગવંતો યાદ કરે છે, કારણકે કર્મ જ્ઞાન નો અભ્યાસ કરવો છે, જીવવિચાર, નવતત્વ, દંડક, ચૈત્યવંદન ભાષ્ય, પચ્ચક્ખાણ ભાષ્ય, ગુરુવંદન ભાષ્ય, પંચસંગ્રહ, તત્વાર્થ સુત્ર, વગેરે સુત્રો નો અભ્યાસ કરવો છે. તો SHORT માં SHORT રસ્તાઓ અમને બતાવી દીધા, પદાર્થ પ્રકાશ, આ ચોપડી તમારા હાથની અંદર આવે, અને જીવવિચાર તમારે કરવા હોય તો, તમારી GRASPING POWER હોય, તમારી MEMORY એ SOLID હોય, અઠવાડિયા-ની અંદર રમતા-રમતા તમે જીવવિચાર આખા પુરા કરી-દો, એવી રીતે કર્મગ્રંથ રમતા રમતા પાંચ થી છ-દિવસ ની અંદર પુરા કરી દો. એટલી બધી પદાર્થોની SHORT માં નોંધ કરી દીધી, કે વાત ન પુછો!

જીવવિચારની કદાચ ગાથા નહિ ગોખી હોય તો ચાલશે, કર્મ ગ્રંથની કદાચ ગાથા નહિ ગોખી હોય તો-ચાલશે, પણ પદાર્થો એટલા SHORT ની અંદર, BOOKની અંદર મુકી દીધા, કે રમતા-રમતા પણ, આજે ભાર વિના-અમે બાળકો અભ્યાસ કરી શકીએ છીએ, અને કેટલાય લોકો ને અભ્યાસ કરાવી શકીએ છીએ. અમારી પાસે-કોઈ પણ છોકરો ભણવા આવે એટલે સૌથી પહેલા-કહીએ, જીવવિચાર-નવતત્વની પદાર્થ પ્રકાશની ચોપડી તુ લઈને આવજે. જે આ ચોપડી હશે તો અમને ભણાવવું પણ સહેલું પડશે ને તને ભણવું પણ સહેલું પડશે. એટલે એમના જીવનની જે પણ KNOWLEDGE હતું એ ભાર વિનાનું હતું.

KNOWLEDGE IS LIGHT

જીમ નંબરમાં,

## THOUGHT IS HEIGHT

વિચારો એટલા બધા ઉન્નત હતા, એટલા બધા ઉન્નત હતા, એટલા બધા ઉન્નત હતા, વાત ન પુછો. હું નાની હતી, ત્યારે સંઘની અંદર સીમંધર સ્વામી ના સામુદાયિક અઠ્ઠમ કરાવેલા. આપણે બધા શંખેશ્વર પાર્શ્વનાથ ના ભક્ત પણ એ તો સીમંધર દાદાના ભક્ત હતા. અને સીમંધર દાદા એટલા બધા હૈયાની અંદર વસેલા હતા, વાત ન પુછો. અને સીમંધર સ્વામી ના અઠ્ઠમ કરાવ્યા એટલે પુછ્યું કે સાહેબ દુનિયાની અંદર તો શંખેશ્વર પાર્શ્વનાથ ના અઠ્ઠમ થાય, અને આપ સીમંધર દાદાના અઠ્ઠમ કરાવો છો. કહે કે મારો સીમંધર સ્વામી સાથે નો નાતો અલગ છે, આ જ શબ્દો હતા. અઢાર-વીસ વર્ષ પહેલા બની ગયેલી ઘટના અત્યારે પણ મને યાદ છે.

## સીમંધર સ્વામી સાથે નો મારો નાતો અલગ છે!

મારા હૈયાની અંદર સતત ને સતત અજપા સીમંધર સ્વામી ની જપ ચાલે છે, મારું કાંઈક પુણ્ય ઓછું પડ્યું ભરતક્ષેત્રની અંદર આવ્યો, થોડુંક પુણ્ય વધુ મળ્યુ હોત તો મહાવિદેહ ક્ષેત્રની અંદર સાક્ષાત સીમંધર સ્વામી ના દર્શન કરત, અને સમવસરણમાં પ્રભુના મુખે અમૃતની દેશના સાંભળવાનો મને લાભ મળત, આવી વેદનાઓ એમના હૈયાની અંદર હતી, અને અમારા જેવા સાવ નાના બાળ સાધક ની આગળ પણ એ હૈયાની વેદના ઠાલવતા હતા!

## THOUGHT IS HEIGHT

એટલા બધા વિચારો ઉન્નત હતા, શાસનની ચિંતા, એટલી બધી હતી, જિનશાસન આરાધના ટ્રસ્ટની સ્થાપના કરી, શા માટે કે મારા ભગવાનનો જ્ઞાનનો વારસો - આગળની પેઢી સુધી પહોંચે, એટલા માટે જિનશાસન - આરાધના ટ્રસ્ટની સ્થાપના કરી, એક હજારથી પણ વધારે આગમિક સાહિત્ય, એનું સંપાદન થયું, આજે કોઈ પણ જ્ઞાનભંડાર ની અંદર જાવ, અને જિનશાસન - આરાધના ટ્રસ્ટની પ્રતો, અથવા જિનશાસન આરાધના ટ્રસ્ટના પુસ્તકો તમને નહિ મળે, એવું બનશે જ નહિ. મોટા ભાગના પુસ્તકો જિનશાસન આરાધના ટ્રસ્ટના - હોય છે.

ભગવાનનો શ્રુતનો વારસો મારે ગમે તે હિસાબે ટકાવવો જ છે, અને ટકાવવો જ પડશે, તો જ પ્રભુનું શાસન આગળ સુધી ચાલશે. શાસનની ચિંતા - સમુદાય ની ચિંતા, અને આત્માની ચિંતા! આ ત્રણ ચિંતાની અંદર આ મહાપુરુષ આખો દિવસ મગ્ન રહેતા - હતા. સમુદાયની અંદર પણ બહુ મહત્વનો ફાળો, એમે જ્યારે અમારા ગુરુદેવ પંન્યાસપ્રવર શ્રી ચન્દ્રશેખર વિજયજી મહારાજ સાથે દાદર જ્ઞાન મંદિર ની અંદર ભેગા થયા, અચાનક એમની સાથે ભેગા થવાનું થઈ ગયું. અમે તો પહેલેથી ઉતર્યા હતા, અને અચાનક તેઓ વિહાર કરતા-કરતા આવી ગયા, અને મારા - ગુરુદેવને જોઈને હેમચંદ્રસૂરી મહારાજ એકદમ ખુશ થઈ ગયા. અને હેમચંદ્રસૂરી મહારાજ અમને બધા શું કહે કે કે આ તો મારા હોસ્નાર છે, જ્યારે હું મુનિ પણાની અંદર હતો, બિમાર પડ્યો હતો, ત્યારે તમારા ગુરુદેવે - મારી મન મુકીને સેવા કરી હતી, દાદા ગુરુદેવ - પ્રેમસૂરી મહારાજે આજ્ઞા કરી જાવ, હેમચન્દ્ર વિજય ની સેવા માટે, અને એ વખતે તમારા ગુરુદેવે અભ્યાસ

વગેરે ને ગૌણ કરી, મારી સેવાની અંદર આવ્યા. અને મને એટલી બધી શાતા આપી, આવી મતમતની વાતો હેમચંદ્રસૂરી મહારાજે કરેલી. મારા ગુરુદેવના હૈયાની - અંદર પણ સતત ને સતત શાસનની ચિંતા, એમના હૈયાની અંદર પણ સતત ને સતત શાસન, સમુદાયની ચિંતા હતી !

દર ચોમાસાની અંદર, અમારા - ગચ્છાધિપતિ તરફથી પત્ર આવે, કે ચોમાસની આરાધના શરૂ થઈ રહી છે, ચોમાસાની અંદર પરિણતિ ને વિશેષ ઉન્નત બનાવવાનો પ્રયત્ન કરજો અને સાથે સાથે હેમચંદ્રસૂરી મહારાજનો પણ કાગળ આવે, સમુદાયના પ્રત્યેક મહાત્મા ઉપર લાગણી હોવાના કારણે, દરેકે દરેક જગ્યાએ પોતે કાગળ મોકલી દે, તમારી રાગ- દ્વેષની - પરિણતિને ઘટાડવાનો પ્રયત્ન કરજો.

## THOUGHT IS HEIGHT

એન ત્રીજા નંબરની અંદર આવે છે,

## CHARACTER IS WHITE

એમનું ચારિત્ર પુવન એટલું બધું નિર્મળ હતું, વૈરાગ્ય - વારિધી તો હતા, વૈરાગ્ય દેશના દક્ષ તો હતા, પણ - વાત્સલ્ય વારિધી પણ હતા. અમે નાના હતા ત્યારે - એમની પાસે જતા હતા, એમના ખોળાની અંદર માથુ મુકતા હતા, અને અમારા માથા ઉપર આત્મ પ્રેમથી - હાથ ફેરવતા હતા. એટલો બધો વૈરાગ્ય, એટલું - બધું વાત્સલ્ય એમનું હતું કે વાત ન પુછો.

જબરદસ્ત ગુરુકૃપા એમને પ્રાપ્ત થઈ હતી. સમગ્ર શાસ્ત્રે જીવનનો વિકાસ ગુરુકૃપા વિના અશક્ય છે! વૈરાગ્ય પણ ગુરુ કૃપા વગર પ્રાપ્ત કરવો કઠિન છે!

અમારે ત્યાં એક બહુ મજાનું શાસ્ત્ર વાક્ય છે,

गुरुकृपा हि केवलं शिष्यस्य परं मंगलम्।

અમારા માટે કોઈ મોટામાં મોટું, અને ઉંચા માં ઉંચુ મંગલ હોય, તો એ માત્રને માત્ર ગુરુકૃપા છે. આવી જબરદસ્ત અને સરસ ગુરુકૃપાને પામેલા, આ મહાપુરુષ, એમના જીવનની અંદર તેજો નિર્મળ ચારિત્ર જીવન જીવ્યા, ચારિત્ર જીવનની અંદર કોઈપણ જાતનો અતિચાર ન લાગી જાય, સરસ મજાનું શ્રમણો નું ગ્રુપ તૈયાર કર્યું, અને એટલું સરસ મજાનું જીવન જીવ્યા કે વાત ન પુછો.

આજે પણ ઘણા બધા વર્ષો વિતી ગયા, સાંઘાણી સંઘમાંથી વિદાય થઈને લગભગ ૨૫ વર્ષ થઈ ગયા, છતા પણ સંઘ અને આ સંઘના લોકો, એમને ભુલી શકતા નથી. આવું સરસ મજાનું જીવન આ મહાત્મા જીવી ગયા. આ મહાત્માના જીવનના જે અદ્ભુત ગુણો હતા, જે ગુણોમાંથી કોઈક ગુણો આપણા જીવનની અંદર આવે, અને આત્મસાત્ આપણે કરીએ તો આ ગુણાનુવાદ સાચા લેખે લાગશે.

પૂજ્ય કલાપૂર્ણસૂરી સમુદાયના, DATE 04 07 2021

## પરમ પૂજ્ય શુકલધ્યાન વિજયજી મહારાજ સાહેબ

બહુ સરસ મઝાની ગુણાનુવાદ સભાનું આજે આયોજન, આજે આપણે વિવિધ ગુરુ ભગવંતો ને સાંભળવાના, બધા ખુબ નીકટથી પૂજ્યશ્રીને માણેલા, મળેલા, - અનુભવેલા, મારા તમારા જેવા બધા જ, પરમોપકારી - વૈરાગ્ય દેશના દક્ષ, જેમને કહી શકાય, એવા આચાર્ય - ભગવંત હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, આજે આપણી વચ્ચે નથી, બહુ મઝાનું એક જીવન પૂર્ણ થઈ ગયા, ગુણાનુવાદ કરતા-કરતા આપણે બધા જ થાકીએ. અને વારે વારે ઘડિયાળ ઉપર નજર રાખવી પડે એવી પરિસ્થિતિ અમારા સૌની જ્યારે થતી હોય, કારણકે બધા જ પ્રવચનકારો આવ્યા છે.

અત્યારે જેમ તમે બધાએ સાંભળ્યું, એક વિશિષ્ટતા જેમના જીવનમાં હતી, આચારોની બાબતે વ્યાપકતા કહો, વિશિષ્ટતા કહો કે, વિશુદ્ધતા કહો, જિનશાસનમાં બધી જ VARIETY મળે એ સહજ છે. પણ એ શાસનમાં તો હોય, પણ એ બધી VARIETY એક જ ગચ્છ માં મળે એ હજુ વધુ આશ્ચર્ય ઉત્પન્ન કરે, એક ગચ્છમાં તો બધી VARIETY મળે, પણ એમાં પણ એક સમુદાયમાં બધી પ્રકારની VARIETY મળે, આ સમુદાયમાં વિદ્વાન પણ છે, જ્ઞાની પણ છે, લેખક પણ છે, પ્રવચનકાર પણ છે, તપસ્વી પણ છે, એ હજુ વધુ આશ્ચર્યકારક બને એક સમુદાય માં - પણ આવી ઘણી બધી VARITIES મળે, જેમકે એક બજારમાં મળી જાય, પણ એક જ ઝાડ માં જ્યારે - આપણને બધી VARIETY મળે, ઓર વધુ આપણને આશ્ચર્ય થાય, જેમના સમુદાયમાં તો ખરું જ, પણ જેમના વૃંદમાં, જેમના GROUPમાં, તમને કોઈક,

DATE

વિદ્વાન, તપસ્વી, લેખકો, પ્રવચનકારો અને બધી જ પ્રકારના મહાત્માઓ, જેમની શિષ્ય સંપદા છે એવા પણ જોવા મળે. એથી વધુ આશ્ચર્ય થાય, કે એક પોતાના GROUP માં તો આ બધુ જોવા મળે, પણ આ બધી વસ્તુઓ પોતાનામાં જ જોવા મળે. ત્યારે એથી પણ વધુ આશ્ચર્યજનક બનતું હોય છે. જે જે પ્રવ્યાખ્યાન-શબ્દો તમે સાંભળ્યા હશે, સામાન્યથી વ્યાખ્યાનમાં-દાન-શીલ-તપ-ભાવ, જ્ઞાનાચાર, દર્શનાચાર, આવા બધા શબ્દો જે તમને મોઢે થઈ ગયા હોય, જે-વારંવાર તમે સાંભળતા હો,

દાનની બાબતમાં તો પૂજ્યપાદશ્રી તમને બધાને દાનની પ્રેરણા કરતા-કરતા અમે તમારી-પાસેથી કદાચ લાખ બે લાખ જર્યાવી શકીએ, પૂજ્યશ્રી તો અભયદાન જ અપાવી દે! એટલી સરસ મજાની વાત કરે, એટલે દાનની કક્ષા ની પરાકાષ્ટા-મન થઈ જ જાય!

દીક્ષામાં જ સર્વોદયમાં રત્નસુંદરસૂરી-મહારાજ સાથે હતો, ત્યારે વાત થઈ, વાત આથી વાત નીકળી ત્યારે સાહેબ કહેતા હતા કે પૂજ્યશ્રી ભવ-ભાવનાની વાત જ્યારે ચાલુ કરે, અને ચાર ભવોની બધી વાતો જ્યારે સાહેબ શરૂ કરતા હતા, એમાં એક-એક ગતિ નું જ્યારે વર્ણન ચાલુ થાય, એ કહે તાકાત-નથી કોઈની એ ફરી પાછો ઘરે જઈ શકે. એથી ઉત્કૃષ્ટ કક્ષાની અભયદાનની પ્રેરણા પોતાના જીવનમાં-હતી.

શીલ એ સ્વાભાવિક સાધુ તરીકે, અને ચહેરા જોઈને આપણને દેખાય આવે, પણ શીલની અંદર મેં જાણેલો સ્વભાવ લઈએ, તો એ સ્વભાવ પણ

classmate

DATE

ખુબ જ ROYAL હતાં, ROYAL FAMILY માંથી આવ્યા, અને ROYAL સ્વભાવ છેક સુધી પોતે મજાવી રાખ્યો. એવું સરસ મજાનું એમનું પોતાનું શીલ !

તપ માં જોવા માટે આપણે,

અભ્યંતર તપો નિધિ

વિશેષણ પણ આપણે મૂકીએ, તો જરાય અતિશયોક્તિ ન લાગે, એવા અભ્યંતર તપો નિધિ પોતે હતા, સ્વાધ્યાય તપ ના તપોનિધિ એ પોતે બન્યા !

ભાવ ની બાબતમાં પણ, એક દુર દુર સુધી એક વૈચારિક આંદોલન ફેલાવા ની એમની ઉત્કૃષ્ટ ભાવના, કે બુરો બધા બધી જાય, કપાતા - અટકી જાય, અને એવી પ્રેરણા કરીને પત્રો મોકલ્યા - હતા કે એવું એક વૈચારિક આંદોલન ઉભુ કરો, કે આખા વિશ્વમાં થતી હિંસાઓ બંધ થઈ જાય, આ થઈ દાન- શીલ- તપ- ભાવ ની વાત !

એવી કોઈ પણ પ્રિપદી લઈ આવો, નમની એવું લાગતું હોય - જ્ઞાન,

દર્શન,

ચારિત્ર,

એમાં પણ બરાબર પૂજ્યશ્રી FIT થઈ જાય. જ્ઞાન - બાબતમાં જિનશાસન આરાધના ટ્રસ્ટ, અત્યારે અહિંયાની જ્ઞાનભંડાર બાબી કરીએ, MAXIMUM પ્રતો જિન-શાસન આરાધના ટ્રસ્ટની મળે. અને એક - AUTHENTIC ગણાતી હતી, કે એમાં જે હોય, બે- ત્રણ બીજામાં અલગ અલગ વસ્તુઓ મળતી હોય,

DATE

તો છેલ્લે જિનશાસન આરાધના ટ્રસ્ટનું આપણે બધા-
માન્ય રાજીએ. એક સરસ મઝાનું જ્ઞાનના ક્ષેત્રે,
દર્શનના ક્ષેત્રે પરમાત્માની ભક્તિ, જેમાં સહેજ આમ
વાનગી જોવી હોય, અધ્યાત્મયોગી કલાપૂર્ણસૂરી મહારાજની
કોઈએ જોવાનું રહી ગયું હોય, સાહેબ જેમ બાકી રહી
ગયા જેમણે એમને જોયા નથી, કહેવાનું હતું એમની
ભક્તિ બહુ સારી હતી, અત્યારે જોવું હોય તો ક્યાં જવું?
પરમાત્મા ભક્તિ નો TASTE ફરી થી જોવો, માણવો, ચાખવો
હોય, તો એમને જેમણે બધા એ સરનામું આપ્યું
પડતું હતું, કે આપ બધા ભવ બને હેમચન્દ્રસૂરીશ્વરજી-
મહારાજ ને જોઈ આવો, આ દર્શન!

ચારિત્રની બાબતમાં પણ ખુબ જ સુંદર-
મઝાનું ચારિત્ર! કહેવું પણ ન પડે કારણકે એ જેના
હાથની નીચે તૈયાર થયા છે, જેના ચારિત્રમાં કોઈ
સવાલ જ નથી.

દેવ-ગુરૂ-ધર્મ ની વાત લાવો! તો
અરિહંત દેવ પાછળ ભક્તિમાં પાગલ! ગુરુ ભગવંતો-
પ્રત્યે એમની સમર્પિતતા અદ્ભુત હતી. ધર્મની બાબત-
માં પણ નાની.. નાની.. નાની.. નાની.. વસ્તુઓમાં
ખુબ જ કાળજી.

અહિંયા પહેલા એમના તરફથી ખુબ સરસ
મઝાની સૂચનાઓ મને ખુદને, દેવલાલી કલાપૂર્ણ તીર્થમાં
હું હતો, હજુ તો મહિનો, સવા મહિનો થયો હશે,
સાત ક્ષેત્રની બાબતમાં સાહેબના એટલા બધા સુચનો
મળ્યા હતા, કે તમે આમ કરજો, આનું આમ કરજો,
આનું આમ કરજો, નિઃસ્વાર્થ ભાવે, જેમાં એમનો
પોતાનો કોઈ સ્વાર્થ ન હતો, એમાં એમને બીજું કાંઈ જ

મળવાનું ન હતું, બસ એક સ્વાભાવિક રીતે આનું આમ કરી શકાય, આનો વહિવટ આમ કરી શકાય, એટલી બધી સરસ મજાની સુચનાઓ આપી, એટલે આ બધી બાબતો સાહેબજીની જોઈએ. એટલી બધી PERSONAL વાતો કરવાનો અત્યારે સમય નથી, બાકી અમે પણ સાથાળી માં રહ્યા હોઈએ એટલે હેમ-ચંદ્રસૂરી મહારાજનો નિકટથી પરિચય થયો જ હોય.

મારા જીવનનો પણ પહેલો અઠ્ઠમ, - સાહેબજીની નિશ્રામાં થયો, એક ઉપવાસનું પચ્ચક્ખાણ લીધું હતું, બીજે દિવસે હજુ ગયો ન ગયો ત્યાં તો બીજા બે ઉપવાસ નું પચ્ચક્ખાણ આપી દીધું, કોઈને કીધા- પુછ્યા વગર, સાત વર્ષની ઉંમર, ઘરેથી બધા આવ્યા, સાહેબજી અઠ્ઠમ નું પચ્ચક્ખાણ, સાત વર્ષનો છોકરો, થઈ જશે... થઈ જશે... બહુ જ મજેથી- અઠ્ઠમ પુરો થયો, સાહેબ પોતે અઠ્ઠમ ના પારણે, માસક્ષમણ ના પારણે પગલા કરવા આવે એ સમજુ- શકાય, અઠ્ઠમના પારણે ત્રણ માળ ચડીને પગલા- કરવા આવેલા, કારણકે નાના બાળકે અઠ્ઠમ કર્યો છે.

આ બધી આજથી બહુ જુની વાતો, જ્યારે પહેલું ચોમાસું હતું. આવી કઈક ગળી વાતો. પ્રચલિત- પ્રચલિત વાતો તમને કહું છું, જેમકે આપણા તીર્થંકરોમાં પણ જે પ્રચલિત- પ્રચલિત તીર્થંકરો છે, જેમના નામ તમે સાંભળ્યા હશે, ઋષભ- શાંતિ- નેમિ- પાર્શ્વ- વીર! બાકી બધું કુંથુનાથનું સ્તવન જેને આવડે એ સંઘમાં વિદ્વાન ગણાય. અરનાથનું સ્તવન આવડે એટલે ઘાટકોપરના વિદ્વાન ગણાય. બાકી ભગવાન આપણે આ પાંચ ભગવાન માં રમતા હોઈએ. ઋષભ- શાંતિ- નેમિ- પાર્શ્વ- વીર- એમને આમ

આપણે જોયા જહોજેનો ગુરુ ભગવંત પણ ઉંચા મળ્યા, એટલે એમની સંગત પણ સારી, એમની આદત-પણ સારી, એમની દાનત પણ સારી. સંગત એટલી બધી સારી કે પૂજ્યશ્રીના ગુરુ ભાઈજી જુઓ, કે-ગુરુ પરંપરા જુઓ, એટલી સુંદર સંગતમાં એમનો-ઉછેર થયો. પાછળથી પણ ઉંચી સંગત મળી, એમની આદત સારી એટલે કે એમના ટેબલ ઉપર શાસ્ત્રોની કોઈ ને કોઈ પ્રતો પડી જ હોય. હમણાં જ થોડાક દિવસ પહેલા, મારા ગુરુદેવ અમને વાચનાઓ આપતા હતા, દેવલાલીમાં, ત્યારે પ્રેરણાસ્રોતમાં દાનની વાત નીકળી, તો કહે કે અત્યારે પણ તમે અમદાવાદ જવ, તો હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના ટેબલ ઉપર, કોક ને કોક, પ્રત પડી જ હશે, એવું જ ભારપૂર્વક કહેતા હતા, અત્યાર સુધી અમે જ્યારે પણ ગયું છે, ત્યારે તેમનું ટેબલ ખાલી નથી મળ્યું પ્રાયઃ કરીને કોઈ ને કોઈ એમની પ્રતો એમના ટેબલ ઉપર-હોય જ, એટલે આવી સરસ મજાની એમની જીવન-શૈલી હતી. એટલે જેની સંગત બહુ સારી, જેની આદત બહુ સારી. એટલે આદતમાં શાસ્ત્ર-સંશોધન વગેરે જ ચાલ્યા કરે, આગળ વધી ને જેની દાનત બહુ સારી, જેની દાનતમાં સતત દેખાયા કરે કે શાસનનું સારું થાય, સંઘનું સારું થાય, બધા આગળ વધે.

આવી સરસ દાનતના કારણે એમને જ ગુરુ પરંપરા પણ મળી, આપણને શાસ્ત્રો થઈ ગયા. આપણે લાગે કે આદિ કાળ, તો જેમણે શરૂઆત કરી. તો સૌ પ્રથમ તીર્થંકર આપણને આદિનાથ મળ્યા, તો હવે સાધુઓની સંખ્યા વધારવી જ પડશે, આવો બહુ જ શ્રેષ્ઠ નિશ્ચય કરનાર. અને એ

સુવિશુદ્ધ સંયમ પ્રેમી પ્રેમસૂરીશ્વરજી મહારાજ મળ્યા, જે જેમને ધર્મની આદિ કરાવનારા મળ્યા, એમણે - પૂજ્યશ્રીને શરૂઆત કરાવી, જોડ્યા ધર્મના માર્ગે.

આદિનાથ પછી આવે શાંતિનાથ,
સૌભાગ્યવંતા શાંતિનાથ ભગવાન, ચક્રવર્તી પણ બન્યા, તીર્થંકર પણ બન્યા, એમના દાદા ગુરુદેવ પૂજ્ય - ભુવનભાનુ સૂરી મહારાજ, તપોનિધિ પણ બન્યા, અને ગચ્છનાયક પણ બન્યા! આવું COMBINATION અત્યારના વિદ્યમાન સમુદાયોમાં લગભગ બહુ ઓછું જોવા મળશે, કે જેમણે ૧૦૮ ઓળી પણ કરી હોય, અને એમની સાથે સમુદાય નું સર્જન પણ કર્યું હોય, કોઈકે સમુદાય નું સર્જન કર્યું હોય, તો ઓળી ના કરી શક્યા હોય, તપ કર્યું હોય તો સમુદાય સર્જન - ના કરી શક્યા હોય, જો કરી શક્યા હોય તો વ્યાખ્યાન ન આપી શક્યા હોય, બધું જ મળ્યું, જેમ ચક્રવર્તી પણ બન્યા, તીર્થંકર પણ બન્યા. એમ શાંતિનાથ ભગવાન જેવું સરસ ભુવનભાનુસૂરીશ્વરજી નું સ્થાન - મળ્યું.

શાંતિનાથ ભગવાન પછી આવે, નેમિનાથ ભગવાન, ~~[illegible]~~ અલિપ્ત રહ્યા! નેમિ- નાથ જેમ અલિપ્ત રહ્યા, જાન આવી ગઈ હતી, સામે રાજુમતિ દેખાતા હતા, અલિપ્ત રહ્યા અને પાછા વળી ગયા, પદ્મ જેમ તેવું હોય તો જે અલિપ્ત જ હોય, પણ ક્યારે લેપાય નહિ. અને પૂજ્યશ્રી - પોતે પણ એવા જ હતા, માટે લેપાયા નહિ.

પછી આવે પાર્શ્વ સૌભાગ્યશાળી, જેવી પૂજ્યપાદ ગચ્છાધિપતિ શ્રી જયઘોષસૂરી મહારાજ સાહેબના

પોતાના શિષ્યો ૩૦-૪૦ હશે, સૌભાગ્ય કહેવું કે સાડા-છસ્સો ના નાયક હતા, સૌભાગ્ય એને કહેવાય કે પોતાની મહેનત કે એવો વિશેષ પુરુષાર્થ ન હોવા-છતા, સૌભાગ્ય પોતે જ સામે થઈ ને આવે. જેમ પાર્શ્વનાથ ભગવાનનું સૌભાગ્ય, હીરસૂરી-જયઘોષસૂરી-મહારાજ નું ^સૌભાગ્યશાળી સાનિધ્ય જેમને મળ્યું.

અને FINALLY આપણે બધા પણ વીર પ્રભુના શાસનથી જ વિદાય થવાના છીએ, તેઓ-પણ એવા વીર સમાન, વીર ની યાદ અપાવે, ગૌતમ-ની યાદ અપાવે, એવા રાજેન્દ્રસૂરીશ્વરજી ના સામ્રાજ્યમાં હીરસૂરી પાંચ-પાંચ ગુરુ એની નિશ્રા પામીને, અહીં થી પોતે વિદાય થયા. તેઓ પોતાના ભુવનભા-પ્રેમસૂરીશ્વરજીનું ચારિત્ર પણ પોતે લાવી શક્યા, આપણે બધા ધોયમાં ગાઈએ છીએ,

નેમિ રાજ ચિન્ત વિરાજ' વિલોકિત વ્રત લીયે.

પણ હકીકતમાં પૂજ્યશ્રી માટે પણ એવું જ બન્યું, કોઈકની વરઘોડો જોઈને વિલોકિત વ્રત લીયે. પંન્યાસજી ચંદ્રશેખર-વિજયજી મહારાજ ની વરઘોડો જોતા જોતા, ઈચ્છા થઈ ગઈ કે આ દીક્ષા લઈ શકે તો આપણે કેમ ન લઈ શકીએ. એવી સરસ ભાવની પૂજ્યશ્રીને પણ ચારિત્ર ની ભાવના-થઈ.

બહુ જ ટુંકાણ માં કહેવું હોય તો એમ કહી શકાય કે નવ વિકેટ પડી ગઈ હતી. એક આખો-દિવસ રમવાનો હજુ બાકી હતો, છેલ્લી વિકેટ પડે તો મેચ પુરી થઈ જાય એમ હતી. જીતવાનો કોઈ CHANCE ન હતો, પણ હારવુ ન હોય તો એક જ CHANCE હતો

કે ગમે તેમ કરીને એ દિવસ પુરો કરવો. અને એ આખો દિવસ ટુકુ.. ટુકુ.. રમતા કારણકે, આ પંચમ કાળમાં મોહ રાજાને હરાવવો, શક્ય નહતો પણ MATCH DRAW કરવી શક્ય હતી, કે એમના-હાથી હાર્યુ પણ નથી. જેમ એક લિટર પેટ્રોલમાં મુંબઈથી ગાડી ઉપાડી ને અમદાવાદ પહોંચાડી આટલા બધા નબળા શરીરે, આપણને આશ્ચર્ય લાગે એક-લિટર પેટ્રોલમાં અમદાવાદ કઈ રીતે પહોંચે ગાડી ? સાહેબ, અમદાવાદ તો દુર, અહીં થી HIGHWAY સુધી જતા-જતા એક લિટર નો પુરુ થઈ જાય. અને એ પૂજ્યશ્રીએ અમદાવાદ સુધી ગાડી પહોંચાડી, એકદમ-નબળા શરીરે.

બની શકે કોઈ ગુરુ ભગવંતો માટે-આપણે કહેતા હશું કે એમની છાતી છપ્પન ની હતી, પૂજ્યશ્રી માટે કહેવાનું મન થઈ જાય,

કે એમનું કપાળ બોંતેર નું હતું !

અને બધી રીતે પોતે જે બોલે એવું જ થાય, એવી વિશેષતા પૂજ્યશ્રીની ! ઘણા મહાપુરુષો ની વિશેષતા-હોય જે ધારે તે થાય, એવા એક વિશિષ્ટતમ-મહાપુરુષ પૂજ્યશ્રી હતા. આપણે બધા જ પૂજ્યશ્રી ના જીવનમાં રહેલા અદ્ભુત ગુણ રત્નોના ગુણો-જિનશાસન પ્રત્યેની તેમની નિષ્ઠા, તેમનું સંયમ, તેઓશ્રી નું બ્રહ્મચર્ય, તેઓશ્રીની પુણ્યાઈ-વગેરે વગેરે, અનેકાનેક ગુણો એ તમે હવે આજે સાંભળશો. આપણે આ બધા ગુણો ને ખુબ માણવા છે, ભજવા છે, અને અફસોસ બહુ નહિ કરતા કે હવે ગુરુદેવ આપણી પાસે નથી. કારણકે પૂજ્યશ્રીની

પરિસ્થિતિ એવી થઈ ગઈ હતી, કે પોતે OUT પણ ન હતા થયા, CATCH OUT પણ ન હતા થયા, CLEAN BOLD પણ ન હતા થયા, એવું કાંઈ જ ન હતું થયું, પરિસ્થિતિ એવી થઈ ગઈ હતી કે એમણે ત્રણ-ત્રણ CENTURY લગાવી પણ દીધી હતી. પણ દિવસ જ પુરો થઈ ગયો હતો, MATCH જ પુરી થઈ ગઈ હતી, ઘણી વાર PLAYER બધા OUT થાય તો જ મેચ પુરી થાય એવું ન હોય, OVER પુરી થઈ જાય તો પણ PAVALLION માં જવું પડે.

તેઓ શ્રી, જે OUT થઈને પેવેલીયન ભેગા થયા હોય એના માટે અફસોસ હોય, અને જેઓ OVER પુરી થયા પછી પેવેલીયનમાં જાય ને એ પણ ત્રણસો રન બનાવી ને જાય, એમના માટે અફસોસ આપણે બધા એ કરવાનો જ ના હોય, આપણે બધા એ ફક્ત અનુમોદના જ કરવાની હોય. કે સાહેબ આપની INNING પુરી થઈ અને દિવસ પણ પુરો થઈ ગયો, અને OVERS બધી પુરી થઈ ગઈ, અને પેવેલીયન ભેગાં જવું પડયું. ફરી પાછી નવી MATCH અત્યારે ચાલુ થઈ ગઈ હશે, SELECTON COMMITEE એમનું SELECTION પણ કરતી હશે, ફરી પાછા કોઈ સૌભાગ્યશાળી કુળમાં, અત્યાર સુધી તેઓ શ્રી પધારી પણ ગયા હશે. અને વહેલી તકે તેઓ સીમંધર સ્વામીના સમવસરણ માં હશે, વહેલી તકે ગુરુદેવ ત્યાં પહોંચી જ ગયા હશે, એ સો ટકાની વાત ને આપણે બધા સ્વીકારી લઈએ એ જ અભ્યર્થના સાથે!

કલિકુંડ તીર્થોધ્ધારક પૂજ્ય રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજના સમુદાયના

DATE 04 07 2021

પરમ પૂજ્ય રાજસુંદર વિજયજી મહારાજ સાહેબ !

કુછ લોગ બારિશ કી તરહ હોતે હૈ, બરસ કર ખત્મ હો જાતે હૈ, ઔર કુછ લોગ પવન કી તરહ હોતે હૈ, જો ખામોશ રહકર ભી આસપાસ રહતે હૈ.

સામાન્ય વ્યક્તિત્વ માટેની આ વાત, કહેવી હોય તો કહી શકાય, આપણા મહાપુરુષો માટે આવી ઉપમાઓ ન અપાય, એનાથી આગળની ઉપમા દ્વારા કહી શકાય,

કુછ લોગ હરદમ બારીશ કી તરહ બરસતે ભી હૈ. ઔર ખામોશ હો કર આસપાસ રહતે ભી હૈ! આવા એક પરમ મહાપુરુષ પૂજ્ય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના ગુણાનુવાદ આજે કરવાના છે ત્યારે, સામાન્ય તથા જ્યારે જ્યારે ગુણાનુવાદ થતા હોય, ત્યારે સદ્‌ગુરુ તત્ત્વની ઉપાસના તથા ગુણાનુવાદ કરવાના હોય ત્યારે, સામાન્યથી આ એક પ્રશ્ન આવતો હોય છે.

દેવ મહાન કે ગુરુ મહાન ?

આવે કે નહિં ? કોણ મહાન એ હું તમને પૂછું છું, દેવ- મહાન કે ગુરુ મહાન ? તમારી SYSTEM શું, લગન હોય એના ગીત ગવાય! દેવ મહાન કે ગુરુ મહાન ? કોણ મહાન ?

પંચાશક સૂત્રમાં પૂજ્ય હરીભદ્રસૂરીશ્વરજી મહારાજ,

ગુરુદેવયાણં


classmate

ગુરુ એ દેવ કરતાં પણ ઊંચું તત્ત્વ છે.
કદાચ કહેવું હોય તો કહી શકાય કે કબીરજી એ આવું
કાંઈક વિચાર્યું હશે, ગુરુ ગોવિંદ નું શબ્દાંતર એમણે
કર્યું હશે. આપણા મહાપુરુષો કેટલા DEPTHમાં-
ગયા છે, ગુરુ તત્ત્વનું શું મહત્ત્વ છે કે જે શાસ્ત્રકાર
ભગવંતો પાસેથી જાણવા જેવું છે.

પૂજ્યપાદ આચાર્ય ભગવંત હેમચંદ્રસૂરી-
શ્વરજી મહારાજ, ખરેખર જેટલા બધા પરમાત્મા-
પ્રેમી જેમને કહી શકાય, સીમંધર દાદાનો અદ્ભુત-
પ્રેમ એમના અંતરમાં તો પ્રતિષ્ઠિત હતો જ, સાથે-
સાથે લોકોની અંદર પણ જે પ્રતિષ્ઠિત કર્યો છે.
મુંબઈ ચાતુર્માસ પતાવી ને, અમદાવાદ આવી ને,
કલિકુંડ તીર્થમાં ઘણા બધા મુમુક્ષુઓની દીક્ષા-
હતી, અમદાવાદમાં પણ એક બાઈની દીક્ષા હતી,
બધા મુમુક્ષુઓ, નૂતન દીક્ષીતો, પૂજ્ય હેમચંદ્ર સૂરી-
શ્વરજી મહારાજ પાસે સહજ હિતશિક્ષા લેવા માટે-
ગયા. નાના -- નાના બધા જ મહાત્માઓ સાથે-
મોટા મહાત્માઓ ને પણ આચાર્ય ભગવંતે હિતશિક્ષા-
આપી. બહુ સરસ મજાની વાત કરી, આપણી પોતાની
MENTALITY શું હોય, મને જે વ્યક્તિત્વ ઉપર-
શ્રદ્ધા છે, જે જે તત્ત્વ ઉપર શ્રદ્ધા છે એ બીજા
ઉપર થોપવાનો પ્રયાસ પણ કરીએ છીએ. એમનો-
થોપવાનો પ્રયાસ ન હતો, બધા ને હિતશિક્ષા પછી,
પોતે કલિકુંડ પાર્શ્વનાથ દાદા નો પ્રસંગ
એમણે કીધો, કે હમણાં જ ગયા અંક ના શાંતિ સૌરભ-
માં મેં એક બહેન ની ઘટના વાંચી, એમના સોનાના
આભુષણો ખોવાઈ ગયા હતા, અને એ ખોવાયા પછી
બહેને બહુ બધા પ્રયાસ કર્યા. આભુષણો ના મળ્યા,
અને આખરે એક કલિકુંડ દાદાને શ્રદ્ધા માં રાખીને

અને બીજા જ દિવસે આભુષણો મળી ગયા આ ઘટનાનો
શાક્ષિ સૌરભ ની છે, આચાર્ય ભગવંતે કહ્યું કે આવી
જ ઘટના SIMILAR મારે પણ બની છે. પછી-
આચાર્ય ભગવંત પોતાની ઘટના કહી રહ્યા છે. થોડો
સમય પહેલા ક્યાંક અંજનશલાકા નો પ્રસંગ હશે,
પોતાના સંસારી ભાઈની સોનાની વાટકી અને સળી
અંજન શલાકા માટેની હતી, અંજનશલાકા ની વિધિની
સમાપ્તિ થઈ, પરિમલ સંઘ ની LIBRARY ના કબાટ
ની અંદર એ સોનાનો સામાન મુકવામાં આવ્યો,
જે એમના સંસારી ભાઈ ને પાછો પહોંચાડવાનો-
હતો. ફરી તપાસ કરી અને એ સોનાની વાટકી-
અને સળી મળતા નથી. એક વાર, બે વાર, પાંચ-
પાંચ વાર તપાસ કરાવી, ત્યાં સુધી એક-બે વર્ષ
નીકળી ગયા પણ એ સોનાની વાટકી અને સળી
ના મળી. આ પ્રસંગ ક્રિટિ સમજ આવ્યો, એમણે
કહ્યું એમના માણસને કે, હું તને કહું છું મહાત્મા
ને સાથે લઈને કે, કલિકુંડ દાદા નું સ્મરણ કરજે,
અને પછી તને સોનાની વાટકી ને સળી ના મળે-
તો કહેજે, મહાત્મા સાથે ગયા, કબાટ ખોલ્યો,
જે કબાટમાં પહેલી થેલી પાંચ-દસ વાર ખોલીને
જોઈ હતી. કલિકુંડ દાદાનું નામ સ્મરણ કર્યું ને-
ત્યાં થેલી ખોલી, સોનાની સળી અને સોનાની
વાટકી એની અંદર થી જ મળી ગઈ. વિશેષતા
હવે એની એવી છે, એ સમયે જે મહાત્મા હતા
એણે પુછ્યુ હશે પૂજ્યશ્રી ને, ગુરુદેવ મહાપુરુષોને
તો સોનું હોય કે માટી હોય કોઈ વિશેષ ફરક
પડે નહી તો, તો આપ આ વાટકી ને સળી માટે
આટલી મહેનત શા માટે કરાવો છો, બહુ સરસ-
જવાબ આપણા હૃદયને આવર્જિત કરી દે એવો
જવાબ, ભલે સોનું અને માટી એ બંને સમદ્રષ્ટિ હોય

DATE

પણ, આજરે તો કોઈ શ્રાવક ની હતી કે નહતી! આપણાથી CARELESS રહેવાય કઈ રીતે. એમના કરતા હવુ એક STEP આગળના સ્તરની વાત, મેં માણસ ને બોલાવી ને, ચકાસાવી ને આ રીતે ઘરના કરાવડાવી, કારણકે મને તો મારા પરમ તારક-પરમાત્મા ઉપર શ્રધ્ધા છે જ, પણ એ માણસના-અંતરમાં પણ આ પરમાત્મા પ્રતિષ્ઠિત થાય, એટલા માટે મેં આ તપાસ એની પાસે કરાવી. શું અદ્ભુત પ્રતિક્રિયા આ મહાપુરુષ ના મનમાં હશે એમ કહેવું પડે. એની પછી એમની સાથે કૃપા-રત્ન વિજયજી હતા એમને કહ્યું કે તમારે આ-ઘરના શબ્દસ લખીને આપવાની છે, અને-ખરેખર જે લખાઈ અને ગયા વર્ષે, પૂજ્યશ્રી નામ સાથે શાંતિ સૌરભમાં પ્રગટ થઈ. ખરેખર,

મહાપુરુષોના અંતરમાં કેવો પરમાત્મા પ્રેમ હોય છે!

પરમાત્મ પ્રેમ, પરમ તત્વ ને ખુશ-કરવાની સાથે સાથે, પોતાના સદ્ગુરુ તત્વ, પ્રેમ-સૂરીશ્વરજી મહારાજ ની કેવી અનરાધાર કૃપા એમના-પર વરસી છે એ પણ જોઈ લઈએ.

હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના ચોમાસાની બાબતમાં એમ કહેવાતું, CAMBAY TO BOMBAY AND BOMBAY TO CAMBAY. ખંભાત ચોમાસા થાય, પાછા મુંબઈ ચોમાસા થાય, આ જ યાત્રા ચાલી. પૂજ્ય પાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજ એ એમને મોકલ્યા ખંભાત ચોમાસુ કરવા માટે. એક ચોમાસુ કર્યું, પાછુ બીજું ચોમાસુ કર્યું, ચોમાસુ પત્યું પછી થોડા સમય પછી પાછો ચોમાસા નો નિર્ણય આવ્યો,

classmate

આચાર્ય ભગવંત કહે છે, હેમચંદ્રનાથે ખંભાતમાં ચોમાસુ કરવાનું છે. જ્યારે જ્યારે ચાતુર્માસ નો નિર્ણય થાય તો ત્યારે મહાત્મા પોતે પણ વિચારે, ક્યાં મને વધારે RESULT મળશે, ક્યાં મારો પ્રભાવ વધારે ફેલાશે, ક્યાંક ને ક્યાંક પોતાનું વ્યક્તિગત મંતવ્ય INVOLVE થતું હોય, પૂજ્યશ્રીએ જે ચોમાસા- ખંભાતમાં કર્યા પછી થોડા સમયમાં પાછી ત્રીજા ચોમાસાની આજ્ઞા કરી, પૂજ્યશ્રી નતમસ્તક થઈને જે આજ્ઞાને શિરસા વહે કરે છે. પોતાના ગુરુ ખરેખર પોતાના માટે જે પણ વિચારે એ હિત જ વિચારતા હોય છે, જેમ પૂજ્યશ્રી ખંભાત ચોમાસુ કરવા માટે ગયા, પાંચ સાધુઓ સાથે ગયા હતા, ફરી પ્રેમસૂરી-શ્વરજી મહારાજને વંદન કરવા આવ્યા ત્યારે, પાંચમા-દસ થઈ ને પાછા આવ્યા હતા.

## સદ્ગુરુની કૃપા શું કામ કરે છે !

જે કૃપા ત્યારે જ કામ કરે છે, જ્યારે અંતરમાં પૂર્ણ-સમર્પણ ભાવ હોય છે.

ગયા વર્ષે મળ્યા, શરીર ભયંકર રીતે અસ્વસ્થ હતું. પણ જ્યારે પરમાત્માની વાતો આવે, ત્યારે તમે એમની મુદ્રા જોઈ હોય તો, ટેકો દઈને, બેઠેલા હોય, પગ સહેજ ઉંચો હોય, પણ આવી વાત આવે ત્યાં ટટ્ટાર થઈ ને બેઠા હોય, ને પોતે- અસ્ખલિત ધારાની જેમ, પ્રેમ સાથે, ગુસ્સા સાથે- વાતો કરતા હોય. એને ખ્યાલ છે શરીર ક્યા એટલે પ્રતિકૂળ હતું, એની શરીર પ્રતિકૂળ હોવા છતાં, પરમાત્મા પ્રેમની વાતો તેઓ કેવા શૌર્ય સાથે, કેવી વીરતા સાથે કરતા હતા.

ખરેખર શરીરને SPDE માં મુકીને, આત્માને સંતુષ્ટ કરવાની વર્ષોની એમની વૃત્તિને જેટલી સલામ કરીએ તેટલી ઓછી છે.

"તમને" પૂછવામાં આવે, દુનિયામાં ખરે-ખર "કોને" ખુશ કરવા જોઈએ, ક્યારેક પત્નીને, ક્યારેક પરિવારને, ક્યારેક પુત્રને, ક્યારેક પાડોશીને બધાને ખુશ કરો કે ના કરો! સતત દિવસ-રાત આપણી મનોવૃત્તિ માત્ર ને માત્ર આસપાસના બીજા-લોકોને ખુશ કરવા માટેની જ હોય છે.

## ખરેખર ખુશ કોને કરવા જોઈએ ?

યોગસાર ગ્રંથની અંદર, ચિરંતનાચાર્ય બહુ સરસ મત્ર-ના શબ્દોની અંદર ફરમાવી રહ્યા છે.

तोषणीयो जगन्नाथः तोषणीयश्च सद्गुरुः ।
तोषणीयस्तथा स्वात्मा किमन्यैर्बत तोषितैः ॥

છેલ્લું ચરણ EXCELLENT! ભગવાનને ખુશ કરો, સીમંધર સ્વામી દાદા. સદ્ગુરુ તત્વને ખુશ કરો, પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજ! છેલ્લે, સર્વજ્ઞ, સદ્ગુરુ, ને સ્વાત્મા, એ ત્રણ સિવાય દુનિયામાં બીજા કોઈને ખુશ કરવાની જરૂર નથી, આવું ચિરંતનાચાર્ય યોગસારમાં કહી રહ્યા છે. છેલ્લું ચરણ EXCELLENT શું છે, ત્રણ ખુશ થયા પછી, બીજાને ખુશ કરો કે ના કરો, શું ફરક પડવાનો હતો. જેમણે આ ગઈ સાલ આવી તબિયતે જોયું છે, તેઓ શરીરને સાઈડમાં મુકીને, પોતાના આત્માને ખુશ કરવાની ધગશ! આવા મહાપુરુષોના જેટલા-ગુણાનુવાદ કરીએ એટલા ઓછા છે, આપ દરેકથી મુખાકૃતિ જુઓ પૂજ્યશ્રીની તો કદી ઈસ્જી લાગી.

કદાચ ગમે તેટલા તમે કરોડપતિઓ હશો, પણ આવું SIMPLE, આવું સ્મિત, આવો આનંદ, તમારા મુખ ઉપર ક્યારેય નહિ આવે, આવશે ક્યારે ? એક - નાનકડી છેલ્લી વાત કરીને સમાપન કરીશ.

હમ હસ નહિ શકતે અમીર હોતે હુએ,
પર વહ ખિલખિલાહટ હસતે હૈ ફકીર હોતે હુએ...

બહારથી કદાચ વેષ ફકીરનો હશે,
પણ
અંદર અમીરાઈ સદ્‌ગુણો ની ભરેલી છે !

આવા એકાદ સદ્‌ગુણને આપણે આપણા જીવનમાં - લાવીને, સિદ્ધ થઈએ એ જ અભ્યર્થના સાથે !

## આચાર્ય ભગવંત જયસુંદરસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન!

DATE 04 07 2021

## પૂજ્ય ધનંજય વિજયજી મહારાજ સાહેબ

અનેક ગુરુ ભગવંતો, આચાર્યશ્રીના ગુણાનુવાદ - કરવા માટે પધાર્યા, એમણે ગુણાનુવાદ કર્યા. જે ગુણો- નો પરિચય, મને કે તમને કે કોઈને ન હતો, તેવા અનેક ગુણો નો પરિચય, બધા મહાત્માઓ આપણ- ને કરાવી રહ્યા છે.

આચાર્ય ભગવંતશ્રી અનેક ગુણોના- સ્વામી, પણ મને એમનો સવિશેષ જે ગુણ ગમ્યો, અને લાગે છે કે આ જીવનની તમામે તમામ આરાધના અને સાધનાના કેન્દ્રમાં, એ ગુણ એ- આચાર્ય ભગવંત નો લાવી શક્યા અને પામી શક્યા, તો જરૂર એમ લાગે કે આપણે આ ભવને નહિ- આવતા ભવને પણ સુધારી શકશું. અને એમનો,

### એ ગુણ હતો સમાધિનો!

તમે કે હું અત્યારે કોઈપણ પ્રકારના ગુસ્સામાં કે કષાયમાં નથી. તમારા ચહેરાને જોઈને અત્યારે કોઈ કહી શકશે ખરા કે તમને ક્યારે ગુસ્સો આવે છે. કોઈ નહિ કહે. પણ તમને કોઈ છંછેડે, ત્યારે માણસનું અંદરનું અસલ સ્વરૂપ બહાર આવે ને ખબર પડે કે આ માણસને ગુસ્સો આવે છે કે- નથી આવતો.

વર્તમાન ગચ્છાધિપતિશ્રી કેન્દ્ર સ્થાને અત્યારે બિરાજમાન છે, પૂજ્યપાદ પ્રશાંતમૂર્તિ - આચાર્ય ભગવંત રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ. તમે પણ અત્યારે શાંત છો ને આચાર્ય ભગવંત પણ શાંત સ્વરૂપે બિરાજમાન છે, છતા એ જ પ્રશાંતમૂર્તિ

કહેવાય છે, આપણે નવ્વી કહેવાના, કારણકે આપણે એ મતના છીએ જેમ કુનરી બાજુ માંથી શાંતિથી પસાર થાય, અને આપણાને થાય કે એ શાંત છે, એવી મતના શાંત આપણે, મે એને છંછેડવામાં-આવે તો એ બસ્યા વગર ના રહે, એ પ્રકારના આપણે.

તેને બીજુ બાજુ કોઈ આચાર્ય ભગવંત સામે ચંડકૌશિક બનીને આવી પણ જય, સંગમકે, શુલપાણી બનીને પણ કોઈ આવી જય, અને તો છતાં જેમને કષાય ન સ્પર્શે ને એનું નામ ગચ્છાધિપતિ, આચાર્ય ભગવંત રાજેન્દ્રસૂરીશ્વરજુ મહારાજ.

વિષય વાસના પ્રત્યે મુર્છા ન હોય, વૈરાગ્યની ભાવના હોય, નિઃસ્પૃહ ભાવનાની પરાકાષ્ટા હોય, એ પ્રકારના મહાપુરુષો આપણને ઘણા એવા-મળી જય. સંયમ જીવનમાં ત્યાગ અને વૈરાગ્યની પરાકાષ્ટા હોય, એવા મહાપુરુષોના દર્શન આપણને જલ્દીથી પ્રાપ્ત થઈ શકે પણ જેનામાં કષાયના-દર્શન પણ ન થાય તો, એવા મહાપુરુષો જવલ્લે જ મળે છે. એવા મહાપુરુષોમાં એક મહાપુરુષ એટલે વર્તમાન ગચ્છાધિપતિ, રાજેન્દ્રસૂરીશ્વરજુ મહારાજ, જેમ શાંત સ્વભાવ, પ્રશાંતમૂર્તિ નો ગુણ આપણને એમનામાં એવા મળી, એમ સમાધિ નો ગુણ મે એવા મળતો હોય તો તોએ આચાર્ય હેમચંદ્રસૂરીશ્વરજુ મહારાજમાં.

## કર્મ શેમાં વધારે જાય છે

નવ્વાણું ની આરાધના કરવા માટે તમે ગિરિરાજ ગયા, ગામમાં તમે જાહેરાત કરી કે હું નવ્વાણું કરવા જઉં છું,

DATE

ને પહોંચ્યા, ગિરિરાજ, પહેલા જ દિવસે બધા જ ભાગ્યશાળીઓ ને લાભ આપતા.. આપતા ઉપર પહોંચ્યા, યાત્રા કરીને નીચે આવ્યા, નીચે આવી ને વિચાર આવ્યો કે પહેલા જ દિવસે પગની કડી થઈ આવી - થઈ જતી હોય, તો આરીતે ૧૦૮ યાત્રા, નવ્વાણું ની તપ આપણે કેવી રીતે પુરી કરી શકશું. ગામની ઠંઠેરી પીટી ને આવ્યા છીએ ને તરત ને તરત - પાછા ઘરે જશું તો શરમ આવશે, ને સારુ નહિ લાગે એટલે પાછો આવતી કાલે એક TRY કરવાનો વિચાર આવે, ચાલો એક TRY કાલે કરી જોઈએ, જો ફરી - સારી રીતે થાય તો આપણે CONTINUE રાખશું.

બીજા દિવસે ફરીથી ચડ્યા, થોડું ઘણું સારું તો લાગ્યું, પણ પગ એટલા બધા દુખતા - હતા, નીચે માલીશ કરવા ગયા, શેક કરાવ્યા બધું જ કરાવ્યું, ત્રીજા દિવસે ખબર પડી કે બધા આજે બે યાત્રા કરવાના છે, આપણે તૈયાર સાથે યાત્રા શરૂ - કરી, પહેલી યાત્રા કરયા ઉપર ચડ્યા, ઘેટીપાગ - ઉતર્યા ને ઘેટીપાગથી જ્યારે ચડવાનો વારો આવ્યો ને, ત્યારે એટલા બધા ભયાનક પગ દુખ્યા એમ થાય કે બાટો બીજાની વાટે ચડ્યા, નીચે ઉતરી ગયા હોત તો સારું હતું. બે યાત્રા કરીને આગમ - ધર્મશાળા માં પહોંચે ને ત્યારે એમ થાય કે, આજે તો ભયાનક પગ દુઃખે છે પણ જેમ.. જેમ.. જેમ.. ચોથો દિવસ.. પાંચમો દિવસ.. છઠ્ઠો દિવસ ... આવે ને, પછી એવી પરિસ્થિતિ આવે કે દિવસ - માં પાંચ - પાંચ યાત્રા કરે છતા પણ એના પગ દુઃખે નહિ !

પ્રશ્ન એ છે કાર્ય ઉત્સાહ શેમાં વધારે ?

પગ દુઃખે અને યાત્રા કરે કે પગ ન દુઃખે અને યાત્રા કરે છે, પગ દુઃખે છે અને યાત્રા કર્યા કરે છે, એમાં વધારે કર્મ ક્ષય છે, દુઃખો કર્મક્ષય થાય છે કે નથી થતો એ પ્રશ્ન નથી, વધારે કર્મક્ષય શેમાં થાય છે એ પ્રશ્ન છે. પગ દુઃખે અને યાત્રા ચાલુ રાખે એમાં કર્મક્ષય વધારે કે, પગ ન દુઃખે ને યાત્રા કરે એમાં કર્મક્ષય વધારે છે. પગ દુઃખતા હોય ને તમે યાત્રા ચાલુ રાખો તો કર્મ ક્ષય વધારે થાય કે ન-થાય છે

આપણે બધા જ સંયમ જીવનની આરાધના કરીએ છીએ ને, એ પણ દેવ-ગુરુની કૃપા ને કારણે, અમે શાતા ના અનુભવ કરવાની સાથે સંયમ જીવનની આરાધના કરીએ છીએ અને જેટલો કર્મક્ષય કરી રહ્યા છીએ ને એના કરતા વધારે કર્મનો ક્ષય, એ કોઈએ કર્યો હોય ને, આચાર્ય ભગવંત હેમચંદ્રસૂરી-શ્વરજી મહારાજ સાહેબે કર્યો. જીવનની અંદર-કેટકેટલી વાર અશાતા નો ઉદય થયો, પણ દરેક-દરેક વખતે અશાતા ની અંદર કર્મોની સામે જે-FIGHT આપી, અને જબરજસ્ત અશાતા ની અંદર-સંયમની જે પરાકાષ્ઠા ની આરાધના.

હું તમને પૂછું, કે તમને -
① DRIVING કરતા આવડી ગયું એટલે તમે-DRIVER કહેવાવ, કે ACCIDENT થી બચાવતા આવડે એટલે તમે DRIVER કહેવાવ છે રત્ન-સુંદરસૂરી મહારાજ બહુ સરસ શબ્દો માં કહે, જેને DRIVING ફક્ત આવડે એના ભરોસે ગાડીમાં ક્યારેય ન બેસાય, પણ જેને ACCIDENT થી બચાવતા આવડે ની એની સાથે બેસાય.

DATE

આપણને બધાને સમાધિ રાખતા કે શાંત રહેતા આવડે છે, પણ ક્યાં સુધી આવડે છે ત્યાં સુધી ACCIDENT થતો નથી ત્યાં સુધી આવડે છે.

- આપણને પ્રભુ ગમે છે !
- આપણને ગુરુ ગમે છે !
- આપણને ધર્મ ગમે છે !
- આપણને ક્રિયા ગમે છે !
- આપણને આચાર ગમે છે !
- આપણને સંયમ ગમે છે !
- આપણને બધુ જ ગમે છે !

જ્યાં સુધી કોઈ ઉથલપાથલ થતી નથી ને ત્યાં સુધી જ બધું ગમે છે. કોઈ ઉથલપાથલ થાય એટલે- આપણે હાલક ડોલક થઈ જઈએ છીએ. આચાર્ય ભગવંતના જીવન ની અંદર આટઆટલી વાર અશાતાનો ઉદય થયો, જ્યારે જ્યારે દર્શન કરવાનો લાભ- મળ્યો, મિલન કરવાનો લાભ મળ્યો, ને ગમે કોઈ પણ પ્રકારની અશાતા હોય, પણ એ અશાતા ની અંદર, હાથમાં જુઓ તો નવકારવાળી કે નવકારનું MACHINE હંમેશ માટે હોય, જાપ તો ચાલુ જ હોય. કાં તો સ્વાધ્યાય ચાલુ હોય, ક્યાં તો જાપ- ચાલુ હોય, શાસન, સંઘ કે સમુદાય ની કોઈને કોઈ ચિંતામાં ગોઠવાયેલા હોય કે ડુબેલા હોય,

પણ અસમાધિ નો સ્પર્શ એમના મનને ક્યારેય નથી થયો !

એટલે આ જે સમાધિ નો ગુણ છે ને, આજે વદ- દસમ છે, વદ દસમની આરાધના ખાસ આપણે શેના માટે કરીએ છીએ સમાધિ ની માટે !

આખી પુંછીની અંદર કરેલી તમામે તમામ આરાધના,
તે આરાધનાના પરિણામ સ્વરૂપે આપણે જે ભાવના
ભવને સુધારવા માંગીએ છીએ તે, એની માટે પ્રભુ
પાસે આપણે શું ઈચ્છીએ છીએ,

समाहिवरमुत्तमं दिंतु ।

હે ભગવંત તારી કૃપાથી મને ઉત્તમ પ્રકારની સમાધિ-
પ્રાપ્ત થાઓ, આપણે જ્યારે જે પ્રકારની શ્રધ્ધા-
પરમાત્મા ઉપર ધરાવીએ છીએ, તેમ નહિ માનો આ
CORONA એ ઘણાં ભલભલાની શ્રધ્ધા અને સમાધિને
હલાવી નાખી છે. ઘણા ને પ્રશ્નો થવા લાગ્યા છે-
ભગવાન આવું કેમ કરે ?, ભગવાન મારી સાથે કેમ
નથી ?, શ્રેણિક મહારાજને પરમાત્મા મહાવીર પ્રત્યે જે
વિશ્વાસ હતો તે, જેલની અંદર પુરાયા કોણિક-
એમને ભયંકર ત્રાસ આપે, તે છતા શ્રેણિક રાજાને
ભગવાન વીર પ્રત્યે પ્રશ્ન ઉભો થયો ન હતો, કે
આટઆટલા સમવસરણમાં ઈન્દ્ર બેઠા છે, દેવો બેઠા છે,
ગણધર ગૌતમ સ્વામી જેવા બેઠા છે, તેમ-
છતા મને જેલમાંથી છોડાવવા માટે કેમ કોઈને -
મોકલતા નથી. કારણકે પરમાત્મા પ્રત્યે ની અખુટ
શ્રધ્ધા. પરાકાષ્ટાનો સમર્પણ નો ભાવ. માટે શ્રેણિક
મહારાજ ને ભગવાન વીર પ્રત્યે પ્રશ્ન થયો ન હતો.
એમ આચાર્ય ભગવંત હેમચંદ્રસૂરી મહારાજ સંયમ-
જીવનને પ્રાપ્ત કરીને, આટલી ઉત્કૃષ્ટ કક્ષાની-
આરાધનાની અંદર, પણ અશાતા નો ઉદય આવે
છતા પણ ક્યારે પ્રશ્ન નથી થતો કે મને જ કેમ-
અશાતા નો ઉદય થાય છે. અને જેમ કહેવાય ને
બાપ નો વારસો દીકરો સાચવે, અને એને આગળ
ચલાવતો હોય, પણ બરોબર એમ લાગે કે પૂજ્ય-
પદ્મવિજયજી મહારાજ, જેઓ સમતા-સાગર તરીકે-
પ્રસિદ્ધ પામ્યા, અને એમનું બિરુદ જ એવું હતું કે

તેઓ સમતાના સાગર હતા. કેન્સર જેવી મહાબિમારીમાં પણ જેમણે સમતાનો ગુણ આત્મસાત્ કર્યો હતો, અને પૂજ્યશ્રી મણિ એમના સાચા વારસદાર - બનીને એમણે પણ પોતાના જીવનની અંદર અશાતા ના ઉદયમાં, જે સમતા ને સમાધિ રાખી છે. પ્રભુની પાસે એ જ પ્રાર્થના કરીએ, આ મહાપુરુષે જીવનમાં અનેક ગુણો પ્રાપ્ત કર્યા. પણ એમાંનો આ સમાધિનો જે ગુણ છે, એ ગુણ આપણા સૌ ના જીવનમાં પણ આવે, અને એ આવવા દ્વારા આ ભવ પણ આપણો સુધરે ને, આવતો ભવ પણ સુધરે, યાવત્ મોક્ષની પ્રાપ્તિ ન થાય - ત્યાં સુધી સમાધિનો આપણો બની જ રહે. એજ અભિલાષ !

x x x x x

ભવોદધિતારક ગુરુદેવ આચાર્ય ભગવંત મુક્તિવલ્લભ સૂરીશ્વરજી મહારાજ !

ત્રણ પ્રકારની PEASONALITY નું અદ્ભુત, COMBINATION, એટલે વૈરાગ્યદેશના-દક્ષ, પૂજ્યપાદ આચાર્ય ભગવંત હેમચંદ્રસૂરીશ્વરજી-મહારાજ !

ત્રણ પ્રકારના વ્યક્તિત્વ ઉડીને આંખે વળગે.

પહેલા નંબરમાં આરાધક વ્યક્તિત્વ !

બીજા નંબરમાં પ્રભાવક વ્યક્તિત્વ !

ત્રીજા નંબરમાં રક્ષક વ્યક્તિત્વ !

આચાર્ય ભગવંત, પ્રભુ શાસનના, પ્રભુ વચનોના, ઉત્તમ કોટીના આરાધક હોય છે. પંચાચાર ના-આરાધક હોય છે, સાથે સાથે પુણ્યનું બળ મળે, તો ભગવાનના શાસન ની ઠેરઠેર પ્રભાવના-કરનારા હોય છે. એની સાથે એવા વિશિષ્ટ-પ્રકારનું સત્ત્વ મળે, ત્યારે પ્રભુના શાસનની રક્ષા કરનારા હોય છે. વિશિષ્ટ પોતાનો શ્રદ્ધા વૈભવ, આચાર વૈભવ, એની સાથે ભળેલો પુણ્ય વૈભવ, અને સાથે સાથે પરમાત્માના શાસનનો એવો-અવિહડ અનુરાગ, અને અંદરમાં બેઠેલા સત્ત્વને કારણે, આરાધક, પ્રભાવક અને રક્ષક, ત્રણે પ્રકારનાં વ્યક્તિત્વ, એવા ઉજાગર બન્યા.

DATE

વાત કરીએ આરાધક વ્યક્તિત્વની, પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ પાસે, દીક્ષીત બનીને, એમની ગુરુસેવા અને ગુરુ સમર્પણ, પૂજ્યપાદ ભુવનભાનુ-સૂરીશ્વરજી મહારાજ સાહેબ, પૂજ્ય પદ્મવિજયજી - મહારાજ સાહેબ, વગેરે પ્રત્યેનો અત્યંત ઉછળતો અહોભાવ.

## દેવભક્તિ, ગુરુભક્તિ અને શ્રુતભક્તિ !

એવી જબરદસ્ત. પૂજ્યપાદ પ્રેમસૂરીશ્વરજી મહારાજને શ્રુત ની સાધના ખુબ ગમે, એટલે ગુરુદેવને ખુશ કરવા માટે, એ વખતની જે CADER હતી, - રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ, હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ સાહેબ, પંન્યાસ ચન્દ્ર-શેખર વિજયજી મહારાજ સાહેબ, ધર્મજિતસૂરી મહારાજ સાહેબ, જિનેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, જયશેખર-સૂરીશ્વરજી મહારાજ સાહેબ, આ બધા, પ્રેમસૂરી-શ્વરજી મહારાજ ની પાછળ પાગલ, પાગલ એટલે બસ ગુરુદેવ ખુશ કેમ થાય.

## ગુરુદેવની ખુશી કેમ વધે !

## ગુરુદેવની પ્રસન્નતા કઈ રીતે વધે !

આ એક જ સતત એવું પાગલપન, જેના કારણે ગુરુદેવને ખુશ કરવા માટે જે કરવું હોય તે કરતા. ગુરુદેવ તપથી ખુશ થતા, ગુરુદેવ ત્યાગ થી ખુશ થતા. ગુરુદેવ સ્વાધ્યાય થી ખુશ થતા, ગુરુદેવ સંયમની શુદ્ધિથી ખુશ થતા, અને એમે કારણે ગુરુદેવને

ખુશ કરવાને માટે, અને એ ગુરુદેવની અંતરની - ભાવના ને સાકાર કરવા માટે, સ્વાધ્યાયમાં એવા - જોડાઈ ગયા, સેવામાં એવા જોડાઈ ગયા, સમર્પણમાં એવા જોડાઈ ગયા, રાતના લગભગ સાડા- આઠ - નવ વાગે પ્રતિક્રમણ કર્યા બાદ, એમનો સ્વાધ્યાય યજ્ઞ શરૂ થાય. નવ વાગે, દસ વાગે. કદાચ - એકાદ- બે કલાક નિદ્રા લઈ લે, અને પછી એમનો સ્વાધ્યાય શરૂ થાય, કમ્મપયડી નો સ્વાધ્યાય, એ સ્વાધ્યાયમાં કમ્મપયડી ના બધા જ કરણો, ઉદય- સત્તા સાથે લગભગ રાતે નવ વાગે ચાલુ- થયેલો સ્વાધ્યાય, સવારના અઢી- ત્રણ- ચાર વાગ્યા સુધી ચાલે. ત્યારબાદ પ્રતિક્રમણ પડિલેહણ વગેરે કરે, કદાચ એકાદ કલાક ની નિદ્રા લઈ લે, એટલે રાતના ચાર.. ચાર.. પાંચ.. પાંચ.. છ.. છ.. કલાક સુધી સતત કમ્મપયડી નો સ્વાધ્યાય, આખા સમુદાયની અંદર,

**હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજનો રાત્રિ સ્વાધ્યાય વખણાય!**

ઠેર ઠેર, ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ, જયઘોષ સૂરીશ્વરજી મહારાજ વગેરે રાત્રિ- સ્વાધ્યાય ની જ્યારે જ્યારે પ્રેરણા કરે, ત્યારે એમાં દ્રષ્ટાંત તરીકે હેમચંદ્રસૂરી મહારાજ ને યાદ કરે. કે હેમચંદ્રવિજય એનો રાતના નવ વાગે કમ્મપયડી નો સ્વાધ્યાય શરૂ થાય, આખી રાત સડસડાટ, આખી કમ્મપયડી નો સ્વાધ્યાય કર્યા વગર સુવે નહિ!

સ્વાધ્યાયની એવી આરાધના, પંચાચારની, જ્ઞાનાચારથી માંડીને બધા આચારો ની આરાધના, પરમાત્માની ભક્તિ, સીમંધર સ્વામી ની



classmate

આરાધના જબરદસ્ત કોટિની, દહેરાસરની અંદરમાં, મહાત્માએ કહ્યું, કે કલાપૂર્ણસૂરીશ્વરજી MINI - આવૃત્તિ, એવી હતી તો હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજમાં જોવા મળે. ઓલિયા ભગત બની ને પરમાત્માની ભક્તિ કરે, દહેરાસરની અંદર બેઠા હોય, સાથે-ગયેલા મહાત્મા એમણે પોતાનું અલગ ચૈત્યવંદન કરી લેવાનું, મુકવા જવાના એને પછી લેવા જવાના, પોતે પોતાની ભક્તિ કરે, એમની પાછળ આપણે દહેરાસરમાં ગયા હોઈએ, બેઠા હોઈએ, ચૈત્યવંદન આપણું પુરુ થઈ જાય, કદાચ દેવ વંદન કરતા હોઈએ તો આખું દેવવંદન પુરુ થઈ જાય,

<u>પુ.ગ. હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ નું નમુત્થુણં પુરુ ન થાય.</u>

નમુત્થુણં, શક્રસ્તવ બોલે, ત્યારે એટલા બધા ભાવ વિભોરે બની જાય, ~~[illegible]~~ પરમાત્માના - એક એક વિશેષણ ને ~~[illegible]~~ ઘુંટે

~~[illegible]~~ આઈગરાણં,
તીત્થયરાણં,

ફરી પાછા નમુત્થુણં, આઈગરાણં, તીત્થયરાણં, એની એક એક વિશેષણને એટલા બધા ઘુંટે, પોણો કલાક શક્રસ્તવ પુરુ કરતા થાય. ખાલી - નમુત્થુણં, આપણું આખું ચૈત્યવંદન પાંચ મિનિટમાં પતી જાય, કે દસ મિનિટમાં પતી જાય. એમનું નમુત્થુણં પોણો કલાક ચાલે, એવા પરમાત્મા ભક્તિની અંદર ગરકાવ થઈ જાય, પાછા બપોરના બે-અઢી વાગે દહેરાસરની અંદર જાય, કલાક- બે કલાક - પરમાત્માની એવી સુંદર મઝાની ભક્તિ કરે. રોજ તીર્થ વંદના કરે, આખા વિશ્વમાં રહેલા તીર્થો,

DATE

ખાલી ભારતની અંદર રહેલા નહિ, ખાલી ગુજરાત ની અંદર રહેલા નહિ, ખાલી મહારાષ્ટ્ર ની અંદર રહેલા નહિ, આખા વિશ્વમાં રહેલા, વિશ્વમાં - એટલે, ચૌદ રાજલોક ની અંદર રહેલા નગ્રામ - તીર્થો, બાર દેવલોક ની અંદર રહેલા, બત્રીસ - લાખ વિમાનો ની અંદર રહેલા, એવી રીતે ભવન - પતિ નિકાયના, આવી રીતે જ્યોતિષ વિમાનો, બધા જ વિમાનો ની અંદર રહેલા જેટલા શાશ્વત - તીર્થો છે જેટલા અશાશ્વત તીર્થો છે, એ બધાને યાદ કરીને રોજ તીર્થ વંદના કરે !

એવી વંદના, એમણે ભણી કે, આખા વિશ્વની GEOGRAPHY, એમની સામે - હોય, આખા વિશ્વની GEOGRAPHY નજર સામે આવે, અને નજર સામે એક એક LOCATION એક એક ADDRESS પર ભગવાન ની મૂર્તિ અને ભગવાનને મૈત્રીને તીર્થ વંદના કરે, પરમાત્મા ને - યાદ કરે.

ખાસ ભલામણ છે, ખરેખર, શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજના સાચા ગુણાનુવાદ પામવા હોય, સાચી ભાવાંજલિ કરવી હોય, તો એમણે રચેલું પુસ્તક ત્રીલોક તીર્થ વંદના, ત્રણ લોકમાં રહેલા તીર્થો ની વંદના, દળદાર મોટી SIZE નું પુસ્તક અને એની અંદર, આખી પોતે જે ભાવ યાત્રા કરતા હતા, એ ભાવ યાત્રા નો આખી - MAP (નકશો) ની અંદર ઉતારી છે એની અંદર - માં નામ નિક્ષેપા ના ભગવાનો, સ્થાપના નિક્ષેપાના ભગવાન, નવસો નામ નિક્ષેપાના ભગવાન,

નવસો ભગવાનના નામ અત્યારે વર્તમાનની અંદર
મળે છે. એટલે ભરતક્ષેત્રના વર્તમાન ચોવીસીના,
ભુતકાળની ચોવીસીના, ભવિષ્યની ચોવીસીના,
અતિત, અનાગતના. એ રીતે ઐરાવતના, પાંચ
ઐરાવતના, એવી રીતે મહાવિદેહ ક્ષેત્રની અંદર
વર્ચેલા, એકસો ને સાઠ તીર્થંકરો, એમના નામ
મળે છે. એ રીતે નવસો તીર્થંકર પરમાત્માના,
નામ- નિક્ષેપાની વંદના. એવી રીતે સ્થાપના-
નિક્ષેપાની વંદના, જેટલાં પણ શાશ્વત- અશાશ્વત
તીર્થો છે, એ બધાના MAP મુકયા છે. એના
નકશા મુકીને EXACT LOCATION બતાવ્યું છે,
અહીયા આ જગ્યાએ આ ભગવાન છે, અહીયા આ
જગ્યાએ આ ભગવાન છે અને મારી પોતે જે
ભાવ યાત્રા કરતા હતા, એને એવું સાકાર સ્વરૂપ-
આ પુસ્તકની અંદરમાં આપ્યું છે.

ત્રીલોક તીર્થ વંદના એવું અદ્‌ભુત
છે, શું મહેનત લીધી હશે, આ એક ગ્રંથની પાછળ
એમણે કેટલી બધી મહેનત લીધી હશે. છ વર્ષ જેટલો
સમય એમણે આ ગ્રંથ તૈયાર કરવાની પાછળ કાઢ્યો.
ભાવ યાત્રા તો આપણે ઘણા તીર્થોની કરતા હોઈએ,
શત્રુંજયની ભાવ યાત્રા, સમેતશિખરની ભાવ યાત્રા,
આવી રીતે સકલ તીર્થ વંદનાની ભાવ યાત્રા કોઈ
કરતું હોય, અજબગજબની ભાવાત્મક ભાવ યાત્રા.
એક વિશિષ્ટ મહાપુરુષ હતા, એવી વિશિષ્ટ ભાવ
યાત્રા. ક્ષપકશ્રેણિની ભાવયાત્રા, પોતે કર્મપયડીનો
સ્વાધ્યાય કરેલો, કયા ગુણસ્થાનકે કયા કર્મનો ક્ષય
થાય, એનો બધો જ અભ્યાસ, એટલે પોતે એક
આત્મા તરીકે બેઠેલા છે, અને હું ક્ષપકશ્રેણિ માંડી
રહ્યો છું, ચોથા ગુણ સ્થાનકે, પાંચમા ગુણસ્થાનકે,

DATE

છઠ્ઠા ગુણસ્થાનકે, સાતમા ગુણસ્થાનકે, આઠમા ગુણ-
સ્થાનકે, આટલી પ્રકૃતિનો ક્ષય થયો, હવે હું નવમા
ગુણસ્થાનકે આવ્યો, ત્યાંથી આગળ પ્રકૃતિ, પહેલા ભાગે
આટલી, બીજા ભાગે, ત્રીજા ભાગે આટલી, આટલી
પ્રકૃતિ નો ક્ષય થયો, એમ કરતા કરતા તેરમા-
ગુણસ્થાનકે પહોંચી જાય, હવે હું વિતરાગ અવસ્થા-
પર પહોંચી ગયો, આવી ક્ષપકશ્રેણિ ની ભાવ યાત્રા.
આપણને લાગે આ મહાપુરુષ ના અંતરમાં પ્રભુના-
વચનો, અને પ્રભુએ આપેલા પદાર્થો કેવા આત્મસાત્
થયા હતા, એને એમણે માત્ર એક સ્વાધ્યાય નું-
સાધન ન બનાવ્યું, એને આરાધનાનો ઓપ આપ્યો
એની સાધના બનાવી. જે સ્વાધ્યાયનું સાધન હતું,
જે પદાર્થો ભણવા માટે ના હતા, એમે પોતાના

## પ્રવચનની અંદરમાં આત્મસાત કર્યા!

સીમંધર સ્વામી માટે ઘણા મહાત્માઓ ઘણું બોલી ગયા,
સીમંધર સ્વામી ની લગની એવી, આરાધના એમની
સુંદર રીતે કરે, અને કરાવે. આખા સંઘની અંદરમાં,
ઠેર-ઠેર જ્યાં જાય, ત્યાં શરૂઆતના વર્ષોમાં સીમંધર-
સ્વામી ના અઠ્ઠમ, ક્યાંક બારસો અઠ્ઠમ, ક્યાંક
પંદરસો, ક્યાંક અઢારસો અઠ્ઠમ!

એવી જ એમની એક પ્રિય આરાધના
હતી ચતુઃ શરણ, દુષ્કૃત ગર્હા, અને સુકૃત અનુમોદના,
એના આયંબિલ થી એકાસણાથી એ રીતે સામુહિક
આરાધના કરાવે, મેં પણ એ આરાધના ગૃહસ્થપણા-
ની અંદર કરી છે. એ જે ચાર શરણ નું વર્ણન કરે,
દુષ્કૃતો ની ગર્હા વખતે જે દુષ્કૃતો નું વર્ણન કરે,
એક રવિવારે ચાર શરણ ની આરાધના, બીજા.

રવિવારે દુષ્કૃત ગર્હા ની આરાધના, ત્રીજા રવિવારે સુકૃત અનુમોદના ની આરાધના, અને અઢી-ત્રણ-કલાક સુધી જે દુષ્કૃતો નું વર્ણન કરી, આંખ માંથી-અશ્રુની ધારા ચાલે, હે પરમાત્મા મેં કસાઈ બનીને આવા જીવોની કતલ કરી છે, મેં માછીમાર બનીને કેટલાય માછલાઓની હત્યા છે, એ રીતે ભૂતકાળના ભવો ની અને વર્તમાનના ભવોની જે પોતાના-જીવનમાં થયેલા દુષ્કૃતો ને પાપો, એની જે નિંદા ને ગર્હા, અને આખા સંઘને એ દુષ્કૃત ગર્હાની આરા-ધના થી ભીના-ભીના કરી નાખે. આવી તો એમની સરસ મજાની સામુદાયિક આરાધનાઓ, અને પોતાના જીવનની અંદરમાં આ આરાધના સતત ચાલે. એ આરાધના માટેનું એમનું એક સરસ પુસ્તક

## મુક્તિ નું મંગલ દ્વાર !

એમણે પ્રકાશિત કરેલું, જેના માધ્યમથી અનેક મહાત્મા-ઓ ચાર શરણ, દુષ્કૃત ગર્હા અને સુકૃત અનુમોદના, અરિહંત નું રટણ, નવકાર મંત્રનું રટણ સતત ચાલુ હોય, જ્યારે જ્યારે મળવા જઈએ, જ્યારે જ્યારે-વાર્તાલાપ ની અંદરમાં બેઠા હોઈએ, અમારા-સમુદાય નું મિલન થાય, સંમેલન થાય, અને મિલન ચાલતું હોય, અને ૧૦-૧૫ આચાર્ય ભગવંતો-પરસ્પર વિગેરે, બેઠેલા હોય, ચર્ચા ચાલતી હોય-અને એ ચર્ચાની અંદરમાં પણ એક સતત અવાજ આવ્યા કરે ટક.. ટક.. ટક.. ટક.. અવાજ આવ્યા કરે, અને તરત ખ્યાલ આવે કે આ ટક.. ટક.. અવાજ ક્યાંથી આવે છે. હેમચંદ્રસૂરી મહારાજ બેઠા હોય અને ~~એમના~~ એમના જમણા હાથ માંથી અવાજ આવતો હોય. એ COUNTER હોય, સતત કોઈપણ

ક્રિયા કરતી વખતે, સતત નવકાર મંત્રનો જપ ચાલુ હોય. એમના શિષ્યોને કહેવાનું મન થાય કે એમના COUNTER ના અત્યાર સુધીના હિસાબો, જાહેર કરો જે સકળ સંઘને એક અનુમોદનાનું જબરજસ્ત - માધ્યમ. હું માનું છું લાખો નહિ, કરોડોની અંદર માં આ નવકાર મંત્રના જપ પૂજ્ય હેમચંદ્રસૂરી - શ્વરજી મહારાજે કર્યા છે.

## ઉત્તમ કોટિનું આરાધક વ્યક્તિત્વ !

## નખશીખ આરાધક, રોમે રોમે પરમાત્માનું શાસન!

## અને પંચાચારની કેવી જબરદસ્ત પ્રવિણતા !

આ હતું એમનું આરાધક વ્યક્તિત્વ! બીજા નંબરની અંદરમાં, પોતે આવી જબરદસ્ત શ્રધ્ધા અને આચારનું બળ લઈને તો બેઠા હતા, સાથે સાથે

## પુણ્ય બળ પણ જબરદસ્ત કોટિનું હતું!

એવા પુણ્યશાળી પરિવારમાંથી દીક્ષા લઈને આવેલા હતા, આખા મુંબઈની અંદરમાં, એક સારો, અત્યંત ROYAL ગણાતો, અને અત્યંત પ્રસિધ્ધ, એક નેતૃત્વ વાળો પરિવાર કહેવાય, B.A. SHAH નો પરીવાર! અને એ પરિવારની અંદરથી પોતે દીક્ષીત બનેલા. પહેલેથી જ એવું વિશિષ્ટ પુણ્ય - લઈને આ ભવની અંદરમાં આવેલા, અને અહીં આવ્યા પછી પણ, એવો વિશિષ્ટ પુણ્ય વૈભવ ! શરીરનું પુણ્ય કદાચ ઓછું હતું. પણ બાકી એવું વિશિષ્ટ પુણ્ય કે પ્રભુના શાસનની એવી વિશિષ્ટ -

કીર્તિની પ્રભાવના કરી. મને યાદ આવે છે પ્રસંગો
હું ગૃહસ્થ પણામાં હતો, દીક્ષા નો ૪૦-૪૧ વર્ષ થયા,
એ પહેલા ના પ્રસંગો, વિક્રમ સંવત ૨૦૩૩ની સાલ
જ્યારે ની અંદરમાં ૨૬ દીક્ષાઓ થવાની
હતી, મહા-સુદ-તેરસ ના દિવસે, અને પહેલાના
પ્રસંગો, પ્રાયઃ પોષ મહિનાના દિવસો હશે. અને એ
સમયે મુંબઈમાં પ્રાયઃ લાલબાગ થી શરૂ કરી ને,
૧૦૮ દીક્ષાર્થીઓનો વરઘોડો, જે નીકળ્યો, અને
ચોપાટીની અંદરમાં એ વરઘોડો ઉતર્યો. આખા
મુંબઈ ને ગાંડુ કર્યું હતું, આખા મુંબઈની અંદર
એક જ હવા, ૧૦૮ દીક્ષાર્થીઓ, મોહમયી નગરીની
અંદરમાં, ૧૦૮ નીર્મોહીના વરઘોડા નો એવા પ્રકાર-
નો નાદ ગુંજ્યો, અને આખા મુંબઈને સંયમના-
નાદ થી ગુંજતુ કર્યું. આ હેમચંદ્રસૂરીશ્વરજી -
મહારાજ એ કર્યું.

આજે ૪૨-૪૩-૪૪ વર્ષ કદાચ એ
વાત ને થઈ ગયા, પણ ૪૪ વર્ષ પછી એ વખત-
ના જે સાક્ષી બનેલા હશે, એમને પણ આજે એ
વરઘોડો યાદ હશે, કેવો એ ભવ્ય વરઘોડો -
નીકળેલો. સવાર થી સાંજ સુધી નો કાર્યક્રમ,
ચોપાટીના ભવ્ય સાગરીયાણા ની અંદરમાં વરઘોડો
ઉતર્યો, પછી દીક્ષા ધર્મની, સંયમ ભુવનની સુવાસની,
એ સુવાસના પ્રવચનો થયા, એ આખો પ્રસંગ.

બીજ આવે ૨૦૩૫ની સાલ, એની
અંદર પૂજ્ય ગુરુદેવ, વર્ધમાન તપોનિધિ, ભુવન-
ભાનુ સૂરીશ્વરજી મહારાજ, મહારાષ્ટ્રથી પધાર્યા,
અને ૧૦૮ મી ઓળીનું એમનું પારણું હતું. અને
એ વખતે હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ,

અહીંયા મુંબઈની અંદરમાં બિરાજમાન હતા, અને-
એમણે, એક ધડાકો વગાડયો, જબરદસ્ત એક
અભિયાન શરૂ કર્યું, કે ગુરુદેવ ૧૦૮મી ઓળી લઈને
પધારી રહ્યા છે, અને એના પારણાનો પ્રસંગ છે,
એમના પારણાં નિમિત્તે વર્ધમાન તપના પાયા માંડો,
અને પાયો પઈ ગયો હોય તો ઓળીઓ કરો, અને-
એ વખતે એક હજારથી વધારે પાયા મંડાયાં હતા.
આખા મુંબઈની અંદરમાં ૧૦૮ દીક્ષાર્થીઓના વરઘોડા-
વખતે, આખા મુંબઈને

વિરતિ ધર્મના ગુંજનથી ગાંડુ કર્યું !

અને ૧૦૮ ઓળીના પારણા વખતે,

એમને તપ ધર્મના ગુંજનથી ગાંડુ કર્યું !

અને આખા મુંબઈની અંદરમાં, નર્મ બોરિવલી મય,
વિરાર મય, કલ્યાણ મય, બધે એક જ હવા,

પાયો નાખવો છે કે ઓળી કરવી છે !

અને આવી રીતે હજારો લોકો એ વર્ધમાન તપની ઓળી-
ઓ કરી, એક હજારથી વધારે પાયા મંડાયા. અને
એ સિવાય, કેટલાકે આયંબિલની સાથે શ્રેણી તપ
કર્યા, કેટલાકે સિદ્ધિ તપ કર્યા, કેટલાકે માસક્ષમણ
તપ કર્યા, કેટલાકે ૭૫ ઉપવાસ કર્યા, અને આવો
એક જબરદસ્ત માહોલ, અને એ વખતે જે-
લાલબાગના ઉપાશ્રયની અંદરમાં, લાલબાગના સંઘ
ની અંદર જે રીતનો આખો માહોલ ઉભો થયેલો,
અષ્ટાનિકા મહોત્સવ. અને રોજ રોજ દાદાના જે-

ઉજવાણા થાય, અને

**રોજે રોજ જે તપ ધર્મના અજવાળા પથરાય !**

એવા જે પ્રવચનો થાય, એવા જે સમારંભો થાય, આજે પણ જે પ્રસંગો થાય છે આવા તો ઘણા બધા શાસન પ્રભાવનાના ચિરંજીવ પ્રસંગો ! પૂજ્યશ્રીની નિશ્રામાં અને પૂજ્યશ્રીની પ્રેરણા થી થયા છે.

મુલુંડની અંદરમાં મેરૂ મહોત્સવનો કાર્યક્રમ થયો, મુલુંડ વાળાઓને યાદ હશે. જબરદસ્ત મેરૂ મહોત્સવનો આ કાર્યક્રમ, આખા મુલુંડને અને CENTRAL LINE ના બધા પરાઓને જેમણે ગાંડું કર્યું.

એવી જ રીતે ખંભાતની અંદરમાં, મેરૂ મહોત્સવ. ખંભાતના દરીયાના પટની અંદરમાં - આખી એક નગરી બનાવી, અને એ નગરી ની અંદરમાં, બહારગામના મહેમાનો ને રહેવાની વ્યવસ્થા રૂપે તંબુઓ નખાયા, એની સાથે આખા ખંભાતના તમામ દહેરાસરો એમાં એક સાથે અઢાર અભિષેક થાય, અને સાથે સાથે પરમાત્માના જન્મ કલ્યાણક-નો એક જબરદસ્ત મહોત્સવ થાય. એવા પ્રકારના મેરૂ મહોત્સવનું આયોજન, એવો જબરદસ્ત શાસન પ્રભાવક પ્રસંગ, ~~ખંભાતની~~ ખંભાતની અંદરમાં પૂજ્ય હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજની પ્રેરણા થી થયો ! આવા તો અનેક શાસન પ્રભાવક પ્રસંગો ની હારમાળા પૂજ્યશ્રી ની નિશ્રાની અંદરમાં થઈ.

**આ એમનું પ્રભાવક વ્યક્તિત્વ !**

## ત્રીજા નંબરની અંદરમાં એમનું એક વ્યક્તિત્વ!

એમની રક્ષાની અંદરમાં મુખ્ય - શાસન રક્ષા, અને શાસન રક્ષાની અંદરમાં ત્રણ રક્ષાઓ કેન્દ્રમાં હતી!

**શ્રુત રક્ષા!**

**તીર્થ રક્ષા!**

**જીવ રક્ષા!**

આ ત્રણેને એમણે પોતાના જીવનની અંદરમાં કેન્દ્રમાં રાખેલા હતા, શ્રુત રક્ષા માટે તો પોતે છેલ્લા, ચાલીસ વર્ષથી, શ્રુત રક્ષાનું અભિયાન, ઉપાડ્યું છે. એમણે લગભગ એક હજારથી વધુ ગ્રંથોનો પુર્ણોદ્ધાર કર્યો છે. એક હજારથી વધારે શાસ્ત્ર ગ્રંથોનો પુર્ણોદ્ધાર કર્યો છે. જે છપાયેલા હતા પણ જીર્ણ થયેલા હતા, અથવા તો છપાયા ન હતા, હસ્તલિખિત અવસ્થાની અંદરમાં હતા, અથવા તો જે છપાયેલા હતા પણ અશુદ્ધ હતા, એ બધાનું સંકલન કરીને આવી રીતે એક હજારથી વધારે શાસ્ત્ર ગ્રંથો!

એને મહાત્મા એ કહ્યું એમ, શાસ્ત્ર ગ્રંથો ને સહેલાઈથી ભણી શકે, પદાર્થ પ્રકાશની આખી એક SERIES ચાલી, એની અંદરમાં - લગભગ બત્રીસ જેટલા પુસ્તકો, જુદા જુદા ગ્રંથો, જે જીવવિચારથી માંડી ને, ત્રણ ભાષ્ય, ચાર પ્રકરણ, છ કર્મ ગ્રંથ, એથી આગળ વધીને તત્ત્વાર્થ સુત્ર, કમ્મપયડી, પંચસંગ્રહ, વગેરે, અને એથી આગળ -

વધીને લોકપ્રકાશ અને પન્નવણા જેવા ગ્રંથોના પણ,
આવી રીતે SHORT NOTE જેમ દ્વારા બની શકાય.
પદાર્થોનું ખુબ સરસ ક્રમનું સંકલન, એવા કેટલા-
બધા બૃહદ્ સંગ્રહણી, ક્ષેત્ર સમાસ, વિગેરે અનેકા-
નેક ગ્રંથો એણે પાઠ્ય પુસ્તક રૂપે, સરસ રીતે-
મુકીને વર્તમાન સંઘ ઉપર જે ઉપકાર કર્યો છે.
અધ્યેતાઓ ઉપર જે ઉપકાર કર્યો છે, એ

ખરેખર ક્યારે પણ ન ભુલી શકાય એવો નથી.

શ્રુત સમુદ્ધાર નું જબરદસ્ત કોટિનું કાર્ય કર્યું!

આખા ભારતની અંદરમાં, સૌથી મોટા
માં મોટું પુસ્તક અને સૌથી નાનામાં નાનું-
પુસ્તક, આ બંને પૂજ્યપાદ હેમચંદ્ર સૂરીશ્વરજી ની
પ્રેરણા થી પ્રકાશિત થયેલા છે. સૌથી મોટું
એટલે કેવડું મોટું હશે, દસ ફુટની HEIGHT
અને ૪૦૦ કિલો વજન! PRINTED ૧૦ ફુટની
HEIGHT વાળુ અને ૪૦૦ કિલો વજનનું, જેની
અંદર પરમાત્મા મહાવીર સ્વામી નું સચિત્ર વર્ણન
છે.

રોમે રોમે એમના, તીર્થંકર પરમાત્મા વસેલા હતા.

મહાત્મા એ કહ્યું કે જ્યારે, કલ્યાણકો ની અંદરમાં-
એમના વર્ણનો સાંભળવા જેવા હતા. એમના મોઢેથી
કોઈ પણ વસ્તુનું વર્ણન ચાલે, જ્યારે એ ચારગતિ
નું વર્ણન કરે, નરક ગતિનું વર્ણન એવું કરે,

તમને એમ ન લાગે કે તમે સાંધાણીમાં બેઠા છો,
તમને એમ લાગે કે પહેલી નરકમાં આવી ગયા છીએ,
અને આ બધું થતું જોઈ રહ્યા છીએ નજર સામે
એવી રીતે આખો તાદૃશ ચિતાર નરકનો કેવી રીતે
પરમાધામી કાપે છે, ચીરે છે, બાફે છે ને વધારે
છે. આ બધું વર્ણન એવી રીતે કરે જાણે નજરની
સામે કમકમી આવી જાય, આ વર્ણન! આ નરક!
એવી રીતે તિર્યંચ ગતિનું વર્ણન કરે, દેવ ગતિનું -
વર્ણન કરે. ચારે ગતિઓનું વર્ણન કરે.

ભગવાનના કલ્યાણક નું વર્ણન કરે,
જન્મ કલ્યાણકનું વર્ણન કરે અને એમની એવી -
SPECIALITY, જ્યારે જ્યારે અંજનશલાકા મહોત્સવ
પંચકલ્યાણક અને ભગવાનનો જન્મ થવાનો હોય,
વિધિ મંડપની અંદરમાં, એમી પહેલા જે ભૂમિકા -
ઊભી કરે, બધા ના રૂંવાડા ખડા થઈ જાય. અને
પછી જ્યારે પરમાત્મા કુક્ષિમાંથી બહાર નીકળે,
ત્યારે કોઈને કહેવું ન પડે, બધા ગાંડાતુર બનીને
નાચે, કારણકે આ કોનું જન્મ કલ્યાણક છે, અને
આ જન્મ કલ્યાણક સમયનો માહોલ કેવો હોય,
અને એ જે વર્ણન હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ
પંદર મિનિટ સુધી, એ વચન ના જે ભાવો, એ
વચન ના જે પ્રભાવો, એનું એ જે વર્ણન કરે,
એના કારણે આખી સભા દિગ્મૂઢ થઈ જાય!
અને તમે એકદમ એમ લાગે કે જાણે તમે -
વારાણસી નગરી ની અંદરમાં આવ્યા છો. અથવા તો
તમે ભગવાનની ક્ષત્રિયકુંડ નગરી ની અંદર માં -
આવ્યા છો. એવા પ્રકારનો ભાવ, તમે ભૂલી
જાવ કે તમે મુંબઈમાં બેઠા છો. એવું વર્ણન
એમના મોઢે ચાલતું.

DATE

મને યાદ છે, ભુવનભાનુ સૂરીશ્વરજી મહારાજ એમની જેવી અરિહંત ભક્તિ ! એની સાથે સાથે એવી ગુરુભક્તિ.

**અરિહંત ભગવંત પ્રત્યે નું બહુમાન, અને,**

**ગુરુ ભગવંત પ્રત્યે નું બહુમાન!**

અમદાવાદની અંદરમાં પંકજ સોસાયટીમાં, ભુવનભાનુ-સૂરિ મંદિર ! એની પ્રતિષ્ઠા નો મહોત્સવ હતો, અને વાસણા ના એક ગ્રાઉન્ડ માં આખું એક નગર વસાવવામાં આવ્યું હતું, ભુવનભાનુ નગર ! અને મોટો વિશાળ એવો પ્રવચન મંડપ હતો. અને-એક વાર બપોરના સમયે, જુદા-જુદા કાર્યક્રમો-સવારથી સાંજ સુધી ચાલતા, બહેનોનું ૩૫,૦૦૦ સામાયિક નું આયોજન થયેલું હતું, ૩૫,૦૦૦ બહેનો અને ૧૦૮,૦૦૦ સામાયિક, દરેક બહેન ત્રણ ત્રણ સામાયિક કરી, એવી રીતના ઘણા-બધા આયોજનો થયા હતા. પંન્યાસ ચંદ્રશેખર વિજયજી મહારાજ, આખો સમુદાય, પૂજ્ય ગુણરત્ન-સૂરી વગેરે બધા જ હાજર હતા, અને એ વખતે બપોરે ના સમયે, એક પ્રવચન હતું અને એ પ્રવચન માત્ર હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ - સાહેબનું આખો મંડપ HOUSE FULL ! અને એ વખતે, હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે જે પ્રવચન કર્યું છે, એમાં એમણે જે ગુરુ ભગવંતો નું વર્ણન કર્યું 'અમને કેવા ગુરુદેવ મળ્યા છે, પ્રેમસૂરીશ્વરજી - મહારાજ સાહેબ કેવા હતા, અને ભુવનભાનુસૂરી મહારાજ કેવા હતા. મને નથી લાગતું આખા સમુદાય માં - ગુરુ ભગવંતો નું આવુ આબેહુબ વર્ણન, એમના ઉપકારોનું,

એમના જીવનનું, એમના આચારોનું, કોઈ એ કર્યું હોય.
અને પછી એ જે એક SENTENCE બોલ્યા છે
ક્યારેય ન ભુલાય, એવા પ્રકારનું એ વાક્ય કંડારાય
ગયું છે.

## અમે કરોડપતિ બાપના ભિખારી દીકરાઓ છીએ!

જે અમારા ગુરુદેવોનો આચાર વૈભવ હતો, જે એમનો જીવન વૈભવ હતો, જે એમનો ચારિત્ર વૈભવ હતો, એની સામે અત્યારે અમે એ ગુરુદેવો સામે, હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, જયઘોષ-સૂરીશ્વરજી મહારાજ સાહેબ, રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, એ આખી CADER, એમણે તો - પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને ભુવનભાનુસૂરી-શ્વરજી મહારાજ સાહેબ, વગેરે જે આ ગુરુભગવંતો ની આકૃતિ કે અનુભૂતિ ને પુરેપુરી ટકાવી છે, અને છતાય એ વખતે એમનો એકરાર હતો, કે કરોડપતિ બાપના અમે ભિખારી દીકરાઓ છીએ.

એમના જીવનને યાદ કરીએ પ્રેમસૂરી-શ્વરજી મહારાજ, એમના જીવનને યાદ કરીએ ત્યારે-અમને લાગે કે અમે તો જુજ જ દરિદ્ર, ભિખારી, ગરીબ, કાયર છીએ. એટલે વર્ણન કરવાની બાબતથી બહારમાં, એવી જબરદસ્ત પાવર કે કોઈપણ ચીજનું વર્ણન કરે, એનો નાહિરા થીતાર, તમને એમ લાગે કે પ્રેમસૂરી મહારાજ, અને ભુવનભાનુસૂરી મહારાજ અહીંયા આવી ગયા. નજરની સમક્ષ આપણી સામે આવી ગયા. આવું એમનું પ્રભાવક વ્યક્તિત્વ, સાથે રજક વ્યક્તિત્વ. જેમ શ્રુત રક્ષાની વાત કરી એમ હવે તીર્થ રક્ષાની વાત કરીએ,

સમ્મેતશિખરની બાબત હોય, શત્રુંજય ની બાબત હોય, ગિરનારજી ની બાબત હોય, કે કેસરિયાજી ની બાબત હોય, એ બાબતે એટલાં બધા ચિંતિત રહેતા અને એ બાબતે એમનું મનોમંથન સતત ચાલતું.

પાછલી અવસ્થાની અંદરમાં, જ્યારે-જ્યારે પણ એમને મળવા જતા, આમ સુતેલા હોય, લગભગ પ્રેમસૂરીશ્વરજી મહારાજ જેવી જ એમની મુદ્રા, એકદમ બેઠેલા, એકદમ સુતેલા હોય તો કામળી-ઓઢેલી હોય, એમની પાસે જ્યારે જ્યારે જઈએ, ત્યારે, વાત બીજી આડીઅવળી કોઈ ન હોય, સીધી કાં તો તીર્થ રક્ષાની, કાં તો જીવરક્ષાની, અને કાં તો શ્રુત રક્ષાની. એ વાત એમની ચાલે, અને એટલી બધી ચિંતા વ્યક્ત કરે, આની માટે શું કરશું? પાલીતાણા માટે શું કરશું? ગિરનાર-માટે શું કરશું? સમ્મેતશિખર માટે શું કરશું?

મને યાદ છે, મલાડની અંદરમાં-અંજનશલાકા મહોત્સવ હતો, એ નિમિત્તે આખો-સમુદાય ભેગો થયો હતો. થોડા દિવસો અમે-બધા સાથે રહ્યા. જયઘોષ સૂરીશ્વરજી મહારાજ સાહેબ, રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ પણ હતા, જયસુંદરસૂરિ મહારાજ વગેરે, અને એ વખતે, સમ્મેતશિખર તીર્થ નો ISSUE ચાલતો હતો. અને એ વખતે લાલુ પ્રસાદ યાદવ, મુખ્યમંત્રી હતા, અને એમણે ORDINANCE બહાર પાડેલું હતું, એની પ્રમાણે સમ્મેતશિખર તીર્થ ના વહિવટ માટે પંદર-જણા ની કમીટી બનાવવાની હતી, એ પંદર માં પાંચ GOVERNMENT ના માણસો હોય, પાંચ માણસો-દિગમ્બર ના હોય, એમાંય GOVERNMENT ના માણસો

ની અંદરમાં એકાદ - બે દિગમ્બરના હોય શકે, IAS-
પચેલા ઓફિસરો વગેરે, અને પાંચ શ્વેતાંબર ના,
પાંચ શ્વેતાંબર માં એક સ્થાનકવાસી, એક તેરાપંથી,
એટલે જે બધા મુર્તિ પૂજામાં નથી માનનારા એવા-
બધા, એટલે એવી રીતે આ કમિટી બનાવવાની
હતી, અને એમને સંપૂર્ણ વ્યવસ્થા અને વ્યવહાર
સોંપવાની વાત હતી, એ જ અરસા માં યોગાનુયોગ
લાલુ પ્રસાદ યાદવ એમને મુંબઈ આવવાનું થયું,
પોતાના બીજા કોઈ કાર્ય માટે !

એ વખતે AIRPORT ઉપર, આગલા
દિવસે ખબર પડી ને રાતના એક હતા શું કરવું ?
ઈમચંદ્રસૂરી મહારાજ વિગેરે પણ હતા, અને એ
વિચારવાનું ચાલ્યું, અને નક્કી કર્યું, ચાર- પાંચ
યુવાનોને બોલાવ્યા, અને કીધું ગમે તે કરી
AIRPORT ઉપર લાલુ પ્રસાદ નું સ્વાગત કરવા-
પહોંચી જાવ. અને માત્ર બે કલાક ની NOTICE
ની અંદરમાં, દસ હજાર માણસો AIRPORT ઉપર
પહોંચી ગયા હતા. અને લાલુ પ્રસાદ યાદવ એમને
એકદમ સ્તબ્ધ થઈ ગયા, આ શું ! અને પછી
ઓફિસે પહોંચ્યા, જ્યાં એમનો ઉતારો હતો, ત્યાં
એની સામે છાપાં નો ઢગલો થયો, ગુજરાતી ભાષાના,
હિન્દી ભાષાના, મરાઠી ભાષાના, ENGLISH ભાષાના,
કોઈ પણ છાપુ ખોલો ને પહેલા પાને, લગભગ-
QUARTER થી અડધા PAGE ની, મોટા શબ્દો ની
જાહેરાતો હોય, લાલુ પ્રસાદ યાદવ, તમારી તલવાર
ને મ્યાન કરો, તમારી વટ હુકમની તલવાર ને તમે
મ્યાન કરો. એવા પ્રકારના HEADING સાથી,
એવી એકદમ ચોટદાર, અને વાગી જાય, મર્મ વેધક,
એવા પ્રકારની જાહેરાતો !

કોઈપણ છાપુ ખોલો, સીધા પહેલા પાને આવી-
મહેશાની મળી, એમની સામે છાપાનો જડકલો પડ્યો,
લગભગ રૂપ જેટલા છાપા, એમના SECRETARY
વગેરે એ છાપાઓ એમને આપ્યા કે આ બધી
મહેશાની નગારા માટેની છે. પહેલા તો એટલા બધા
ઉકળી ગયા, વિફરી ગયા, પછી છેવટે એમને આ
ORDINENCE પાછો ખેંચવાની ફરજ પડી.

પૂજ્યપાદ હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ, તીર્થ ની વાત આવે, તીર્થ રક્ષાની વાત આવે, એ સુના હોય તો એ એક્કા થઈ જાય. અને બેબ- થઈ એટલો બધો પોતાના અંતરનો આક્રોશ અને બળાપો કાઢે, તીર્થ રક્ષાની વાત હોય, જીવ રક્ષાની વાત હોય કે શ્રુત રક્ષાની વાત હોય.

જીવ રક્ષા માટે પણ એમના અંતરની એક કાયમી ભાવના, એક જ ભાવના વારંવાર- એમના મુખે સાંભળી છે.

આખું વિશ્વ હિંસા મુક્ત બને !

આ ભાવના વારંવાર જે મળે એની પાસે રજુ કરતા! અને કહેતા આવી ભાવના રોજ પરમાત્મા પાસે ભાવજો. રોજ આ ભાવના ભાવો કે આખું વિશ્વ હિંસા મુક્ત બને. વિશ્વમાં ચાલી રહેલી હિંસાથી પોતે એટલા- બધા દુઃખી હતા, એટલા બધા દુઃખી હતા! અને એના કારણે એટલા બધા ચિંતિત હતા, અને- એટલા બધા સાચા હૃદયની પ્રાર્થના પોતે પરમાત્મા પાસે ઠાલવતા, અને આ પ્રાર્થના વારંવાર, જે આવે એની સાથે SHARE કરતા. આખું વિશ્વ હિંસા મુક્ત- -બને!

આવી તીર્થ રક્ષા, શ્રુત રક્ષા, અને જીવ રક્ષા, માટે પોતે ઝઝૂમ્યા. આવા ત્રણ વ્યક્તિત્વ, આરાધક - વ્યક્તિત્વ, પ્રભાવક વ્યક્તિત્વ, અને રક્ષક વ્યક્તિત્વ એક જૈનાચાર્ય તરીકે ની જે જવાબદારી કહેવાય, પોતાના જીવનની અંદર સારામાં સારી રીતે પાર પાડી.

પેલા મહાત્મા એ કહ્યું એક બિટર - પેટ્રોલથી ગાડી ચાલી, મુંબઈથી છેક અમદાવાદ સુધી, એમ આખું જીવન લાકડાની તલવારથી લડયા, એમના જીવનની અંદરમાં સતત એમ લાગે, કે અશાતા - વેદનીય કર્મ અને એની સાથે આયુષ્ય કર્મ, એનો જબરદસ્ત જંગ ચાલે. હા, પણ આયુષ્ય જબરદસ્ત પ્રબળ, એટલે ~~અશાતા~~ અશાતા વેદનીય નો ઉદય સતત ચાલ્યો છેક સુધી. અને ઘણી વાર કદાચ - એમને માટે, સમાધિના, જે સૂત્રો જપવા ની નિર્યામણા કરાવવી પડે, એવા પ્રકારની સ્થિતિ, આ ૯૦ વર્ષના જીવનની અંદરમાં અને સિત્તેર વર્ષના સંયમ પર્યાયની અંદરમાં ઘણી વાર આવી હશે. એવો અશાતા - વેદનીય કર્મનો ઉદય અને એમાં છેલ્લા બે વરસથી - ત્રણ વરસથી PROSTATE નું CANCER થયું, અને એ પછીની જે પીડા, અને તકલીફ એના કારણે આખી રાતો ની રાતો ઉંઘ નથી આવી. ધન્યવાદ આપવા પડે એમના શિષ્યવૃંદ ને, એમના શિષ્યગણને, છેલ્લા - બે વરસથી આખી રાત, એમને નિદ્રા ન આવે - ઉંઘ ન આવે, તો શિષ્યો એ વારફરતી વારા કરેલા, એક - એક કલાક, આખી રાત સંભાળવી. એક એક કલાકના વારા નવ થી દસ, દસ થી અગિયાર, - અગિયાર થી બાર, બારથી એક, એક થી બે, એની અંદરમાં મહાત્મા ઓની પડાપડી થતી. હું જ આવીશ -- હું જ આવીશ -- હું જ આવીશ -- મને જ

DATE

સંભળાવવાનો લાભ આપો, મને જ સંભળાવવાનો લાભ આપો... અને એ રીતે એક દિવસ, બે દિવસ, ચાર દિવસ, અથવા તો છેલ્લી સમાધિની સ્થિતિ - હોય, છેલ્લી સ્થિતિ હોય, ત્યારે અઠવાડિયું - દસ દિવસ સમાધિમાં હોય ત્યારે વાત જુદી છે.

જ્યારથી બિમારી આવી, ત્યારથી - છેલ્લા બે - અઢી વરસથી CONSTANT, એક દિવસનો ખાડો નહિ, અને આખી રાત આ રીતે સંભળાવવાનું, કોઈ પુણ્ય પ્રકાશનું સ્તવન સંભળાવે, કોઈ અમૃત - વેલની સજ્ઝાય સંભળાવે, આવી રીતે કઈને કઈ, સારા - સારા સ્તવનો સંભળાવે, આવી રીતે આખી રાત સંભળાવાનુ ચાલે. અને છેલ્લા પાંચ-સાત દિવસમાં અરિહંત.. અરિહંત.. અરિહંત... નો જે જપ ચાલ્યો છે એ જે માહોલ ઉભો થયો છે, સાધુ અને સાધ્વીજી ભગવંતો અને ચતુર્વિધ સંઘ - આખો હાજર હોય, અને

"સવાર - સાંજ - ચોવીસ કલાક - ROUND THE CLOCK"

સતત, અરિહંત.. અરિહંત.. અરિહંત.. અરિહંત... અરિહંત.. અરિહંત... અને એ રીતે સતત જપ - ચાલે, અને એ પીડાની અંદર પણ એમની પ્રસન્નતા - કેટલી બધી અદ્ભુત, એમની સાવધાની એટલી બધી - અદ્ભુત, અહીયા પૂજ્ય ગચ્છાધિપતિશ્રી નો વારંવાર પુછાવે કે અને સમાધિ નું બળ આપો, અને એ રીતે એમની પાસેથી બળ મેળવે. અને ભુવનભાનુ, એમની - નિર્યામણા માં એટલી બધી જબરદસ્ત MASTERY હતી, કે કેટલાય ને પોતે નિર્યામણા કરાવી, ને અંતિમ - - સમાધિ આપી છે!

આવા મહાત્મા ને અંતિમ સમાધિ દુષ્કર હોય એ વાત
ની અંદરમાં કોઈ માલ નથી. પણ છતાંય પોતાની
સમાધિ ની એટલી બધી ચિંતા, પોતાની અશાતાની
કોઈ ચિંતા ન હતી, અસમાધિ ન થાય એની ચિંતા
એટલી બધી હતી, એને કારણે એ સતત જાગૃત હતા.
સતત પોતે સાવધાન હતા. આ પ્રકારની, આવી પીડાની
સ્થિતિની અંદરમાં પણ એમણે સતત અરિહંત .. અરિહંત
ના જાપની અંદરમાં પોતે સ્થિર થયેલા હતા. વચ્ચે વચ્ચે
જ્યારે પોતાને સારુ લાગે ત્યારે પોતે પણ બોલતા -
હતા, બાકી સતત ને સતત આ અરિહંત ની ધુન -
ચાલતી, એમાં એકાકાર થયેલા હતા, અદ્ભુત સમાધિ
પામી, ને પોતે સદ્ગતિ ના ભાગી બન્યા. એમ કહી -
શકાય કે પુરુ આયુષ્ય ભોગવી ને ગયા છે. ભલે -
અશાતા વેદનીય નો ઉદય જબરદસ્ત હતો, પણ આયુષ્ય
કર્મ એટલું બધું પ્રબળ હતું, અને આખા સમુદાય ને
જે ખોટ પડી છે, એ ખોટ કેવી પડી છે એના કોઈ
આંકડા માંડી શકાય એવા નથી. એમની જે વિચક્ષણતા,
એમની જે કુશાગ્ર બુદ્ધિ હતી, એમની જે દીર્ઘદ્રષ્ટિતા હતી,
એમની જે ગીતાર્થતા હતી, એની સમુદાયને, સંઘને,
શાસનને જબરદસ્ત જરૂર હતી, અને એનાથી શાસનને
ખુબ, ઘણા બધા લાભો થયાં છે. ઘણી કટોકટીની
પરિસ્થિતિ ની અંદરમાં એમનું માર્ગદર્શન ખુબ જ
ઉપયોગી બનતું, વિશિષ્ટ, વિચક્ષણ એવી કુશાગ્ર બુદ્ધિ -
હતી. સમુદાયના ત્રણ આત્મજ્ઞાની મહાત્મા ઓ
છેલ્લા દોઢ વર્ષની અંદર વિદાય થયા. પૂજ્યપાદ
જયઘોષસૂરી મહારાજ, ૨૦૭૫ ની સાલ કારતક વદ એકમનો
દિવસ, ત્યારબાદ થોડા મહિના ગયા પછી દીક્ષાદાનેશ્વરી
આચાર્ય ભગવંત ગુણરત્નસૂરીશ્વરજી મહારાજ,
અને ત્યારબાદ પૂજ્યશ્રી વૈરાગ્ય દેશના દક્ષ હેમચંદ્ર
સૂરીશ્વરજી મહારાજ સાહેબ!

સમુદાયના ત્રણ મોટા સ્તંભ કહેવાય,
ત્રણ મોટા PILLAR કહેવાય, ગચ્છાધિપતિ જયઘોષ-
સૂરીશ્વરજી તો છત્ર હતા, અને બાકી બહુ મોટા-
સ્તંભ કે PILLAR કહી શકાય, જેવા ગુણરત્નસૂરી-
શ્વરજી મહારાજ સાહેબ, અને હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ
સાહેબ. સમુદાય ની ન પુરાય, ક્યારેય ન પુરી શકાય,
એવા પ્રકારની જબરદસ્ત ખોટ પડી છે. સંઘ અને-
શાસનને ઘણું ગુમાવવાનું થયું છે, પણ, ખુબ સમાધિ-
પૂર્વક કાળધર્મ પામ્યા છે, એટલો આપણે સંતોષ
લઈ શકીએ કે ૯૦ વર્ષનું, પુરુ આયુષ્ય ભોગવી ને-
ગયા છે. એવા હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબને
કોટી કોટી વંદન ! એમના જીવનની પ્રભાવ છાયા-
આપણા સૌના જીવન ઉપર પણ પડે, અને કંઈક
એમના જેવી શાસન રાગ, એમના જેવી અરિહંત ભક્તિ,
એમના જેવું સમર્પણ, એમના જેવી શ્રુત રક્ષા અને
શ્રુત ભક્તિ ની ભાવના, આવા ગુણો આપણા જીવન-
ના અંદરમાં પણ ઉતરે, તો હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ
ગયા નથી આજે પણ જીવિત છે, એ જ પરમપિતા-
પરમેશ્વરને પ્રાર્થના !

x x x x

DATE 04 07 2021

# પરમ પૂજ્ય આચાર્ય ધર્મયશસૂરીશ્વરજી મહારાજ

મહાપુરુષો અનેક ઉપકારો કરતા જાય છે, અને પોતાના જીવનમાં અનેક ઉપકારીઓના ઉપકારને યાદ યાદ રાખે છે, હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજ ની એક ખાસ વિશેષતા એ હતી, કે પ્રેમસૂરીશ્વરજી - મહારાજ પ્રત્યે અત્યંત અહોભાવ, અવસરે અવસરે પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ, ભુવનભાનુ સૂરી મહારાજ સાહેબ, એવા બધા જ મહાપુરુષોને અવસરે - અવસરે યાદ કરે.

ઉપધાનની માળ હતી ડોંબિવલીમાં, ઉપધાન એમની નિશ્રામાં થયા, શાસન પ્રભાવના એટલી બધી કરી, ઘણી જગ્યાએમાં ચોમાસામાં ઉપ- ધાન કરાવ્યા, અને એમની એવી ભાવના કે અનેક આત્માઓ ચારિત્રના માર્ગે કેમ વળે. વૈરાગ્ય દેશના- દક્ષ નું બિરુદ હતું એટલે વૈરાગ્યની વાતો, આવે -- આવે -- ને આવે ! અને પંચસૂત્ર ઉપર એમને બહુ શ્રદ્ધા, દાદા ગુરુદેવ પ્રેમસૂરીશ્વરજી મહારાજ દિવસ- માં, ત્રણ વાર પંચસૂત્રનો સ્વાધ્યાય કરતા હતા, અને હેમચંદ્રસૂરી મહારાજ ના દીક્ષા ના ચોમાસામાં તો આખો દિવસ પંચસૂત્ર પરના પ્રવચનો ચાલે, સાહેબે પંચસૂત્ર નુ બુક પણ છપાવી છે, મુળ સુત્ર અને - અર્થ વાળી. જૈનો ના ઘર-ઘરમાં આજે સંકલેશ હોય છે, ચિત્ત નો સંકલેશ, અને સંકલેશ એ - દુર્ગતિ નું કારણ છે, એમની એવી ભાવના કે ઘરના બધા પંચસૂત્રનો સ્વાધ્યાય કરે. પંચસુત્ર પરીશિલન. અને સાહેબે ઉપધાનની માળ વખતે કહ્યું હતું, કે ભુવનભાનુ સૂરી મહારાજ નો પરિચય રાજેન્દ્ર સૂરી મહારાજે કરાવ્યો, સુરતમાં ભેગા થયા ને પરિચય કરાવ્યો.

અવસરે.. અવસરે અહિંયા પણ થયું, ઘણી વાર એમની નિશ્રામાં અંજનશલાકા નો પ્રસંગ હોય કે દીક્ષા નો - પ્રસંગ હોય, મુલુંડમાં અંજનશલાકા હતી, પણ - વડિલો ને આગળ કર્યા પહેલા સાહેબ ની વિનંતી કરી આવો, સાહેબ આપે નિશ્રા આપવાની છે. વિક્રોલીમાં પ્રતિષ્ઠા ની પ્રસંગ હતો, હેમચંદ્રસૂરી મહારાજ ની - નિશ્રામાં હતો, ત્યારે કહ્યું રાજેન્દ્રસૂરી મહારાજ વડિલ છે એમને વિનંતી કરી આવો. મુલુંડમાં સાત - દીક્ષા નો પ્રસંગ હતો, જારમાં ચાર દીક્ષાનો પ્રસંગ હતો, દરેક પ્રસંગો વડિલો ને આગળ કરે વડિલો પ્રત્યે બહુભાવ, આદર ભાવ એટલો બધો હતો, કે ભલે પોતાની નિશ્રામાં મોટો પ્રસંગ થવાનો - હોય, વડિલો ને હંમેશા આગળ કરે. આ એમનું આદર અને બહુમાનભાવ વડિલો પ્રત્યેનું !

ભગવાન પાસે રોજ સમાધિ માંગો, આ રીતે એમણે ભવભવ સમાધિ ની ભાવના કરી હતી, તો છેક સુધી અરિહંત.. અરિહંત.. અરિહંત..! જેમ અરિહંત ના ધ્યાને અરિહંત બની, કરી એમ - છેક સુધી એમને આવી સરસ સમાધિ મળી ! ખાસ એમની શ્રુમિ મિમિન્ત બધાએ રોજ ખાસ - આ પંચસુત્રનો રોજે સ્વાધ્યાય થાય, એથી બધા ભાવના રાખજો !

x x x x x

DATE 04 07 2021

પ્રશાંતમૂર્તિ, સરળ સ્વભાવી, ગચ્છાધિપતિ શ્રી
રાજેન્દ્રસૂરીશ્વરજી મહારાજ !

જેમના સંસારી માતુશ્રી મુળીબેન, આખો ધર્મી પરિવાર ખંભાતનો, ખંભાતમાં જેટલાં બધા જિનાલયો છે, અને તેઓ કુદરતી રીતે ખંભાતની અંદર જન્મ પામીને મુંબઈ આવેલા. મુંબઈ આવ્યા પછી ત્યાં ઝવેરાતનો વેપાર કર્યો. ત્યારે સુરતની અંદર જે હમર સાલમાં દીક્ષાઓ હતી, ત્યારે અમારો પરિચય થયો અને મેં તેમને કીધું કે તમે દીક્ષા જોવા માટે ચાલો. એટલે મારી સાથે સુરતમાં દીક્ષા જોવા માટે આવ્યા. ત્યાં દીક્ષાનો પ્રસંગ જોયો, પ્રેમસૂરીશ્વરજી અને ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજના દર્શન થયા, આવો દીક્ષાનો સરસ પ્રસંગ, એક બીજ પડી ગયું. ધર્મના કોઈ સારા કાર્યોમાં જઈએ તો, એટલે આપણે કહીએ ચારિત્ર, નિષ્પાપ જીવન, દુઃખથી મુક્ત થવાનો ભગવાને બતાવેલો માર્ગ, એ પછી મુંબઈ આવ્યા, મારી દીક્ષા થઈ, એ પ્રસંગે, પ્રેમસૂરીશ્વરજી અને ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબ એ બધાનો એમનો સારામાં સારો પરિચય થયો.

આ પરિચય પછી, પોતે તો સંસારમાં હતા ને સગાઈ થઈ ગયેલી. આજે તો એવો જમાનો છે કે સગાઈ થયા પછી તો ચારિત્ર લેવાનું કદાચ મન પણ હોય તો મન તોડી નાખે છે. આ સંસાર વિચિત્ર છે. સુખ અને દુઃખ આ બંને સંસારની અંદર ચાલ્યા જ કરે છે. બધાને દુઃખ વેઠવું નથી, પણ દુઃખ આપનાર વ્યક્તિનો યોગ કરવો છે.

DATE

એવી વ્યક્તિઓનો સંગનો દુઃખ આપે છે ને પાપ-
બંધાવે છે. ઢગલાબંધ પાપ બાંધીને કેટલા બધા
દુઃખો વેઠવા પડે છે. હવે દેવલોકનું આટલું બધું
જોઈને આવ્યા છતાં.. જીવને ધરપત થઈ નથી!
અહિંયા પણ આ બધું જોઈને મનના પરિણામોને
આપણે દુષિત કરીએ છીએ, આપણા હાથે આપણે
દુર્ગતિમાં જવાના ધંધા કરીએ છીએ. જેને આપણા
કાને જ્યારે દુર્ગતિનું વર્ણન સાંભળીએ છીએ ને
ભવોભવના પાપોને કારણે, આ જીવ નિર્યંચગતિ
માં ગયો, નરકમાં ગયો, હે ભગવાન હવે મારે દુઃખ
જોઈતું નથી, મારે દુઃખ આપનાર પાપ જોઈતું નથી,

મારે પાપ વાળો સંસાર મારે રાખવો નથી!

રાખવો પડ્યો છે પણ અંદરથી સમ્યગ્દર્શન થાય ને
એટલે સંસારમાં કદાચ રહેવું પણ પડે, પણ બધી જ
ઈચ્છાઓ ઓછી થઈ જાય.

ચક્રવર્તી જેવાને પણ, જ્યારે આ
પરમાત્માની વાણી સાંભળીને, કેટલી ઠકુરાઈ છે!
છ ખંડની ઠકુરાઈ છે. ઋદ્ધિ-સિદ્ધિઓ અપરંપાર
મળી છે, પણ ભગવાન એ બધી નાશવંતી છે,
દુર્ગતિમાં લઈ જનારી છે, મારા આત્માને હવે દુર્ગતિ
માં જવું નથી, સદ્ગતિનો અધિકારી, પરમગતિનો-
અધિકારી, આવા ચક્રવર્તીઓ પણ પ્રભુના શાસનની
અંદર, ચારિત્ર ધર્મનો સ્વીકાર કરે છે.

આ હીરાલાલ ભાઈ, સગપણ થયું છે,
મોહના સંબંધ થયા પછી, આ છે ને મોહનો સંબંધ-
તોડવો બહુ મુશ્કેલ બની જાય છે. પણ વૈરાગ્ય ઉત્પન્ન

થયા પછી, સામા પક્ષની સાથે વાતચીત કરી, આપણે લગ્ન તો કરવાના હતા, પણ મને વૈરાગ્ય થયો છે ને દીક્ષા લેવાની ભાવના થઈ છે.

પરિવાર પણ બહુ ધર્મિષ્ઠ હતો, મુળીબેન જેટલે તો એમના ગુણોનું વર્ણન ન થઈ શકે એવી ધર્માત્મા માતા મળી હતી. માતા કેટલી ગુણવાન હોય, કેટલી શીલવાન હોય, એનાથી સંતાન-માં ઉત્તમ પ્રકારની ભાવના ઉત્પન્ન થાય. અને હીરાલાલ ભાઈની ભાવના ફળીભૂત થઈ ગઈ, સામે પક્ષે સમાધાન કર્યું, પોતે સંસારમાંથી નીકળ્યા, અને એમને પણ લાગ્યું કે મારે પણ હવે સંસાર-રાખવો નથી, મારે પણ છોડવો છે. અહીંયા પણ-દીક્ષા થઈ ત્યાં પણ દીક્ષા થઈ.

એમના બેન મહારાજ, એમના લગ્ન થઈ ગયા હતા, એમની બિલકુલ ઈચ્છા ન હતી, લગ્ન કર્યા પછી પણ મારે આ સંસાર રાખવો નથી, સાસરે ગયા પછી ત્યાં પણ જેટલો સુંદર માં સુંદર-બ્રહ્મચર્યનું પાલન કર્યું, આયંબિલનો તપ કર્યો, અને પછી એ પરિવારે એમને ખુશી થી રજા આપી દીધી, ખુશી થી તમે સારી રીતે સંયમની આરાધના કરો. આવી રીતે પોતાના પરિવારના ઘણા આત્માઓને તેમણે સંસાર છોડાવ્યો.

આજે મેં સંસાર છોડ્યો હોય પછી બીજાને છોડાવવો હોય ને, સંસાર મેળવવો અઘરો છે, અને છોડવો હોય તો એનાથી અઘરો છે. વધે કેમ બધા ફસાયા છો સંસારમાં. સાહેબ, સંસાર છોડવા જેવો છે એ તો હું માનું છું, છોડી દેવાનો છે, પણ


classmate

અમારા માં એટલી બહાદુરી નથી. તો બહાદુરીનું કોઈ TONIC મળે છે ? આ TONIC એટલે જ જિનવાણી ! જિનવાણી નું શ્રવણ કરો, જિનવચનો સાંભળો, એની અનુપ્રેક્ષા કરો, એનાથી આત્માની એવી ભાવ થઈ જશે, ખરેખર હું આ મોહ દશાથી ભુલો પડ્યો છું !

જ્યારે સુરેન્દ્રનગરની અંદર હેમચંદ્રસૂરી મહારાજની તબિયત એકદમ નરમ થઈ ગઈ હતી, ત્યારે તેઓ કોઈ વાપરી શકતા ન હતા, ફક્ત એક ગ્લાસ દુધ અને દવા ઉપર રહેવાનું હતું. શરીરનું પુણ્ય નહિં એમનું પણ બીજુ એટલે બધું પુણ્ય લઈને આવ્યા હતા, પ્રેમસૂરીશ્વરજી મહારાજે, ત્યારે ચંદ્રશેખર મહારાજને ત્યાં મોકલ્યા હતા. કે તારું માનશે ને સાથે પણ થઈ જશે. એમનું આરોગ્ય કઈ રીતે સારૂ થાય આજ પ્રેમસૂરી મહારાજની ઈચ્છા હતી.

એમના બહેન મહારાજ વસંતપ્રભાશ્રીજી એ વઢવાણ માં ચોમાસુ હતા, હેમચંદ્રસૂરી મહારાજે તો કમ્મપયડી કરેલી હતી. એમના બહેન મહારાજને કમ્મપયડી ભણવાની ખુબ ઈચ્છા હતી. તો આપણી પાસે જ કમ્મપયડી ની નોટો પડેલી છે, એ પ્રેમસૂરીશ્વરજી મહારાજ પાસે મંગાવી, સાહેબે, હેમચંદ્રસૂરી મહારાજ ને કહ્યું કે મેં, હું તને નોટ મોકલતો નથી, કારણકે ભણાવવાના કારણે પરિચય થશે, એ પ્રશ્ન પુછવા આવશે, માટે સાધ્વીજીને ભણાવવું એ આપણા માટે સારું નથી, સાધ્વીજીનો પરિચય કરવો એ આપણા માટે સારું નથી.

CHARACTER એ મહાન ચીજ છે !

DATE

ચારિત્ર એ મહાન ચીજ છે. આજે ધીરે-ધીરે બધું ઘસાતુ આવ્યું છે. પ્રેમસૂરીશ્વરજી મહારાજ ને બધાની કેટલી બધી કાળજી હતી. એટલે પ્રેમસૂરી-મહારાજે કહ્યું કે હું તમને માટે મોકલતો નથી, એ સાધ્વીજી ભગવંત ને પોતે ભણવા માટે એમને મોકલાવી આપીશ. આવી ગુરુની સરસ કાળજી.

સંયમ અને ચારિત્ર જીવન એ સારા-માં સારુ બને એ માટે સાધુએ પણ ખુબ ઉપયોગ રાખવાની જરૂર છે. બહુ બહેનો નો પરિચય નહિ. આવી ને બેસે, પછી પ્રશ્ન પુછે. અને પ્રેમસૂરી-મહારાજ એ હાજર હોય તે તો ખખડાવી નાખે.

પ્રેમસૂરીમહારાજ પાલીતાણા ચાતુર્માસ હતા, અને કોઈ મહાત્માના સંસારી બેન, એ મહાત્મા નો સાહેબ સાથે આવે તે, એકે દિવસ પોતાના-સંસારી બહેન સાથે વાત કરવા ઉભા રહીગયા. પાંચ-દસ મિનિટ પછી મહાત્મા આવ્યા, કેમ આટલી બધી વાર લાગી, સાહેબ મારા સંસારી બહેન મળ્યા હતા. તું માણે છે કે સંસારી બહેન, લોકો શું માણે છે એ તો સમજે કે આ તો કોઈ બહેન સાથે વાત કરે છે. લોકોની નજરમાં શું પડે છે આટલી બધી કાળજી. મારા ગુરુ મહારાજની મારા ચારિત્ર માટે, મારી અંદરની શુદ્ધિ માટે, મારા CHARACTER ને POWERFUL બનાવવા માટે, આટલી બધી કાળજી કરે, ગુરુ મહારાજ ને ધન્ય છે.

ઘણી વાતો આજે આ સભા માં કહેવામાં આવી છે, ઘણી મળી છે. એટલી બધી સુંદર વાતો, મને પણ ઘણી ઘણી વાતો, કે તો

હેમચંદ્રસૂરી મહારાજ સાથે રહેતો, છતા આજે ઘણી વાતો મુક્તિવલ્લભસૂરી જી કરી, મને આશ્ચર્ય થાય કે ઘણી વાતો તો મને પણ ખબર ન હતી. ઘણી વાર ભુલી જવાય છે. યાદ આવે તો ઠીક છે.

આવી રીતે સુંદરમાં સુંદર આ ગુણાનુવાદનો પ્રસંગ થયો છે. આ પ્રસંગની અંદર આપણે સૌ એ એમના ગુણોની અનુમોદના કરી. કોઈ પણ ગુણ આપણા જીવનમાં વણાય એ જ અભ્યર્થના સાથે.